RNI:- GUJGUJ/2016/67425

# પાક્કો ગુજરાત

ગુજરાતનુ વિશ્વનીય દૈનિક

Date:- 25-07-2026 I VOL : 12 I Issue : 130 I Page : 8 I Price : 1.00/-

**સુવિચાર**

સકારાત્મક વિચાર સફળતાની ચાવી છે. બીજાની રાહ ન જુઓ, પોતાની શરૂઆત કરો.


Owner, Publisher, Printer & Editor : PAWAN MAKAN Contact :- MO : 9662420070 E-Mail : pakkogujarat7@gmail.com | ઓફિસ: C-8 રીચી હાઉસ, સ્વામિનારાયણ મંદિરની સામે, મણિનગર, અમદાવાદ, ગુજરાત-380008

3 
પૂરના આકાશી આફત વચ્ચે અસરગ્રસ્તોના વારે ગૃહરાજ્ય મંત્રી: ચિખલીના હરંગામ..

4 

NEETનું બહાનું... કે ધર્મેન્દ્ર પ્રધાનને ટાર્ગેટ કરવાની પહેલેથી જ...

6 
પેપર લીક બાબતે મોદી 47 દિવસ મૌન રહેતા દિયા મિર્ઝાએ આકરા સવાલો..

7 
પેપર લીક પર નારાજગી વ્યાજબી: સચિન ગિલે વિરોધ પ્રદર્શનને...

## એક નજર...

### આમના શરીફે કેમેરા સામે આપ્યા હૉટ પોઝ



અભિનેત્રી આમના શરીફ તેના સ્ટાઈલિશ અંદાજને કારણે ચર્ચામાં છે. નાના પડદા પર 'કશિશ' નું પાત્ર ભજવનાર અભિનેત્રીના લાખો લોકો દિવાના છે. આમના શરીફ સોશિયલ મીડિયા પર તેના અલગ-અલગ ફોટા શેર કરે છે. તેના દ્વારા તે ફેન્સને તમામ અપડેટ્સ આપતી રહે છે. આમનાને ફરવાનો ખૂબ શોખ છે, તે તેના ઈન્સ્ટાગ્રામ પરથી જોઈ શકાય છે.

NEET પેપર લીક વિવાદ

# ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું નહીં આપે, સરકારનો સ્પષ્ટ સંદેશ

### NTAના 47 અધિકારીઓ બરતરફ, CJPના વિરોધ વચ્ચે શિક્ષણ મંત્રાલયની મોટી કાર્યવાહી

નવી દિલ્હી



NEET પેપર લીક વિવાદને લઈને CJP અને વિરોધ પક્ષ દ્વારા કેન્દ્રીય શિક્ષણપ્રધાન ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ ઉગ્ર બનતી જઈ રહી છે. જોકે, સરકારના સૂત્રોએ સ્પષ્ટ કર્યું છે કે ધર્મેન્દ્ર પ્રધાન રાજીનામું આપશે નહીં અને સરકાર આને સમસ્યાનો ઉકેલ માનતી નથી. સરકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, સરકારનું માનવું છે કે રાજીનામું આપવું સૌથી સરળ રસ્તો હોઈ શકે, પરંતુ તેનાથી પરીક્ષા વ્યવસ્થાની ખામીઓ દૂર થતી નથી. જનતાએ સરકારને જવાબદારી સોંપી છે અને સરકાર હવે પરીક્ષા પ્રણાલીને વધુ પારદર્શક અને વિશ્વસનીય બનાવવા માટે જરૂરી સુધારા કરશે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સમગ્ર સરકાર અને શાસક પક્ષ ધર્મેન્દ્ર પ્રધાનની સાથે છે. સરકારે National Testing Agency(NTA) માં રહેલી ખામીઓની ઓળખ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. આ ખામીઓની વિગતવાર યાદી તૈયાર કરીને તેને ઝડપથી દૂર કરવા માટે જરૂરી પગલાં લેવામાં આવશે. સાથે જ પેપર લીક કૌભાંડમાં સામેલ અનેક ગેંગનો પર્દાફાશ કરવામાં આવ્યો હોવાનું અને તપાસ એજન્સીઓ આગામી દિવસોમાં વધુ કડક કાર્યવાહી કરશે તેમ પણ જણાવાયું છે. આ દરમિયાન શુક્રવારે વિઠ્ઠલભાઈ પટેલ હાઉસ ખાતે કેન્દ્રીય પ્રધાન જેપી નડ્ડા અને જિતેન્દ્ર સિંહ સાથે CJPના પ્રતિનિધિઓની બેઠક યોજાઈ હતી. બેઠકમાં CJPએ ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું પોતાની નોન-નેગોશિએબલ માગ ગણાવતાં કહ્યું કે આ મુદ્દે કોઈ સમાધાન નહીં થાય.

## NEET-UG પેપર લીકના 'મુખ્ય સૂત્રધાર'ને CBIની ક્લીન ચિટ!

### સંજીવ મુખીયાને રાહત મળતા જ દેશના લાખો વિદ્યાર્થીઓ અને વાલીઓ આઘાતમાં, તપાસ એજન્સીઓની કામગીરી સામે ફરી મોટા સવાલો!

નવી દિલ્હી

દેશની સૌથી મોટી અને પ્રતિષ્ઠિત ગણાતી NEET-UG 2024 પરીક્ષામાં થયેલી ગેરરીતિ અને પેપર લીકની ઘટનાએ આખા દેશને હચમચાવી મૂક્યો હતો.



દેશભરના લાખો તેજસ્વી વિદ્યાર્થીઓ રાત-દિવસ એક કરીને મહેનત કરી રહ્યા હતા, ત્યારે પેપર લીકના સમાચારથી તેમના સ્વપ્નો પર પાણી ફરી વળ્યું હતું. આ કેસની તપાસ દેશની સૌથી મોટી તપાસ એજન્સી CBIને સોંપવામાં આવી હતી. પરંતુ હવે આ મામલે એક એવો ચોંકાવનારો વળાંક આવ્યો છે, જેણે દેશના શિક્ષણ જગતમાં અને ન્યાયપ્રિય નાગરિકોમાં મોટો સન્નાટો વ્યાપી દીધો છે. જે સંજીવ મુખીયાને આ આખા પેપર લીક કાંડનો 'મુખ્ય સૂત્રધાર' અને કિંગપિન ગણાવવામાં આવતો હતો, તેને CBI દ્વારા ક્લીન ચિટ આપી દેવામાં આવી છે. આ સમાચાર બહાર આવતા જ દેશભરમાં ફરી એકવાર આક્રોશનો જ્વાળામુખી ફાટી નીકળ્યો છે.

# ધર્મેન્દ્ર પ્રધાન ક્રિમિનલ શિક્ષા મંત્રી, રાજીનામું આપે: રાહુલ

### તેમના કારણે હજારો લોકો રસ્તા પર; એર ગનથી ઘાયલ વિદ્યાર્થિનું ટી-શર્ટ ઊંચું કરીને ઈજાના નિશાન બતાવ્યા

નવી દિલ્હી

રાહુલ ગાંધીએ શુક્રવારે એર ગનથી ઘાયલ થયેલા વિદ્યાર્થીઓ સાથે મુલાકાત કરી. તેઓ એક



ઘાયલ વિદ્યાર્થીને સાથે લઈને મીડિયા સામે આવ્યા. તેમણે વિદ્યાર્થીના હાથમાં થયેલા ઘા બતાવ્યા. રાહુલ ગાંધીએ કહ્યું- એક વિદ્યાર્થીએ આંખ પણ ગુમાવી છે. ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપવું જોઈએ. રાહુલ ગાંધીએ આગળ કહ્યું- ધર્મેન્દ્ર પ્રધાન એક ગુનેગાર શિક્ષણ મંત્રી છે. તેમને હટાવવા જોઈએ. તેઓ આપણા શિક્ષણ તંત્રના પતનનું પ્રતીક છે. તેમને જવું જ પડશે. તેમના કારણે હજારો લોકો બહાર છે. તેમણે પદ છોડવું જ પડશે. બીજી તરફ લોકસભામાં NEET પેપર લીક મામલે કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ કહ્યું- અમે સદનમાં ચર્ચા કરવા તૈયાર છીએ. વિપક્ષને અપીલ છે કે સદનને ચાલવા દે, રાહુલ ગાંધી પોતાના સાંસદોને સમજાવે.

## વિદ્યાર્થીઓને દેશના દુશ્મન માનવાનું બંધ કરે સરકાર

દેશભરમાં NEET પરીક્ષા વિવાદ અને શિક્ષણ વ્યવસ્થાને લઈને ચાલી રહેલા વિદ્યાર્થી આંદોલન વચ્ચે કોંગ્રેસ સંસદીય દળના અધ્યક્ષ સોનિયા ગાંધી અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર તીખા પ્રહારો કર્યા છે. સોનિયા ગાંધીએ આક્ષેપ કર્યો છે કે, શાંતિપૂર્ણ પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે સરકારે એવું વર્તન કર્યું જાણે તેઓ દેશનું ભવિષ્ય નહીં પણ દુશ્મન હોય. વિદ્યાર્થીઓ પર પોલીસ કાર્યવાહી અને માગણીઓ સોનિયા ગાંધીએ 20 જુલાઈના રોજ દિલ્હીમાં થયેલા વિદ્યાર્થી માર્ચનો ઉલ્લેખ કરતાં જણાવ્યું હતું કે, પોલીસે પ્રદર્શનકારીઓ પર લાઠીચાર્જ અને ટીયર ગેસનો ઉપયોગ કર્યો હતો. તેમણે સરકારને અપીલ કરી હતી કે 'આ દેશના બાળકો છે, અપરાધી નથી'.



## NEWS TRACK

### લંડનની હોટેલમાં સાઉદી પ્રિન્સનું શંકાસ્પદ મોત: ડ્રગ્સ અને દારૂના ઓવરડોઝથી હૃદય બંધ પડી ગયું

લંડનની એક આલીશાન હોટેલમાં સાઉદી અરેબિયાના શાહી પરિવારના 31 વર્ષીય પ્રિન્સ અબ્દુલ્લા બિન ફહદ બિન અબ્દુલ્લા બિન અબ્દુલ અઝીઝ બિન જલાવી અલ સાઉદના રહસ્યમય મોત મામલે લંડનની કોર્ટે મોટો ખુલાસો કર્યો છે. બ્રિટિશ કોર્ટ દ્વારા હાથ ધરવામાં આવેલી સત્તાવાર તપાસના અંતે ન્યાયાધીશે ચુકાદો આપ્યો છે કે, સાઉદી પ્રિન્સનું મોત કોઈ ગુનાહિત કાવતરું કે હત્યા નથી, પરંતુ ડ્રગ્સ અને આલ્કોહોલના જીવલેણ મિશ્રણના સેવનને કારણે સર્જાયેલી 'દુર્ઘટના'નું પરિણામ હતું. લક્ઝુરિયસ હોટેલના રૂમમાં બેભાન અવસ્થામાં મળી આવ્યા હતા પ્રિન્સ આ હાઈ-પ્રોફાઈલ ઘટના 25 નવેમ્બરે લંડનની પ્રતિષ્ઠિત લાન્સબરો હોટેલમાં બની હતી. સાઉદી પ્રિન્સ અબ્દુલ્લા આ હોટેલના 600 પાઉન્ડના એક મોંઘા સ્યુટમાં રોકાયા હતા. તેમના અંગત સ્ટાફે જ્યારે તેમને રૂમમાં કોઈ હિલચાલ વગર બેભાન અવસ્થામાં જોયા, ત્યારે તાત્કાલિક મેડિકલ ઈમરજન્સી ટીમને બોલાવવામાં આવી હતી. પેરામેડિક્સ અને ડોક્ટરોની ટીમે તેમને બચાવવાના તમામ પ્રયાસો કર્યા હતા, પરંતુ સ્થળ પર જ તેમને મૃત જાહેર કરવામાં આવ્યા હતા.

### ઈરાન પર ઈતિહાસમાં ક્યારેય ના થયો હોય એવો હુમલો કરીશું... અમેરિકન પ્રમુખ ટ્રમ્પની ધમકી

પશ્ચિમ એશિયામાં શાંતિ સ્થપાવાના બદલે સ્થિતિ દિવસેને દિવસે વધુ વણસી રહી છે. અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈરાનને અત્યાર સુધીના સૌથી ખતરનાક અને મોટા હુમલાની ખુલ્લી ધમકી આપી છે. તેમણે સ્પષ્ટ કર્યું છે કે જો ઈરાન ગંભીરતાથી વાટાઘાટો નહીં કરે, તો અમેરિકા પોતાની પૂરી તાકાત સાથે હુમલો કરી શકે છે. જૂનમાં થયેલો સીઝફાયર ભંગ થયા બાદ અને સ્ટ્રેટ ઑફ હોર્મુઝ પર તણાવ ચરમસીમાએ પહોંચતા આ ધમકી આવી છે. વિશ્વના સૌથી મહત્ત્વપૂર્ણ ઓઈલ માર્ગ પર ઈરાનના વલણને કારણે સમગ્ર વૈશ્વિક અર્થતંત્રમાં ખળભળાટ મચી ગયો છે.ઓપરેશન એપિક ફ્યુરી અને વધતો તણાવ ફેબ્રુઆરી 2026માં અમેરિકા અને ઈઝરાયલે ઈરાન પર 'ઓપરેશન એપિક ફ્યુરી' હેઠળ મોટા પાયે હુમલા શરૂ કર્યા હતા. આ હુમલાઓમાં ઈરાનના સુપ્રીમ લીડર આયતુલ્લા અલી ખામેનેઈ સહિત અનેક ટોચના નેતાઓ માર્યા ગયા હતા. જવાબમાં ઈરાને પણ ઈઝરાયલ અને અમેરિકન લશ્કરી ઠેકાણાઓ પર મિસાઈલ અને ડ્રોન હુમલા કર્યા હતા, જેમાં લેબેનોનથી હિઝબુલ્લાહ પણ જોડાયું હતું.

# મહેસાણામાં કાયદો-વ્યવસ્થાના લીરેલીરા: દારૂ અને જુગારધામના નેટવર્ક અંગે પાક્કો ગુજરાત ન્યૂઝનો સણસણતો પર્દાફાશ

## પોલીસ તંત્રના ચોક્કસ સભ્યો, કથિત વહીવટદારો અને સ્થાનિક બુટલેગરોની સાંઠગાંઠને કારણે આ ગેરકાયદેસર કાળો કારોબાર બેરોકટોક ચાલી રહ્યો હોવાનો વિસ્ફોટક પર્દાફાશ થયો

મહેસાણા

ગાંધીના ગુજરાતમાં દારૂબંધીના દાવાઓ વચ્ચે મહેસાણા જિલ્લો અસામાજિક તત્વો માટે અડ્ડો બની ગયો હોવાના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ'ના તથ્યપૂર્ણ અહેવાલ મુજબ, જિલ્લાના ખૂણે-ખૂણે દેશી-વિદેશી દારૂના અડ્ડા અને જુગારધામો ધમધમી રહ્યા છે. પોલીસ તંત્રના ચોક્કસ સભ્યો, કથિત વહીવટદારો અને સ્થાનિક બુટલેગરોની સાંઠગાંઠને કારણે આ ગેરકાયદેસર કાળો કારોબાર બેરોકટોક ચાલી રહ્યો હોવાનો વિસ્ફોટક પર્દાફાશ થયો છે.

### ખાખી અને અસામાજિક તત્વોનું કથિત નેટવર્ક

સૂત્રો પાસેથી મળેલી સ્ફોટક માહિતી મુજબ, સમગ્ર મહેસાણા જિલ્લામાં દારૂ અને જુગારના આ ગેરકાયદેસર નેટવર્કનું સંચાલન સ્થાનિક વહીવટદારો અને બુટલેગરો દ્વારા કરવામાં આવી રહ્યું છે:

કથિત સંડોવણી: એલસીબી (LCB) શાખાના અધિકારીઓ, કથિત વહીવટદાર તરુણ ડાભી, જિલ્લા બહારના એક પીસીઆઈ અને મુખ્ય બુટલેગર ઈમરાન દ્વારા આખા જિલ્લાના કથિત આર્થિક વહીવટનું સંચાલન કરવામાં આવતું હોવાના ગંભીર આક્ષેપો મૂકવામાં આવ્યા છે.

હફ્તાખોરીનો આરોપ: જિલ્લાના વિવિધ વિસ્તારોમાંથી દરરોજ લાખો રૂપિયાનો હફ્તો ઉઘરાવવામાં આવી રહ્યો હોવાની ચર્ચાઓએ જોર પકડ્યું છે.

બાતમી લીક કરવાનો આક્ષેપ: સ્ટેટ મોનિટરિંગ સેલ (SMC)માં ફરજ બજાવતો જિલ્લાનો જ એક પોલીસ કોન્સ્ટેબલ, ક્યારે અને ક્યાં રેડ પડવાની છે તેની પૂર્વ માહિતી તરુણ ડાભી સુધી પહોંચાડી દે છે, જેના કારણે રેડ સમયે અડ્ડાઓ અગાઉથી જ બંધ કરાવી દેવામાં આવે છે.

### વિસ્તારવાર ગેરકાયદેસર પ્રવૃત્તિઓનો ચિતાર

જિલ્લાના અનેક પોલીસ મથકો હેઠળ આવતા વિસ્તારોમાં ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ખુલ્લેઆમ ચાલી રહી હોવાની ફરિયાદો છે

બાવલુ પોલીસ સ્ટેશન: લોર ગામના ઠાકોરવાસ નજીક આવેલ ખેતરોમાં મોટું જુગારધામ ચાલતું હોવાના ચોંકાવનારા અહેવાલો છે.

નંદાસણ, કડી, સાંથલ અને લંગણેજ: આ પોલીસ મથકોના વિસ્તારમાં વિદેશી દારૂના અડ્ડાઓ તેમજ દેશી દારૂની ભઠ્ઠીઓ બેધડક ચાલી રહી છે. ચાર-ચાર પોલીસ સ્ટેશનનો વહીવટ: વહીવટદાર તરુણ ડાભી દ્વારા ચાર જેટલા પોલીસ સ્ટેશનો અને એલસીબી શાખાનો વહીવટ ચલાવવામાં આવતો હોવાનો આક્ષેપ છે.

### ભૂતકાળના વિવાદો અને રાજકીય સંરક્ષણનો આક્ષેપ

અગાઉ જ્યારે અચલ ત્યાગી મહેસાણાના એસપી તરીકે ફરજ બજાવતા હતા, ત્યારે પણ વિવાદો સામે આવ્યા હતા. 'જ્યારે તરુણ ડાભી બાવલુ પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હતા, ત્યારે ચાલુ નોકરી દરમિયાન રાજસ્થાનના સાંચોરના વિદેશી દારૂના વેપારી આશુ અગ્રવાલ સાથે મળીને દારૂની હેરાફેરી કરવાના આક્ષેપો થયા હતા. તે સમયે તત્કાલીન એસપીએ તાત્કાલિક ધોરણે કથિત વહીવટદારને સંત્રી ડ્યુટી પર મૂકી દીધા હતા. ત્યારબાદ વિદેશી દારૂનું કન્ટેનર પકડાયાના કેસમાં ઈમરાન અને તરુણ ડાભીનું નામ બહાર આવ્યું હતું, પરંતુ કથિત રાજકીય ગોડફાધરોના દબાણને કારણે તેમનું નામ કઢાવી લેવાયું હોવાના ગંભીર આરોપો લાગ્યા હતા.'

### લઠાકાંડની ભીતિ અને ઉચ્ચ સ્તરીય તપાસની માંગ

મહેસાણા જિલ્લામાં કેમિકલયુક્ત દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. જો ભવિષ્યમાં જિલ્લામાં કોઈ મોટો લઠાકાંડ સર્જાય તો તેની સીધી જવાબદારી કોની રહેશે? શું એસપી હિમાંશુ સોલંકી, એલસીબીના અધિકારીઓ કે પછી આ કથિત વહીવટદારો જવાબદારી સ્વીકારશે?

### આ ગંભીર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને 'પાક્કો ગુજરાત ન્યૂઝ' દ્વારા નીચે મુજબની કડક માંગણીઓ કરવામાં આવે છે:

1. એસીબી (ACB) તપાસ: આ સમગ્ર પ્રકરણમાં સામેલ અધિકારીઓ, કર્મચારીઓ અને વહીવટદારોની મિલકતો અને આર્થિક વ્યવહારોની એન્ટી કરપ્શન બ્યુરો દ્વારા ઊંડાણપૂર્વક તપાસ થવી જોઈએ.
2. ગૃહ વિભાગની સીધી દખલ: રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવી દ્વારા આ સમગ્ર મામલાની તટસ્થ અને ત્વરિત તપાસ કરાવવામાં આવે.
3. કડક શિક્ષાત્મક પગલાં: કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ કથળતી અટકાવવા અને ભવિષ્યની ચૂંટણીઓ પહેલાં પ્રજામાં વિશ્વાસ પુનઃસ્થાપિત કરવા માટે દોષિત પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓ સામે તાત્કાલિક દાખલારૂપ પગલાં ભરવામાં આવે.




ફ્રી ઈ-કોપી માટે ફક્ત Hi લખો 9662420070

# ગાંધીનગર સેક્ટર-14માં પ્રથમ વરસાદે જ સ્માર્ટ ગટરો ઉભરાઈ : પ્રી-મોન્સૂન કામગીરીના ધજાગરા

ગાંધીનગર

પાટનગર ગાંધીનગરને સ્માર્ટ સિટી બનાવવાની ગુલબાંગો હાંકતા મહાનગરપાલિકાના સત્તાધીશો અને ચૂંટણી સમયે હાથ જોડીને મત માંગવા આવતા નગરસેવકોની ઘોર બેદરકારી ફરી એકવાર ઉઘાડી પડી છે. વોર્ડ નંબર 6માં સમાવિષ્ટ સેકટર 14માં દર ચોમાસાની સિઝનમાં ઉદભવતી જળબંબાકાર અને પાણી ભરાવાની ગંભીર સમસ્યાના કાયમી નિરાકરણ માટે સ્થાનિક રહીશોએ ચોમાસું શરૂ થાય તે પહેલાં જ કોર્પોરેશનના તંત્રને અનેકવાર લેખિતમાં રજૂઆતો કરી હતી. તેમ છતાં પાલિકા તંત્ર દ્વારા સંતોષજનક કામગીરી કરવામાં ન આવતા આ વર્ષે પણ પ્રથમ વરસાદની સાથે જ સ્થાનિકોને જળબંબાકારની દયનીય સ્થિતિમાં ઝઝૂમવાનો વારો આવ્યો છે. એ વખતે તંત્ર દ્વારા સ્થળ મુલાકાત લઈ કામગીરી પૂર્ણ કરવાની માત્ર પોકળ ખાતરીઓ જ અપાઈ હતી. પરંતુ જ્યારે ડિસેમ્બર માસમાં લેવલિંગનું કામ શરૂ થયું ત્યારે જવાબદાર એન્જિનિયરોની ગેરહાજરીમાં કોન્ટ્રાક્ટરે પોતાની મનસ્વી રીતે કોઈ જ તાંત્રિક માર્ગદર્શન કે યોગ્ય ઢાળ (લેવલ) લીધા વિના જ ડામર પાથરી દીધો હતો. પરિણામે રસ્તાઓ પર બંને બાજુ ઉંચાણ થઈ જતાં ચોક વચ્ચે તળાવ જેવા દ્રશ્યો સર્જાયા છે.

# કરજણમાં દિલ્હીની જંતર-મંતર ઘટનાના વિરોધમાં સૂર ઊઠ્યા : કોંગ્રેસ અને વકીલ મંડળ દ્વારા ઉગ્ર અને શાંતિપૂર્ણ વિરોધ પ્રદર્શન

કરજણ

દિલ્હીના ઐતિહાસિક જંતર-મંતર ખાતે નિર્દોષ વિદ્યાર્થીઓ પર થયેલા કથિત અત્યાચાર અને પોલીસી બળપ્રયોગના પડઘા હવે છેક ગુજરાતના વડોદરા જિલ્લાના કરજણ સુધી પહોંચ્યા છે. શુક્રવારે કરજણ નગર અને તાલુકા કોંગ્રેસ સમિતિ તેમજ સ્થાનિક વકીલ મંડળ દ્વારા અલગ-અલગ સ્થળોએ જઈને આ ઘટનાના વિરોધમાં શાંતિપૂર્ણ રીતે પરંતુ મક્કમ અવાજે વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. ચોમાસાની આહલાદક સિઝન વચ્ચે આ વિરોધ પ્રદર્શન અને પોલીસ બંદોબસ્તને કારણે કરજણ નગરમાં ભારે રાજકીય ગરમાવો સર્જાયો હતો. સૌપ્રથમ કરજણના વ્યસ્ત અને મુખ્ય એવા નવાબજાર વિસ્તારમાં આવેલા ઐતિહાસિક ગાંધી ચોક ખાતે કરજણ નગર અને તાલુકા કોંગ્રેસ સમિતિના હોદ્દેદારો તેમજ મોટી સંખ્યામાં કાર્યકરો એકત્રિત થયા હતા. ઉપસ્થિત કાર્યકરોએ હાથમાં સૂત્રોચ્ચાર લખેલા બેનરો અને પ્લેકાર્ડ્સ પકડીને કેન્દ્ર સરકાર અને દિલ્હી પોલીસ સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો. કોંગ્રેસના સ્થાનિક આગેવાનોએ ઘટનાની સખત શબ્દોમાં નિંદા કરતા જણાવ્યું હતું કે, વિદ્યાર્થીઓ દેશનું ભવિષ્ય છે અને તેમના આંદોલન કે અવાજને આ રીતે કચડી નાખવો એ લોકશાહીના મૂલ્યોની હત્યા સમાન છે. બીજી તરફ, કાયદાના રક્ષક એવા કરજણ બાર એસોસિએશન (વકીલ મંડળ) દ્વારા પણ આ ઘટનાને ગંભીરતાથી લઈને વિરોધ નોંધાવવામાં આવ્યો હતો. વકીલો જૂની સિવિલ કોર્ટ નજીક આવેલી બંધારણના ઘડવૈયા ડૉ. બાબાસાહેબ આંબેડકરની પ્રતિમા પાસે મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. તમામ વકીલોએ પોતાના હાથ પર કાળી પટ્ટી બાંધીને મૌન તથા પ્રતિકાત્મક વિરોધ વ્યક્ત કર્યો હતો. વકીલ મંડળે ભારપૂર્વક માંગ કરી હતી કે વિદ્યાર્થીઓ પર અન્યાય કરનારા અને જવાબદાર કાયદાના અમલીકરણ અધિકારીઓ સામે નિષ્પક્ષ તપાસ કરી કડકમાં કડક કાનૂની કાર્યવાહી કરવામાં આવે.

# જૂનાગઢ મહાનગરપાલિકા કે ભ્રષ્ટાચારની પાઠશાળા? કમિશ્નર બદલાય છે, સિસ્ટમ નહીં!

જૂનાગઢ

જૂનાગઢને મહાનગર પાલિકાનો દરજ્જો મળ્યો એ વાતને વર્ષો વિતી ગયા, પણ શહેરના નસીબમાં 'વિકાસ' નહીં પરંતુ માત્ર 'વિનાશ' અને 'ભ્રષ્ટાચાર' જ લખાયો છે. મનપા બની ત્યારથી એક જ ધર્મોત્સવ જેવો સિલસિલો અવિરત ચાલે છે: 'માનનીય કમિશ્નર આવે હરખાતાં અને જાય હાશકારો કરતા...'

જ્યારે પણ કોઈ નવા આઈએએસ (IAS) અધિકારી કમિશ્નર બનીને જૂનાગઢમાં પગ મૂકે છે, ત્યારે શરૂઆતમાં કામ કરવાનું અદભુત જોશ અને ઉત્સાહ બતાવે છે. દબાણો હટાવવાની, રોડ-રસ્તા સુધારવાની અને મનપાને સુધારી દેવાની મોટી મોટી વાતો થાય છે. પણ અફસોસ, થોડા જ મહિનાઓમાં એ કમિશ્નર સાહેબનો બધો જ ઉત્સાહ પાણીમાં બેસી જાય છે.

સિસ્ટમના સડેલા તાર અને સ્થાનિક ભ્રષ્ટ નેતાઓની પકડ એટલી મજબૂત છે કે આખરે કમિશ્નર પણ 'કઠપુતલી' બનીને રહી જાય છે. પડદા પાછળથી દોરી કોઈ બીજું જ ખેંચે છે અને મનપાના સ્ટેજ પર માત્ર તા થૈયા તા થૈયાના નાટકો ભજવાય છે. આખરે કંટાળીને અધિકારીઓ પણ પોતાની બદલી કરાવીને 'હાશકારો' અનુભવે છે.

જૂનાગઢમાં કદી ભ્રષ્ટાચાર કમ થવાનું નામ જ નથી લેતો. વર્ષોથી કોઈ જ પ્રજાલક્ષી કામ યોગ્ય રીતે થતું નથી. પરિણામે, જૂનાગઢ દિન-પ્રતિદિન બદતર અને ભયાનક બનતું જાય છે.

# 2 કરોડનું દહેજ અને દિલ્હીમાં ફ્લેટ માંગનાર સાસરિયાં સામે ડભોઈમાં પરિણીતાની સનસનાટીભરી ફરિયાદ!

ડભોઈ

સમાજ માટે કલંકરૂપ દહેજ પ્રથાનો એક અત્યંત ચોંકાવનારો કિસ્સો ડભોઈ તાલુકામાં સામે આવ્યો છે. ડભોઈ તાલુકાના કરનાળી ગામે પરંબા પેલેસમાં રહેતા અને મૂળ દિલ્હીના વતની પૂજાબેન મહેશકુમાર રામપ્રસાદ નામના પરિણીતાએ પોતાના પતિ સહિત દિલ્હી રહેતા સાસરિયાઓ સામે ૨ કરોડ રૂપિયાનું દહેજ માંગવા અને શારીરિક-માનસિક ત્રાસ આપવા અંગે ડભોઈ પોલીસ મથકે ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદમાં જણાવ્યા અનુસાર, પૂજાબેનના લગ્ન હર્ષ વિજયભાઈ અગ્રવાલ સાથે થયા હતા. સગાઈ બાદથી જ લાલચુ સાસરિયાઓનો અસલી ચહેરો સામે આવ્યો હતો. સસરા વિજય અગ્રવાલ, સાસુ વીણાબેન અગ્રવાલ, નણંદ શ્રુતિ અને નણંદોઈ નિખિલ અગ્રવાલે લગ્ન પહેલાં જ શરત મૂકી હતી કે 'રોકડા ૨૦ લાખ રૂપિયા અને ૨ કિલો સોનાના દાગીના આપશો તો જ લગ્નના ફેરા ફરાશે!'

લગ્નના બીજા જ દિવસે લાલચુ સાસરિયાઓએ પૂજાબેન પાસે સોનાનો હાર અને વીંટી માંગી હતી, અને તેમણે પોતે પહેરેલા સોનાના દાગીના ઝૂંટવી લીધા હતા.

## ખાખીનો કાળો ખેલ: પકડાયેલો દારૂ બૂટલેગરોને જ વેચી મારતા સસ્પેન્ડેડ વહીવટદારની કરજણમાં દાદાગીરી!

# રક્ષક કે ભક્ષક?: જેલ રિટર્ન વહીવટદાર અને LCB ASIના રાજમાં કરજણમાં કાયદાની ખુલ્લેઆમ હરાજી!

### ગૃહમંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના દાવાના ચિથરેચિથરા: કરજણ તાલુકામાં મહિને કરોડોનું કાળું ભરણ એકઠું કરવાનો સનસનાટીભર્યો આક્ષેપ! : પોલીસ સાયરન વગાડતી પસાર થાય છે પણ દેશી દારૂની ભઠ્ઠીઓ સુધી પહોંચવાની હિંમત નથી!




વડોદરા/કરજણ

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી માત્ર કાગળ પર જ રહી ગઈ હોવાના અનેક કિસ્સાઓ સાંભળવા મળે છે, પરંતુ વડોદરા જિલ્લાના કરજણ તાલુકામાં જે રીતે કાયદા અને વ્યવસ્થાની ખુલ્લેઆમ હરાજી થઈ રહી છે, તે જોઈને આખું ગૃહ મંત્રાલય અને પોલીસ બેડો શરમમાં મુકાઈ જાય તેમ છે. સત્તાના નશામાં અંધ થયેલી ખાદી અને હપ્તાખોરીમાં આંધળી થયેલી ખાખીની મિલીભગતે સમગ્ર કરજણ તાલુકાને ગુનાખોરીનું સડેલું હબ બનાવી દીધું છે.

ગૃહમંત્રીના 'ઝીરો ટોલરન્સ'ના દાવાના ધજાગરા ઉડાવતા આ કાળા કારોબારનો 'પાક્કો ગુજરાત ન્યૂઝ' આંકડા અને પુરાવા સાથે સણસણતો પર્દાફાશ કરી રહ્યું છે.

### પોલીસ સ્ટેશનની નાકની નીચેથી ગામડે-ગામડે ફેલાયેલું કાળું જાળું

કરજણ તાલુકામાં કઈ જગ્યાએ, કોના સંરક્ષણ હેઠળ અને કયા આકાઓની છત્રછાયામાં આ કાળો કારોબાર ચાલે છે, તેનો વિગતવાર ચિતાર:

કરમડી ગામ (પોલીસ સ્ટેશનથી માત્ર ૨ કિમી): કરજણ પોલીસ સ્ટેશનની બિલકુલ નજીક આવેલા આ ગામમાં રાત-દિવસ દેશી દારૂની ભઠ્ઠીઓમાંથી ધુમાડા નીકળે છે.

પોલીસની ગાડીઓ ત્યાંથી સાયરનો વગાડતી પસાર થાય છે, પરંતુ આ ભઠ્ઠીઓ સુધી પહોંચવાની તેમની હિંમત ચાલતી નથી.

કુરાલી ગામ (નવી નગરી): પાણીની ટાંકી પાસે નગીન નામનો શખ્સ ખુલ્લેઆમ વરલી મટકાનો આંકડાનો જુગાર રમાડીને યુવાનોની મહેનતની કમાણી લૂંટી રહ્યો છે.

સાપા ગામ: નવી વસાહત પાસે આ જ નગીન દ્વારા જુગારનો બીજો અડ્ડો નિર્ભયપણે ચલાવવામાં આવી રહ્યો છે.

રાણાપુર અને ચીમકી ગામ: રાણાપુર ગામનો સરપંચ પાર્થ શાહ, જે ભાજપ યુવા મોરચાના હોદ્દાનું પીઠબળ ધરાવે છે, તેના દ્વારા ચીમકી ગામમાં વિદેશી દારૂનો મોટો જથ્થો ઉતારીને વેચાણ કરાવવામાં આવતું હોવાના સનસનાટીભર્યા આક્ષેપો થઈ રહ્યા છે.

કંડારી ગામ: ટાવર પાસે પ્રદીપ વસાવા નામનો શખ્સ બેફામપણે ઈંગ્લિશ દારૂનું વેચાણ કરી રહ્યો છે.

બારીયાવાસ: અહીં પરેશ કાંતિલાલ નામનો રીઢો બૂટલેગર વિદેશી દારૂનો ખુલ્લો વેપાર ચલાવે છે.

### "પોલીસનો વહીવટદાર જ પોતે મોટો બૂટલેગર!" – કથિત વહીવટદારોનો ખેલ

આ સમગ્ર કૌભાંડમાં સૌથી શરમજનક બાબત ખાખી વર્દીમાં છુપાયેલા કેટલાક કથિત વહીવટદારોનો ખેલ છે:

સસ્પેન્ડેડ હનુભા કામડીયાની દાદાગીરી: ભૂતકાળમાં વિદેશી દારૂના ગંભીર કેસમાં સંડોવાયેલા, જેલની હવા ખાઈ આવેલા અને સસ્પેન્ડ થઈ ચૂકેલા હનુભા કામડીયા નામના કર્મચારીને કરજણના એક વગદાર રાજકીય નેતાના ઈશારે ફરીથી કરજણ પોલીસ સ્ટેશનમાં ગોઠવી દેવાયો છે. સૂત્રોના ચોંકાવનારા ખુલાસા મુજબ, હનુભા કરજણ સબ જેલ કે તાલુકામાં ગમે ત્યાંથી પકડાયેલો ઈંગ્લિશ દારૂ જપ્ત કરવાના બદલે બૂટલેગરોને જ વેચી મારીને લાખો રૂપિયાની કાળી કમાણી ઊભી કરે છે.

LCB ASI ભૂપત રબારીનો દબદબો: ડભોઇ બીટમાં ફરજ બજાવતા એએસઆઈ ભૂપત રબારી, જે આખા જિલ્લાની LCB નો વહીવટ ચલાવતા હોવાના આક્ષેપો છે, તેમનો રોફ અને દબદબો જિલ્લા પોલીસ વડા (SP) કરતાં પણ વધુ હોવાની ચર્ચાઓ વડોદરા પોલીસ બેડામાં ચગી રહી છે.

૯૯ ગામો અને કરોડોનું કાળું ભરણ: કરજણ તાલુકાના ૯૯ ગામોમાંથી ગામદીઠ રૂ. ૧ થી ૧.૫ લાખનો હપ્તો ગણીએ તો પણ દર મહિને કરોડો રૂપિયાનું કાળું ભરણ એકઠું કરીને ઉચ્ચ અધિકારીઓ સુધી પહોંચાડાય છે. આ સિવાય વગદાર નેતાઓને વિદેશી દારૂની મોંઘીદાટ બોટલો નજરાણા તરીકે પહોંચાડવામાં આવે છે.

### ગૃહરાજ્યમંત્રીના દાવાઓ સામે ખુલ્લો પડકાર!

રાજ્યના ગૃહ મંત્રી અવારનવાર દારૂ અને ગેરકાયદે પ્રવૃત્તિઓ સામે 'ઝીરો ટોલરન્સ'ના ભાષણો આપે છે, પરંતુ કરજણના આ દ્રશ્યો જોઈને લાગે છે કે ભ્રષ્ટ ખાખી અને રાજકીય કડાં પહેરેલા નેતાઓ સીધા ગૃહ મંત્રીના આદેશોને પગતળે કચડી રહ્યા છે.

યુવાધન દારૂ અને જુગારના રવાડે ચડીને બરબાદ થઈ રહ્યું છે અને તંત્ર મલાઈ ખાવામાં મશગૂલ છે.

### 'પાક્કો ગુજરાત'ના 5 ઘાતક સવાલો – તંત્રમાં હિંમત હોય તો જવાબ આપે:

1. જે કર્મચારી દારૂના કેસમાં જેલ જઈ આવ્યો હોય, તેને જ ફરીથી કરજણમાં કયા આકાના ઈશારે સેટ કરવામાં આવ્યો?
2. પોલીસ સ્ટેશનથી માત્ર ૨ કિમી દૂર ચાલતી દારૂની ભઠ્ઠીઓ જિલ્લા એસ.પી. કે LCB PI ને કેમ દેખાતી નથી? શું તેમના સુધી હપ્તાનો હિસ્સો પહોંચી જાય છે?
3. જે પકડાયેલો દારૂ જ બૂટલેગરોને વેચી મારતો હોય તેવા હનુભા કામડીયા સામે ગુનો નોંધી તેને જેલમાં ક્યારે ધકેલાશે?
4. શું ડભોઈ બીટના એએસઆઈ ભૂપત રબારી આખા જિલ્લાની LCB ચલાવે છે તે વાત સાચી છે?
5. જો કરજણમાં દારૂ-જુગારના લીધે કોઈ પરિવાર બરબાદ થશે કે કોઈ ગંભીર દુર્ઘટના ઘટશે, તો તેની સીધી જવાબદારી કોની? SP, LCB PI કે સ્થાનિક ધારાસભ્યની?

### જનતાનો આક્રોશ અને ચેતવણી

જ્યારે રક્ષક જ ભક્ષક બની જાય અને પોલીસ જ બૂટલેગર બની જાય, ત્યારે ન્યાયની આશા કોની પાસે રાખવી? સ્થાનિક જનતામાં આક્રોશનો જ્વાળામુખી ફાટ્યો છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ચેતવણી આપે છે કે જો આ ભ્રષ્ટ હપ્તાખોરો અને બૂટલેગરો સામે તાત્કાલિક દરોડા પાડીને આકરી કાર્યવાહી કરવામાં નહીં આવે, તો કરજણની આક્રોશિત જનતા રસ્તા પર ઉતરીને આ કાળી સાંકળને તોડી પાડશે.


## સુરવો ડેમ 90% ભરાયો

# જેતપુર પંથકમાં મેઘરાજાની તોફાની બેટિંગ: 12 કલાકમાં 6 ઈંચ વરસાદથી જળબંબાકાર!

### ભાદર નદી બંને કાંઠે વહેતી થઈ: ખીરસરા, ખજુરી ગુંદાળા, અમરનગર અને વાડસડા સહિતના ગ્રામ્ય વિસ્તારોમાં તોફાની પવન સાથે ધુઆંધાર વરસાદ

જેતપુર

જેતપુર શહેર સહિત સમગ્ર તાલુકા અને ગ્રામ્ય પંથકમાં મેઘરાજાએ સાંબેલાધાર બેટિંગ કરતા ચોતરફ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ગત રાત્રિના ૮ વાગ્યાથી આજે સવારના ૮ વાગ્યા સુધીના ૧૨ કલાકના સમયગાળા દરમિયાન જેતપુર શહેરમાં ધુઆંધાર ૬ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકી ગયો છે. જેના કારણે નીચાણવાળા વિસ્તારો અને માર્ગો પર પાણી ફરી વળ્યા છે. ધોધમાર વરસાદને પગલે જેતપુર પાસે આવેલો મહત્વનો સુરવો ડેમ ૯૦ ટકા ભરાઈ જતાં તંત્ર દ્વારા



કાંઠાના ગામોને હાઈ એલેર્ટ કરાયા છે, જ્યારે સૌરાષ્ટ્રની જીવાદોરી સમાન ભાદર નદી પણ બંને કાંઠે વહેતી થઈ છે. જેતપુર શહેર ઉપરાંત ગ્રામ્ય વિસ્તારોમાં પણ મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું હતું. તાલુકાના ખીરસરા, ખજુરી ગુંદાળા, સ્ટેશન વાવડી, અમરનગર અને વાડસડા સહિતના તમામ ગ્રામીણ વિસ્તારોમાં તોફાની પવન અને ગાજવીજ સાથે ધોધમાર વરસાદ વરસ્યો હતો. ભારે વરસાદના કારણે ગ્રામીણ વિસ્તારોના નાળા અને સ્થાનિક નદી-નાળા ઉભરાઈ ગયા હતા.

ભારે વરસાદ અને તેજ પવનના કારણે જેતપુર તાલુકાના બોરડી સમઢીયાળા નજીક રણુજા ધામ પાસે એક મોટું મહાકાય વૃક્ષ ધરાશાયી થઈને ધોરાજી-જેતપુરને જોડતા મુખ્ય માર્ગ પર વચ્ચે જ પટકાયું હતું. રસ્તા પર વૃક્ષ પડવાના કારણે માર્ગ સંપૂર્ણપણે બ્લોક થઈ ગયો હતો. ઘટનાને પગલે રસ્તાની બંને બાજુ વાહનોની લાંબી કતારો અને મુસાફરોના ટોળેટોળાં એકઠા થઈ ગયા હતા. બાદમાં સ્થાનિકો અને તંત્ર દ્વારા વૃક્ષ હટાવી રસ્તો ખુલ્લો કરવાની કામગીરી હાથ ધરાઈ હતી.

# રાઠવા સમાજ અંગે કરાયેલી ટિપ્પણી બાદ વિવાદનો આવ્યો મહત્વનો વળાંક : સમાજના આગેવાનો સમક્ષ બેસીને રમણ બારીયાએ જાહેરમાં માફી માંગી

કદવાલ, ઇરફાન મકરાણી

રાઠવા સમાજ અંગે કરાયેલી ટિપ્પણી બાદ સર્જાયેલા વિવાદને પગલે રમણ બારીયાએ રાઠવા સમાજના આગેવાનો, વડીલો અને સમાજના પ્રતિનિધિઓની હાજરીમાં જાહેરમાં બેસીને માફી માંગી હતી. રમણ બારીયાએ જણાવ્યું હતું કે, તેમના નિવેદનથી જો રાઠવા સમાજના કોઈપણ વ્યક્તિની લાગણી દુભાઈ હોય તો તેઓ દિલથી ક્ષમા માંગે છે. સમાજને દુ:ખ પહોંચાડવાનો તેમનો કોઈ ઈરાદો નહોતો અને તેઓ હંમેશા રાઠવા સમાજનું સન્માન કરે છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, તેમના શબ્દોના કારણે સમાજમાં નારાજગી ફેલાઈ હતી અને સમગ્ર મામલો પોલીસ મથક સુધી પણ પહોંચ્યો હતો. આથી સમાજના આગેવાનો સમક્ષ પોતાની ભૂલ સ્વીકારી તેમણે નિ:શર્ત માફી માંગી હતી. આ પ્રસંગે સમાજના આગેવાનોએ સમાજમાં શાંતિ, એકતા અને સૌહાર્દ જળવાઈ રહે તેવી અપીલ કરી હતી. રમણ બારીયાએ પણ ભવિષ્યમાં વધુ સાવચેતીપૂર્વક શબ્દોનો ઉપયોગ કરવાની અને કોઈપણ સમાજની લાગણી દુભાય તેવું નિવેદન નહીં કરવાની ખાતરી આપી હતી.

66 મારા શબ્દોથી કોઈની લાગણી દુભાઈ હોય તો હું દિલથી માફી માંગું છું. હું રાઠવા સમાજનું સન્માન કરું છું અને ભવિષ્યમાં વધુ સાવચેતીપૂર્વક શબ્દોનો ઉપયોગ કરીશ. કોઈપણ સમાજની લાગણી દુભાય તેવું નિવેદન નહીં કરું. સમાજના આગેવાનોની હાજરીમાં થયેલી આ જાહેર માફી બાદ સમગ્ર મામલો શાંતિપૂર્ણ રીતે ઉકેલાય તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

# ગાંધીનગર : જિલ્લામાં મેઘમહેર: કલોલમાં અણઘડ આયોજન છતું થતાં જળબંબાકાર, રેલવે અંડરપાસમાં 10 ફૂટ પાણી ભરાતા વાહનવ્યવહાર બંધ

ગાંધીનગર

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા 24 કલાકમાં મેઘરાજાએ ધમાકેદાર બેટિંગ કરતાં સરેરાશ સવા ચાર ઈંચ વરસાદ ખાબક્યો છે. જિલ્લા કન્ટ્રોલ રૂમના સત્તાવાર આંકડા અનુસાર સમગ્ર જિલ્લામાં સરેરાશ 107 મિલીમીટર (4.21 ઈંચ) વરસાદ નોંધાયો છે, જેમાં સૌથી વધુ કલોલ તાલુકામાં છ ઈંચથી વધુ અને માણસામાં પણ પોણા છ ઈંચ અનરાધાર વરસાદ વરસ્યો છે. આ તરફ ગાંધીનગરમાં સરેરાશ પોણા ચાર ઈંચ અને દહેગામમાં એક ઈંચથી વધુ વરસાદ થતા ચોમાસાની મોસમનો વરસાદ 253 મિલીમીટર (10 ઈંચ) પર પહોંચી ગયો છે.

તો જીલ્લામાં વહેલી સવારથી જ ધીમી ધારે વરસાદ વરસી રહયો છે. સ્માર્ટ સિટીના નામે ઓળખાતું ગાંધીનગર શહેર અને આસપાસના નિચાણવાળા વિસ્તારો માત્ર એક જ દિવસના વરસાદમાં જળબંબાકાર થઈ ગયા છે. મહાનગરપાલિકા દ્વારા સ્માર્ટ સુવિધાઓ આપવાના કરવામાં આવતા મોટા દાવાઓ પોકળ સાબિત થયા છે. કરોડો રૂપિયાના ટેક્સના પૈસાથી અણઘડ આયોજન પાણીમાં વહી ગયું હોય તેવું ચિત્ર સામે આવ્યું છે. સ્માર્ટ સિટી મિશન અંતર્ગત ઊભું કરાયેલું ડ્રેનેજ સિસ્ટમનું નેટવર્ક પાણીનો નિકાલ કરવામાં નિષ્ફળ પુરવાર થઈ રહ્યું હોવાનું ચિત્ર છે. કેમકે પહોળા રસ્તાઓને સાંકડા કરી દેવાના અવિચારી નિર્ણયને કારણે પાણીના યોગ્ય નિકાલની જગ્યા ન બચતા રોડ-રસ્તા સ્વિમિંગ પૂલમાં ફેરવાઈ ગયા છે. ભારે વરસાદથી સેંકડો વૃક્ષો ધરાશાયી થતાં વાહનવ્યવહારને અસર થઈ છે.અને કલાકો સુધી ટ્રાફિક જામની સમસ્યા સર્જાઈ હતી. જ્યારે ભારે વરસાદના પગલે કલોલમાં પણ અનેક નીચાણવાળા વિસ્તારો અને પૂર્વ રેલવે વિસ્તાર તેમજ સિદ્ધરાજ હોમ ફ્લેટ સામે પાણી ભરાઈ જતાં સ્થાનિકો અને વાહનચાલકોને ભારે હાલાકી વેઠવી પડી રહી છે. ગત મોડી રાત્રે કલોલમાં કપિલેશ્વર મંદિર પાસે આવેલા ભૈરવદાદા મંદિરની દીવાલ તૂટી પડી હતી, જેથી બાજુમાં પાર્ક કરેલા બાઈકને નુકસાન થયું હતું પરંતુ સદ્નસીબે કોઈ જાનહાનિ થઈ નહોતી. બીજી તરફ વિરાતલાવડી-ડભોડા રેલવે અંડરપાસમાં 10 ફૂટ જેટલું ભારે પાણી ભરાઈ જતાં વાહનવ્યવહાર માટે અંડરપાસ સંપૂર્ણપણે બંધ કરી દેવાયો છે. વિરાતલાવડી ગ્રામ પંચાયતના સરપંચ દ્વારા જાહેર જનતાને અંડરપાસમાંથી પસાર ન થવા અને વૈકલ્પિક માર્ગનો ઉપયોગ કરવા સાવચેતીની અપીલ કરવામાં આવી છે.

# પૂરના આકાશી આફત વચ્ચે ચિખલીના હરંગામ-નદી ફળિયામાં પહોંચ્યા હર્ષ સંઘવી!

## ■ પૂરપીડિત પરિવારોને સાંત્વના આપતા કહ્યું: "સંકટ ગમે તેટલું મોટું હોય, સરકાર તમારી સાથે ખડેપગે છે!"



નવસારી / ચિખલી

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ સર્જેલા જળબંબાકારને કારણે અનેક ગ્રામ્ય વિસ્તારો બેટમાં ફેરવાઈ ગયા છે. પૂરના ધસમસતા પ્રવાહ વચ્ચે નવસારી જિલ્લાના ચિખલી તાલુકામાં પરિસ્થિતિ અત્યંત ગંભીર બની છે. આવી વિકટ પરિસ્થિતિમાં અસરગ્રસ્તોની વહારે આવવા અને સરાહનીય રાહત કામગીરીની સમીક્ષા કરવા માટે રાજ્યના ગૃહરાજ્ય મંત્રી હર્ષ સંઘવી પોતે ગ્રાઉન્ડ ઝીરો પર ઉતરી આવ્યા છે.

હર્ષ સંઘવીએ ચિખલીના પૂર અસરગ્રસ્ત હરંગામ અને નદી ફળિયા વિસ્તારની મુલાકાત લીધી હતી. પૂરના પાણી વચ્ચે સ્થાનિક લોકોની વચ્ચે પહોંચીને તેમણે જળસ્તરનો તાગ મેળવ્યો હતો અને મુશ્કેલીમાં મુકાયેલા પરિવારો સાથે સીધો સંવાદ સાધ્યો હતો.

મુલાકાત દરમ્યાન ગૃહરાજ્ય મંત્રીએ પાણીમાં અટવાયેલા અને હાલાકી ભોગવી રહેલા લોકોની સમસ્યાઓ અને વેદનાઓને અત્યંત સંવેદનશીલતાથી સાંભળી હતી. તેમણે અસરગ્રસ્ત પરિવારોને હિંમત આપતા સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે:

સરકાર સંબલ બનીને ઊભી છે: આ કુદરતી આપત્તિ ભલે ગમે તેટલી મોટી હોય, પરંતુ ગુજરાત સરકાર દરેક પરિવારનો આધાર બનીને તેમની સાથે ઊભી છે.

ત્વરિત રાહત-બચાવની સૂચના: મંત્રીએ સ્થળ પરથી જ સ્થાનિક વહીવટીતંત્ર, કલેક્ટર અને રેસ્ક્યૂ ટીમોને આદેશ આપ્યા હતા કે અસરગ્રસ્તો સુધી ખોરાક, પીવાનું શુદ્ધ પાણી અને તબીબી સહાય પહોંચાડવામાં કોઈ જ વિલંબ ન થવો જોઈએ.

સલામત સ્થળે સ્થળાંતર: નીચાણવાળા અને જોખમી વિસ્તારોમાં રહેતા લોકોને તાત્કાલિક સુરક્ષિત સ્થળે ખસેડીને તેમના રહેવા અને જમવાની યોગ્ય વ્યવસ્થા ગોઠવવા કડક તાકીદ કરવામાં આવી છે.

'પાક્કો ગુજરાત' વિશ્લેષણ: નેતા જ્યારે જનતા વચ્ચે પહોંચે ત્યારે વિશ્વાસ બેવડાય છે

આપત્તિના સમયે માત્ર એસી ઓરડામાંથી સૂચનાઓ આપવાને બદલે જનપ્રતિનિધિ જ્યારે પોતે ઘૂંટણસમા પાણીમાં ઉતરીને જનતાના આંસુ લૂછવા પહોંચે છે, ત્યારે સામાન્ય નાગરિકમાં એક નવો વિશ્વાસ જાગે છે. હર્ષ સંઘવીની હરંગામ અને નદી ફળિયાની આ મુલાકાતે પૂરપીડિતોને એ ક્ષણે આશ્વાસન આપ્યું છે કે તેઓ આ મુશ્કેલ સમયમાં એકલા નથી. વહીવટીતંત્ર અને રાજ્ય સરકાર યુદ્ધના ધોરણે રાહત કામગીરી ચલાવી રહી છે, જેથી સ્થિતિ વહેલી તકે સામાન્ય બની શકે.

### 5 વર્ષથી સતત રજૂઆતો છતાં તંત્ર ઘોર નિંદ્રામાં

# 118 ગામના ખેડૂતોનું ધામ બનેલી સરકારી કચેરી જ બની 'મૃત્યુઘંટ'!

ડભોઇ

એક તરફ ગુજરાત સરકાર રાજ્યની તમામ સરકારી કચેરીઓને હાઈટેક, મોડેલ અને ડિજિટલ બનાવવાની મોટી-મોટી વાતો અને દાવાઓ કરી રહી છે, તો બીજી તરફ વહીવટી તંત્રની ઘોર બેદરકારીનો જીવતો-જાગતો પુરાવો ડભોઈમાં જોવા મળી રહ્યો છે. ડભોઈના સરિતા ફાટક પાસે આવેલી 'મદદનીશ ખેતી નિયામકની કચેરી (તાલીમ યોજના પેટા વિભાગ, ડભોઈ)' છેલ્લા પાંચ વર્ષથી અતિ જર્જરિત અને કંડમ હાલતમાં ફેરવાઈ ચૂકી છે. તંત્રની આ આંખ આડા કાન કરવાની નીતિને કારણે આજે અહીં ફરજ બજાવતા કર્મચારીઓ અને આવતા ખેડૂતોના જીવ સતત જોખમમાં મૂકાયા છે.

કચેરીની દયનીય અને ભયજનક હાલત અંગે સ્થાનિક



અધિકારીઓ તેમજ કર્મચારીઓ દ્વારા છેલ્લા પાંચ વર્ષથી અવારનવાર લેખિત તથા મૌખિક રજૂઆતો ઉચ્ચ કક્ષાએ કરવામાં આવી છે. આમ છતાં વહીવટી તંત્રના પેટનું પાણી સુદ્ધાં હલતું નથી. હાલમાં ચોમાસાની ઋતુમાં આ કચેરીની સ્થિતિ વધુ ગંભીર બની ગઈ છે. આખી છતમાંથી સતત પાણી ટપકી રહ્યું છે અને અવારનવાર સ્લેબના મોટા-મોટા પોપડા નીચે ધસી પડે છે. આવી ભયાનક સ્થિતિ વચ્ચે કર્મચારીઓ ટેબલ પર છત્રી રાખીને કે પછી જીવના જોખમે કામ કરવા મજબૂર બન્યા છે.

ડભોઈ તાલુકાના ના નાના-મોટા ૧૧૮ ગામોના ખેડૂતો ખેતીવાડીને લગતા કામકાજ, વિવિધ સરકારી યોજનાઓની માહિતી અને તાલીમ મેળવવા માટે રોજેરોજ મોટી સંખ્યામાં આ કચેરીની મુલાકાતે આવે છે. પરંતુ કચેરીનું મકાન ગમે ત્યારે જમીનદોસ્ત થાય તેવી હાલતમાં હોવાથી અહીં આવતા નિરપરાધ ખેડૂતો, અરજદારો અને પોતાના સરાહનીય ફરજ બજાવતા કર્મચારીઓ પર સતત અકસ્માત અને જાનહાનિનો તલવારની જેમ ભય તોળાઈ રહ્યો છે.

હવે સ્થાનિકો અને ખેડૂતોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે અને કેટલાક તીખા સવાલો ઊભા થઈ રહ્યા છે: શું તંત્ર કોઈ મોટી જાનહાનિ કે હોનારત સર્જાય તેની વાટ જોઈ રહ્યું છે?

### રાજકોટમાં ACBની મોટી ધડાકાબાર કાર્યવાહી

# લાંચ લેતા મોરબી મત્સ્યોદ્યોગના વર્ગ-2ના અધિકારી ઝડપાયા!

રાજકોટ

રાજકોટમાં એન્ટી કરપ્શન બ્યુરો (ACB)એ ભ્રષ્ટ અધિકારીઓ સામે લાલ આંખ કરીને એક મોટી કાર્યવાહી પાર પાડી છે. મોરબી મત્સ્યોદ્યોગ વિભાગના વર્ગ-૨ના સુપ્રિન્ટેન્ડેન્ટ ખોડા રમાણીને રાજકોટના હોસ્પિટલ ચોક નજીકથી રૂપિયા ૫૦,૦૦૦ની લાંચ લેતા રંગેહાથ ઝડપી પાડવામાં આવ્યા છે. સરકારી અધિકારીની આ રીતે જાહેર સ્થળેથી ધરપકડ થતાં જ ભ્રષ્ટ અધિકારી આલમમાં ભારે ફફડાટ વ્યાપી ગયો છે.



મળતી વિગતો અનુસાર, ફરિયાદીનો મોરબી મત્સ્યોદ્યોગ વિભાગમાં કોન્ટ્રાક્ટ ચાલે છે. ફરિયાદી દ્વારા કુલ ૭ ટેન્ડર ભરવામાં આવ્યા હતા, જેમાંથી ૩ ટેન્ડર મંજૂર થયા હતા અને ૪ ટેન્ડર રદ થયા હતા. આ મંજૂર થયેલા ટેન્ડરનું કામ સત્તાવાર રીતે સોંપવા માટે અને રદ થયેલા ટેન્ડરના ડિમાન્ડ ડ્રાફ્ટ (DD) પરત કરી આપવાના બદલામાં સુપ્રિન્ટેન્ડેન્ટ ખોડા રમાણીએ રૂ. ૧ લાખની લાંચની માંગણી કરી હતી.

આખરે રકઝક બાદ રૂ. ૫૦,૦૦૦ આપવાનું નક્કી થયું હતું. પરંતુ ફરિયાદી લાંચ આપવા માંગતા ન હોવાથી તેમણે આ અંગે તુરંત જ ACBનો સંપર્ક કરી ફરિયાદ નોંધાવી હતી.

ફરિયાદના આધારે ACBની ટીમે તાત્કાલિક પ્લાન બનાવીને રાજકોટના હોસ્પિટલ ચોક નજીક છટકું ગોઠવ્યું હતું.

નક્કી થયા મુજબ ફરિયાદી પાસેથી રૂ. ૫૦,૦૦૦ની લાંચની રકમ સ્વીકારતા જ ગુપ્ત વેશે વોચમાં રહેલી ACBની ટીમે કાયદાનો કોડો વીંઝીને ખોડા રમાણીને રંગેહાથ ઝડપી લીધા હતા.

ACBએ ભ્રષ્ટ અધિકારીની અટકાયત કરી તેમની સામે ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે, તેમજ તેમની અસ્કયામતો અને અગાઉના વ્યવહારો અંગે પણ તપાસનો ધમધમાટ શરૂ કર્યો છે.

### પાલિકા કોન્ટ્રાક્ટરની ઘોર બેદરકારી સામે સ્થાનિકોનો ચરમસીમા પર પહોંચેલો રોષ!

# વડોદરાના ગોત્રીમાં નવી પીએમ ઇલેક્ટ્રિક બસ રોડમાં ખાબકી: સ્માર્ટ સિટીના 'વિકાસ'ની ભૂવા રાજમાં પોલ ખુલી!



વડોદરા

સંસ્કારી નગરી વડોદરામાં ચોમાસાના સામાન્ય વરસાદે જ પાલિકાના વહીવટ અને ભ્રષ્ટાચારની કડવી વાસ્તવિકતા છતી કરી દીધી છે. વડોદરાના ગોત્રી વિસ્તારમાં ગાયત્રી સ્કૂલ પાસે એક અત્યંત ચોંકાવનારી ઘટના સામે આવી છે, જ્યાં કેન્દ્ર સરકારની યોજના હેઠળ આવેલી બ્રાન્ડ ન્યૂ પીએમ ઈલેક્ટ્રિક બસ ચાલુ રસ્તે અચાનક રોડ બેસી જતાં ભુવામાં ખાબકી હતી. વરસાદ શરૂ થતાં જ વડોદરાના રસ્તાઓ ધોવાઈ જવા અને ભૂવા પડવાનો સિલસિલો યથાવત રહ્યો છે. કરોડો રૂપિયાના ખર્ચે બનેલા રસ્તાઓ પાણીના થોડાક જ છાંટામાં ધોવાઈ જાય છે, જે સીધેસીધું પાલિકા અને કોન્ટ્રાક્ટરોની મિલીભગત તરફ આંગળી ચીંધે છે. ગોત્રી ગાયત્રી સ્કૂલ જેવા ધમધમતા વિસ્તારમાં નવીનકોર ઈલેક્ટ્રિક બસ રસ્તામાં ખૂંપી જવી એ સ્પષ્ટ દર્શાવે છે કે રોડ બનાવવામાં લોટ, પાણી ને લાકડા જેવી નબળી કામગીરી કરવામાં આવી છે.


બસ ફસાઈ જવાને કારણે સમગ્ર ગોત્રી વિસ્તારના વાહનવ્યવહારને માળખાકીય અસર પહોંચી હતી. સ્થાનિક લોકોને કલાકો સુધી ભારે ટ્રાફિક જામનો સામનો કરવો પડ્યો હતો. આ ઘટના બાદ સ્થાનિક રહીશો અને વાહનચાલકોનો આક્રોશ ફાટી નીકળ્યો છે. લોકો હવે ખુલ્લેઆમ સવાલ પૂછી રહ્યા છે કે ટેક્સના નાણાંથી બનેલા રસ્તાઓ આટલા નબળા કેમ છે?

# વડોદરા નજીકના બાજવા ગામમાં દર વર્ષની એ જ તારાજી : ચોમાસું આવતાં જ ગામ બન્યું તળાવ!

### ઘરો, દુકાનો અને રસ્તાઓ પાણીમાં ગરકાવ: દર વર્ષે લાખોનું નુકસાન વેઠતા ગ્રામજનો કંટાળ્યા, તંત્ર પાસે માંગી સમસ્યાની કાયમી મુક્તિ!

વડોદરા

વડોદરા શહેરની નજીક આવેલા બાજવા ગામમાં આ વર્ષે પણ ભારે વરસાદ બાદ પૂર જેવી ભયાનક સ્થિતિ સર્જાઈ છે. ગામના તમામ નીચાણવાળા વિસ્તારોમાં જળબંબાકારની સ્થિતિ સર્જાતાં ઘરો, દુકાનો અને મુખ્ય રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. દર વર્ષે ચોમાસામાં આવતી આ આફતને કારણે સ્થાનિક રહીશો અને વેપારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. સ્થાનિક ગ્રામજનોના જણાવ્યા અનુસાર, બાજવા ગામ માટે વરસાદ હવે ખુશી નહીં પણ આફત લઈને આવે છે. થોડા જ વરસાદમાં ઘરો અને દુકાનોમાં પાણી ઘૂસી જતાં લોકોની કિંમતી ઘરવખરી, વેપાર-ધંધાનો માલસામાન અને અન્ય ચીજવસ્તુઓ



પલળીને બરબાદ થઈ જાય છે. દર વર્ષે ગ્રામજનોને લાખો રૂપિયાનું આર્થિક નુકસાન વેઠવાનો વારો આવે છે, છતાં વહીવટી તંત્રના પોલા આશ્વાસનો સિવાય કંઈ હાથ લાગતું નથી. સ્થાનિકોએ આક્રોશ વ્યક્ત કરતાં જણાવ્યું હતું કે, ચોમાસામાં પાણીના નિકાલની યોગ્ય વ્યવસ્થા ન હોવા અંગે અગાઉ તંત્ર અને સંબંધિત અધિકારીઓને અસંખ્ય વાર રજૂઆતો કરવામાં આવી છે. આમ છતાં, તંત્ર દ્વારા કોઈ કાયમી નિકાલ લાવવામાં આવ્યો નથી. અધિકારીઓની આ આળસ અને નાકામીની સજા આજે આખું બાજવા ગામ ભોગવી રહ્યું છે.

હાલ તળાવ બની ગયેલા બાજવા ગામના લોકોએ સરકાર અને ઉચ્ચ તંત્ર પાસે ઉગ્ર માંગ કરી છે કે, બાજવા સહિતના તમામ નીચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાની આ ગંભીર સમસ્યાનો તાત્કાલિક અને કાયમી ઉકેલ લાવવામાં આવે.

# નડિયાદના જગવિખ્યાત માઈ મંદિર પરિસરમાં ભરાયા પૂરના પાણી: મેઘરાજાના તોફાની બેટિંગથી ભક્તોમાં ચિંતા!

નડિયાદ/ખેડા

મધ્ય ગુજરાતમાં મેઘરાજાએ પોતાનું રૌદ્ર સ્વરૂપ ધારણ કર્યું છે, જેના કારણે ખેડા જિલ્લાના મુખ્ય મથક નડિયાદ શહેરમાં ચારેય તરફ જળબંબાકારનો માહોલ સર્જાયો છે. ભારે વરસાદના કારણે નડિયાદના નીચાણવાળા વિસ્તારો અને મુખ્ય રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ ગયા છે. આ જળસંકટની સીધી અસર હવે નડિયાદના આસ્થાના પ્રતીક એવા જગવિખ્યાત માઈ મંદિર પરિસર પર પણ જોવા મળી છે.

સતત અને ધોધમાર વરસેલા વરસાદના કારણે માઈ મંદિરના વિશાળ પરિસરમાં પાણી ભરાઈ ગયા છે, જેના કારણે મંદિર પરિસર સરોવરમાં ફેરવાઈ ગયું હોય તેવા દ્રશ્યો સર્જાયા છે.

નડિયાદનું માઈ મંદિર માત્ર ગુજરાત જ નહીં પરંતુ દેશ-વિદેશના કરોડો શ્રદ્ધાળુઓ માટે આસ્થાનું અંકુર છે. દરરોજ હજારો ભક્તો અહીં માઈના દર્શનાર્થે આવતા હોય છે. પરંતુ પરિસરમાં પાણી ભરાઈ જવાના કારણે: દર્શનાર્થીઓને હાલાકી: મંદિરે આવતા શ્રદ્ધાળુઓને ઘૂંટણસમા પાણીમાંથી પસાર થઈને જવાની ફરજ પડી રહી છે.

મંદિર તંત્ર અને સ્થાનિક તંત્ર હરકતમાં: પરિસરમાં પાણીનો નિકાલ ઝડપથી થાય તે માટે ડ્રેનેજ અને પમ્પિંગ સિસ્ટમ મારફતે કામગીરી હાથ ધરવામાં આવી છે.

નડિયાદ શહેરમાં ટ્રાફિક અને જળભરાવ: મંદિર આસપાસના પહોંચ માર્ગો પર પણ પાણી ફરી વળતા વાહનવ્યવહાર મંદ પડી ગયો છે.


### હાઇવે પર વહેતી થઇ નદીઓ!

# ખેડા જિલ્લામાં મેઘરાજાનું તાંડવ: 24 કલાકમાં 20 ઇંચ વરસાદથી જળબંબાકાર

ખેડા

મધ્ય ગુજરાતના ખેડા જિલ્લા પર મેઘરાજાએ જાણે આકાશી આફત વરસાડી હોય તેમ છેલ્લા 24 કલાકમાં અનરાધાર અને તોફાની બેટિંગ કરી છે. સમગ્ર ખેડા જિલ્લો પાણી પાણી થઈ ગયો છે અને જળબંબાકારની અત્યંત વિકટ સ્થિતિ સર્જાઈ છે. વરસાદી આંકડાઓ એટલા ચોંકાવનારા છે કે માત્ર 24 કલાકના સમયગાળામાં મહેમદાવાદમાં ખાબક્યો છે 20 ઇંચ જેટલો ભયાનક વરસાદ! આ સિવાય માતરમાં 18 ઇંચ અને જિલ્લા મથક નડિયાદમાં 15 ઇંચ વરસાદ નોંધાતાં ચારેય તરફ જળપ્રલય જેવા દ્રશ્યો સર્જાયા છે.

આ ભારે વરસાદના કારણે જિલ્લાના મુખ્ય વાહનવ્યવહારના ધમધમતા રસ્તાઓ અને હાઇવે સંપૂર્ણપણે પાણીમાં ગરકાવ થઈ



ગયા છે. હાઈવે બન્યા સ્વિમિંગ પૂલ: ખેડા-ધોળકા અને માતર-તારાપુર રોડ બંધ થવાના આરે

સતત વરસી રહેલા વરસાદને કારણે ખેડા-ધોળકા રોડ પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે, જ્યારે બીજી તરફ માતર-તારાપુર હાઈવે પર પણ પૂરના પાણી ફરી વળ્યા છે. જીવના જોખમે મુસાફરી: હાઈવે પરથી પાણીનો ચંડ પ્રવાહ વહી રહ્યો હોવા છતાં, અનેક વાહનચાલકો મજબૂરીમાં કે અજાણતા જીવના જોખમે પોતાના વાહનો પસાર કરી રહ્યા છે, જે ગમે ત્યારે મોટી હોનારતને આમંત્રણ આપી શકે છે. વાહનવ્યવહારને માળખાકીય અસર: હાઈવે પર જળભરાવના કારણે વાહનો બંધ પડી જવા અને ટ્રાફિક જામ થવાના દ્રશ્યો સામાન્ય બન્યા છે. જો તમે પણ ખેડા, ધોળકા, માતર કે તારાપુર તરફ મુસાફરી કરવાનું વિચારી રહ્યા છો, તો આ અહેવાલ તમારા માટે અત્યંત મહત્વપૂર્ણ છે.

### કોન્ટ્રાક્ટરની હલકી કક્ષાની કામગીરી સામે રોષ

# વડોદરા પાલિકાની ભ્રષ્ટ કામગીરીથી રોડ બન્યા 'મૃત્યુજાળ' અચાનક રોડ બેસી જતાં ચાલુ કાર ઊંડા ખાડામાં ખાબકી..!

વડોદરા

વડોદરા મહાનગરપાલિકાના ભ્રષ્ટ વહીવટ અને કોન્ટ્રાક્ટરોની લોટ-પાણી-ને-લાકડા જેવી નબળી કામગીરીનો વધુ એક ભયાનક નમૂનો સામે આવ્યો છે. શહેરના બિલ કેનાલ રોડ પર આવેલી પ્રકૃતિ વિલા સોસાયટી પાસે અચાનક ચાલુ રોડે મોટો ભૂવો પડી જતાં એક કાર સીધી રોડની અંદર ઊંડા ખાડામાં ખાબકી હતી. આ અચાનક સર્જાયેલી ઘટનાને કારણે કાર ચાલકનો જીવ ક્ષણભર માટે તાળવે ચોંટી ગયો હતો. મળતી માહિતી



અનુસાર, બિલ કેનાલ રોડ પરથી પસાર થઈ રહેલી કાર નીચેથી અચાનક જ આખો રોડ જમીનદોસ્ત થઈ ગયો હતો. જોતજોતામાં ચાલુ કાર રોડની અંદર ખૂંપી ગઈ હતી. સદનસીબે આ ઘટનામાં મોટી જાનહાનિ ટળી છે, પરંતુ પાલિકા દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે બનાવવામાં આવતા આ રસ્તાઓ કેટલા ગુણવત્તા વગરના અને જોખમી છે, તેનો જીવતો-જાગતો પુરાવો આ ઘટનાથી મળી ગયો છે. આ ઘટનાને પગલે વાહનચાલકો અને સ્થાનિક રહીશોમાં પાલિકાના સત્તાધીશો અને એન્જિનિયરો સામે ભારે આક્રોશ ફાટી નીકળ્યો છે. નાગરિકો તીખા સવાલો પૂછી રહ્યા છે કે: રોડ બનાવવામાં વપરાતી નબળી સામગ્રી અને અધિકારીઓની મિલીભગતનો ભોગ ક્યાં સુધી નિર્દોષ પ્રજા બનશે?

સ્થાનિકો અને ક્રોધિત વાહનચાલકો દ્વારા માંગ કરવામાં આવી રહી છે કે આ નિર્લજ્જ કામગીરી કરનાર રોડ કોન્ટ્રાક્ટર સામે કડકમાં કડક કાર્યવાહી કરવામાં આવે.

# નવસારીના મેંધર ગામમાં જળબંબાકાર: ઈન્ડિયન કોસ્ટ ગાર્ડનું યુદ્ધના ધોરણે મેગા રેસ્ક્યૂ ઓપરેશન..!

■ ભારે વરસાદને પગલે જળમગ્ન બન્યા ગણદેવીના વિસ્તારો, પૂરની અગ્નિપરીક્ષા વચ્ચે સેનાના જવાનોએ આપત્તિજનક પરિસ્થિતિમાં ઉગાર્યા ડઝનબંધ જિંદગીઓ!

નવસારી/ગણદેવી

દક્ષિણ ગુજરાતમાં મેઘરાજાએ રૌદ્ર સ્વરૂપ ધારણ કરતાં ચો તરફ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. ખાસ કરીને નવસારી જિલ્લામાં આકાશી આફતે ભારે તારાજી સર્જી છે, જેમાં ગણદેવી તાલુકાનું મેંધર ગામ પાણીના રાક્ષસી પૂર વચ્ચે ચારેય તરફથી ઘેરાઈ ગયું છે. ગામમાં પાણીનું સ્તર ભયજનક સપાટી વટાવી જતાં સ્થાનિક વહીવટીતંત્ર માટે સ્થિતિ હાથબહાર ગઈ હતી. આવી વિકટ પરિસ્થિતિમાં માનવતાના રક્ષક બનીને ઈન્ડિયન કોસ્ટ ગાર્ડની ટીમ મેદાનમાં ઉતરી આવી છે. મુસીબતમાં ફસાયેલા ગ્રામજનોને ઉગારવા માટે ઈન્ડિયન કોસ્ટ ગાર્ડ દ્વારા યુદ્ધના ધોરણે અત્યંત જોખમી અને સાહસિક રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું છે. મેંધર ગામમાં અનેક ઘરોમાં પાણી ભરાઈ જવાના કારણે નાના બાળકો, મહિલાઓ અને વૃદ્ધો અટવાઈ પડ્યા હતા. કોસ્ટ ગાર્ડે પોતાની વિશેષ બોટ, અદ્યતન સાધનો અને અનુભવી જવાનોની મદદથી પૂરના ધસમસતા પ્રવાહ વચ્ચે પ્રવેશીને રેસ્ક્યૂ ઓપરેશન શરૂ કર્યું હતું. પાણીની અંદર ફસાયેલા લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢીને ઈવેક્યુએટ કરવામાં આવ્યા. વહીવટીતંત્ર અને આફત વ્યવસ્થાપન ટીમો સાથે સંકલન કરીને અસરગ્રસ્તોને ત્વરિત સુરક્ષિત આશ્રયસ્થાનો તરફ ખસેડવાની કામગીરી પૂર્ણ ઝડપે ચાલી રહી છે. અસરગ્રસ્તો સુધી પ્રાથમિક તબીબી સહાય અને ખોરાક-પાણી પહોંચાડવા માટે પણ રાહત કામગીરી ગોઠવવામાં આવી છે. કુદરતના કોપ સામે જ્યારે માનવીય તાકાત લાચાર બને છે, ત્યારે આપણી સુરક્ષા એજન્સીઓનું શૌર્ય અને સમર્પણ સાચો સહારો બને છે. કોસ્ટ ગાર્ડના જવાનોએ ફરી એકવાર સાબિત કરી દીધું છે કે ગમે તેવી ઘાતક પરિસ્થિતિ હોય, દેશના નાગરિકોનો જીવ બચાવવા માટે તેઓ પોતાની જાનની બાજી લગાવવા પણ તૈયાર રહે છે.

## તંત્રી લેખ...


### અન્ના હજારે ભાગ-2? સોનમ વાંગચુકે 25 દિવસના ઉપવાસ પર રેડ્યું ઠંડુ પાણી: આંદોલનકારીઓ સાથે મોટો વિશ્વાસઘાત!

**કોઈ મુખ્ય માંગણી મંજૂર થયા વગર જ ભાજપ ના પૂર્વ અધ્યક્ષ જેપી નડ્ડાના હાથે પારણાં કરી લીધા**

જ્યારે પણ દેશમાં કોઈ મોટું સામાજિક કે રાજકીય આંદોલન ચરમસીમા પર પહોંચે છે, ત્યારે જનતા આંખોમાં એક નવી આશા અને બદલાવની આશ રાખીને બેસે છે. પરંતુ ઈતિહાસ સાક્ષી છે કે આંદોલનના મુખ્ય ચહેરાઓ ઘણીવાર જનતાના આક્રોશનો વેપાર કરીને સત્તાધીશોના ચરણોમાં સમર્પણ કરી દેતા હોય છે. લડાખના સામાજિક કાર્યકર સોનમ વાંગચુકે ગઈકાલે રાત્રે જે નાટક રચ્યું, તેણે દેશભરના લાખો આંદોલનકારીઓ, વિદ્યાર્થીઓ અને નિષ્ઠાવાન નાગરિકોના દિલ તોડી નાખ્યા છે. સતત ૨૫-૨૫ દિવસના કઠિન ઉપવાસનો દાવો કર્યા પછી, અચાનક જ કોઈ જ માંગણી સ્વીકારાયા વગર આંદોલનનો સંકેલો કરી લેતાં સોનમ વાંગચુક સામે સણસણતા સવાલો ઊભા થયા છે.

#### અંધારામાં રમાઈ રાજકીય રમત: સાથીઓને વિશ્વાસમાં લીધા વગર પારણાં!

સોનમ વાંગચુક જે માંગણીઓને લઈને ઉપવાસ પર બેઠા હતા અને જે સરકાર સામે મોરચો માંડીને બેઠા હતા, તે જ ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાના હાથે જ્યુસ પીને તેમણે




પોતાના ઉપવાસ સમૂળગા સમેટી લીધા છે. સૌથી વધુ ચોંકાવનારી અને શંકાસ્પદ બાબત એ છે કે આ નિર્ણય લેતા પહેલાં તેમણે આંદોલન સાથે જોડાયેલા અન્ય કોઈ નેતાઓ, મંચના સભ્યો કે જમીન પર લડી રહેલા કાર્યકરોને વિશ્વાસમાં પણ લીધા નહોતા. અડધી રાત્રે છાનામાના પારણાં કરી લેવાની આ નીતિથી સ્પષ્ટ થાય છે કે આંદોલનને અધવચ્ચે લાવીને દિશાવિહીન કરી દેવાનું આ એક આગોતરું આયોજન હતું.

#### રાહુલ ગાંધીની કૂચ અને વાંગચુકનું બદલાયેલું વલણ!

જે ક્ષણે કોંગ્રેસ નેતા અને વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ સંસદ તરફ કૂચ કરી અને આંદોલનને દેશવ્યાપી રાજકીય સમર્થન મળવા લાગ્યું, એ જ સાંજે સોનમ વાંગચુકના સુરમાં અચાનક બદલાવ આવ્યો હતો. પહેલીવાર તેમણે સામે ચાલીને ઉપવાસ સમેટી લેવાની વાત વહેતી કરી હતી. ત્યારથી જ સોશિયલ મીડિયા અને રાજકીય વર્તુળોમાં ગંધ આવવા લાગી હતી કે વાંગચુક હવે લડાઈ છોડીને ભાગવાના મૂડમાં છે. અને આખરે એ જ અપેક્ષા મુજબ તેમણે પોતાની 'અંગત મહત્વકાંક્ષા' અને સત્તાધીશો સાથેની કોઈ ગુપ્ત સમજૂતી હેઠળ આખી ક્રાંતિ પર પાણી ફેરવી દીધું.

#### અન્ના હજારેના ઈતિહાસનું પુનરાવર્તન

સોનમ વાંગચુકની આ હિલચાલે આજે દેશને વર્ષો અગાઉ દિલ્હીના રામલીલા મેદાનમાં અન્ના હજારેએ કરેલા આંદોલનની યાદ અપાવી દીધી છે. ત્યારે પણ આખો દેશ રસ્તા પર ઉતરી આવ્યો હતો, પરંતુ અંતે આંદોલનનો ઉપયોગ અમુક લોકોએ પોતાના રાજકીય રોટલા શેકવા માટે જ કર્યો હતો. આજે વાંગચુકે પણ એ જ નીતિ અપનાવીને સાબિત કરી દીધું છે કે જનતાના મુદ્દાઓ માત્ર કાગળ પર અને કેમેરા સામે જ સીમિત રહે છે.

#### "આંદોલન કોઈ એક વ્યક્તિનું નથી" — અભિજીત દીપકની બુલંદ હાકલ

સોનમ વાંગચુક ભલે સત્તાધીશો સામે ઝૂકી ગયા હોય, પણ આ આંદોલનનો અગ્નિ હજુ શાંત થયો નથી. અભિજીત દીપકે વાંગચુકના આ પગલાં સામે આકરા પ્રહારો કરતાં અત્યંત સ્પષ્ટ અને આક્રમક શબ્દોમાં જાહેરાત કરી છે કે:

"સોનમ વાંગચુકના પારણાં કરવાથી કે પીછેહઠ કરવાથી આ લડાઈ નબળી નહીં પડે. આ આંદોલન હવે જનતા અને વિદ્યાર્થીઓનો અવાજ બની ચૂક્યું છે. જ્યાં સુધી કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું લેવામાં નહીં આવે અને વિદ્યાર્થીઓને ન્યાય નહીં મળે, ત્યાં સુધી આ આંદોલન આ જ રીતે સણસણતા અવાજે ચાલુ રહેશે."

હાલ તો વાંગચુકના આ નિર્ણયથી આંદોલનકારીઓમાં ભારે આક્રોશ છે, પરંતુ બીજી તરફ લડાયક નેતાઓએ સ્પષ્ટ કરી દીધું છે કે ગદ્દારી કરનારા ભલે રસ્તો બદલી લે, આંદોલનની મશાલ બુઝાવા દેવામાં નહીં આવે!

**- ગ્રુપ એડિટર પવન માકન**

## પ્રગતિનો નવો નિયમ: લડ્યા વગર જીતવાની ફોર્મ્યુલા!

દરેક યુદ્ધ તલવારથી નથી જીતી શકતા અમુક યુદ્ધ તો સામે વાળાની ઈર્ષા અને નકારાત્મકતાને સાવ નજરઅંદાજ કરીને, પોતાની શાંતિથી જ જીતી લેવાના હોય છે. મૂર્ખાઓ સાથે લડવામાં જે પોતાની ઊર્જા બગાડે એ ક્યારેય પ્રગતિ નથી કરી શકતા સાચો વિજેતા એ છે જે લડ્યા વગર જ સામે વાળાની હાર નક્કી કરી નાખે!



#### લડાઈ વગરનું મહાયુદ્ધ

આજના આધુનિક યુગમાં પ્રગતિનો એક બહુ મોટો અને નવો નિયમ છે જો તમે દરેક ઈંટનો જવાબ પથ્થરથી આપવા જશો, તો તમારું પોતાનું જ ઘર ક્યારેય પૂરું નહીં થાય. જ્યારે તમે સફળતાના માર્ગે આગળ વધો છો, ત્યારે વગર કારણે પગ ખેંચનારા, ઈર્ષા કરનારા અને કાદવ ઉછાળનારા લોકો ડગલે ને પગલે મળશે. સામાન્ય માણસ શું કરે છે? એ એ નકારાત્મક લોકો સામે લડવા ઊભો રહી જાય છે, પોતાની કિંમતી ઊર્જા અને સમય વેડફી નાખે છે અને અંતે પોતાનું જ નુકસાન કરે છે.

પરંતુ બુદ્ધિશાળી અને મજબૂત કિરદાર ધરાવતો માણસ 'લડ્યા વગર જીતવાની ફોર્મ્યુલા' જાણે છે. તે વિરોધીઓના અખાડામાં ઉતરતો જ નથી. તે પોતાની પ્રગતિની ગતિ એટલી પ્રચંડ કરી દે છે કે નકારાત્મક લોકો આપોઆપ પાછળ છૂટી જાય છે.

ચોમાસામાં જ્યારે કોઈ ગંદુ નાળું કે નાનો વહેળો ઉભરાય છે, ત્યારે એ બહુ અવાજ કરે છે. એ કાદવ અને કચરો લઈને ગમે ત્યાં ઘૂસી જવાનો પ્રયત્ન કરે છે. હવે કલ્પના કરો કે એક વિશાળ, અફાટ સમુદ્ર એ નાળાના કાદવથી ક્યારેય વિચલિત થાય ખરો? શું સમુદ્ર એ નાળા સાથે લડવા માટે કિનારો છોડીને બહાર આવે છે?

ના, સમુદ્ર સાવ શાંત રહે છે. એ પોતાની ગરિમા અને ગંભીરતા ક્યારેય નથી છોડતો. એ નાળાના ગંદા પાણીને પણ પોતાના વિશાળ પેટમાં સમાવી લે છે અને થોડા જ સમયમાં એ ગંદકીનું અસ્તિત્વ સમુદ્રના ખારા પાણીમાં ઓગળીને સાવ નાબૂદ થઈ જાય છે.

તમારી ઈર્ષા કરનારા કે તમને ઉશ્કેરનારા લોકો એ ગંદા નાળા જેવા છે. જો તમે એમની સાથે લડવા જશો, તો કાદવ તમારા પર જ ઉડશે. સમુદ્ર જેવા વિશાળ અને ગંભીર બનો. તમારું મૌન અને તમારી ગરિમા જ સામે વાળાના અહંકારને ઓગાળવા માટે કાફી છે.

જ્યારે કોઈ રોકેટને અંતરિક્ષમાં મોકલવાનું હોય, ત્યારે પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ બળ એને નીચે ખેંચવાનો પૂરો પ્રયત્ન કરે છે. વાતાવરણનું ઘર્ષણ પણ એની ગતિ રોકવા મથે છે. હવે જો રોકેટ એ ગુરુત્વાકર્ષણ સાથે લડવા બેસે અથવા હવામાં જ અટકી જાય, તો એ ક્યારેય અંતરિક્ષમાં ન પહોંચી શકે.

રોકેટ શું કરે છે? એ નીચેની તરફ પ્રચંડ અગ્નિ છોડે છે (જે એની મહેનત અને સંકલ્પ છે) અને પૂરી તાકાતથી પોતાની ગતિ વધારી દે છે. એક ચોક્કસ ઊંચાઈ (Escape Velocity) પર પહોંચ્યા પછી પૃથ્વીનું ગુરુત્વાકર્ષણ આપોઆપ શૂન્ય થઈ જાય છે અને રોકેટ અનંત આકાશમાં મુક્ત થઈને તરે છે.

સમાજના નકારાત્મક લોકો આ ગુરુત્વાકર્ષણ જેવા છે, જે તમને નીચે ખેંચવા માંગે છે. એમની સાથે લડવામાં સમય ન બગાડો. તમારી મહેનતની સ્પીડ એટલી વધારી દો કે તમે એમના ઈર્ષાના વર્તુળથી ઘણા ઉપર નીકળી જાઓ, જ્યાં એમની કોઈ પણ નકારાત્મકતા તમને સ્પર્શી પણ ન શકે.

#### લડ્યા વગર જીતવાની '3-સ્ટેપ ફોર્મ્યુલા' (The Silent Victory)

સંપૂર્ણ અવગણના (Strategic Ignorance)ટીકા કરનારાઓનો સૌથી મોટો ખોરાક 'તમારી પ્રતિક્રિયા' છે. જો તમે એમને ભાવ આપવાનું જ બંધ કરી દો, તો એમનો અડધો ઉત્સાહ ત્યાં જ મરી જશે. લડ્યા વગર જીતવાનું આ પહેલું પગથિયું છે.

ઊર્જાનું સાચું રોકાણ (Energy Redirection) વિરોધીઓ પર ગુસ્સો કરવામાં જે શક્તિ વપરાતી હતી, તેને બમણી તાકાતથી તમારા લક્ષ્ય અને પ્રગતિ પાછળ લગાડી દો. તમારી સફળતા જ એમની સૌથી મોટી સજા બનવી જોઈએ. મૌનથી મોટો કોઈ જવાબ નથી (Silence is Deadly)જ્યારે તમે શાંત રહીને પરિણામ આપો છો, ત્યારે સામે વાળો માણસ તમારી માનસિક તાકાત જોઈને જ અંદરથી ડરી જાય છે. દુનિયાનું સૌથી મોટું હથિયાર અવાજ નથી, પણ શાંતિપૂર્વક મેળવેલી સફળતા છે.

સિંહ ક્યારેય કુતરાઓની રેસમાં નથી દોડતો. એ પોતાની મસ્તીમાં જંગલનો રાજા બનીને ફરે છે. જો લોકો વગર કારણે તમારા દુશ્મન બની રહ્યા છે, તો એનો સીધો અર્થ એ છે કે તમે જીતી રહ્યા છો. પ્રગતિનો આ નવો નિયમ આજે જ ગાંઠે બાંધી લો 'તમારે કોઈને હરાવવા માટે લડવાની જરૂર નથી, બસ તમારે એટલા મોટા બની જવાનું છે કે સામે વાળો આપોઆપ નાનો થઈ જાય!'

શાંતિથી, કિરદારની મજબૂતી સાથે માત્ર તમારા લક્ષ્ય તરફ આગળ વધો. તમારી લડાઈ વગરની આ જીત જ ઈતિહાસ રચશે!

**દર્શના પટેલ**
**(નેશનલ મેડાલિસ્ટ, નેશનલ એવોર્ડથી સન્માનિત) સ્પોર્ટ્સ ટીચર**

## દિલ્હી જંતર-મંતર પર 'ગોદી મીડિયા'નો બહિષ્કાર: વિદ્યાર્થીઓનો આક્રોશ કે મીડિયાની વિશ્વસનીયતા પર પ્રશ્નાર્થ?

**ટીવી ન્યૂઝ ચેનલોના માલિકો અને રાજકીય કનેક્શનના આંકડા વાયરલ, આંદોલનકારી યુવાનોનો સીધો સવાલ: "શું આ મીડિયા આપણો તટસ્થ અવાજ બની શકે?"**

દિલ્હીના જંતર-મંતર ખાતે પોતાના ભવિષ્ય અને ન્યાય માટે આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓ અને યુવાનો વચ્ચે હવે એક નવો મોરચો ખુલ્યો છે. દેશભરમાં ચર્ચા જાગી છે કે આંદોલનકારી યુવાનો દ્વારા મુખ્ય પ્રવાહની કેટલીક ન્યૂઝ ચેનલો અને તેમના પત્રકારોનો બહિષ્કાર કરવામાં આવી રહ્યો છે. એક વર્ગનું માનવું છે કે વિદ્યાર્થીઓ મીડિયા સાથે અયોગ્ય વર્તન કરી રહ્યા છે, પરંતુ બીજી તરફ યુવાનો એ વાત ઉજાગર કરી રહ્યા છે કે તેઓ આ પગલું ભરવા માટે કેમ મજબૂર બન્યા છે.

સોશિયલ મીડિયા પર અને આંદોલનની જગ્યાએ મુખ્ય પ્રવાહની ન્યૂઝ ચેનલોના માલિકો અને તેમના રાજકીય જોડાણ અંગેના કેટલાક તથ્યો વાયરલ થઈ રહ્યા છે, જેના કારણે મીડિયાની તટસ્થતા સામે ગંભીર સવાલો ઊભા થયા છે.

**વાયરલ આંકડા અને ન્યૂઝ ચેનલોના માલિકી હકના કનેક્શન પર મોટા પ્રશ્નો**

વિદ્યાર્થીઓ અને વિશ્લેષકો દ્વારા રજૂ કરાયેલા આંકડા મુજબ, દેશની ટોચની ન્યૂઝ ચેનલોના માલિકી હક અને તેમના વરિષ્ઠ ચહેરાઓનું ક્યાંક ને ક્યાંક ચોક્કસ રાજકીય કે આર્થિક હિતો સાથે જોડાણ જોવા મળે છે:

ઝી ન્યૂઝ (Zee News): જેના ભૂતપૂર્વ માલિક સુભાષચંદ્ર અગ્રવાલ શાસક પક્ષના સમર્થનથી રાજ્યસભાના સાંસદ રહી ચૂક્યા છે.

ન્યૂઝ 24 (News 24): જેમના માલિક અનુરાધા પ્રસાદ છે, જેઓ પૂર્વ કેન્દ્રીય મંત્રી રવિશંકર પ્રસાદના બહેન થાય છે.

આર. ભારત (R. Bharat): અર્નબ ગોસ્વામીના પિતા મનોરંજન ગોસ્વામી ભૂતકાળમાં શાસક પક્ષની ટિકિટ પર ચૂંટણી લડી ચૂક્યા છે.

ઈન્ડિયા ટીવી (India TV): માલિક રજત શર્મા પોતાના વિદ્યાર્થીકાળથી જ સત્તાધારી પક્ષની વિદ્યાર્થી પાંખ અને વિચારધારા સાથે જોડાયેલા રહ્યા છે.

ન્યૂઝ 18 (News 18) અને NDTV: દેશના સૌથી મોટા ઉદ્યોગપતિ જૂથોના હાથમાં જેનું નિયંત્રણ છે, જેમના સંબંધો અને પ્રભાવ વિશે કોઈ અજાણ નથી.

**આંદોલનકારી યુવાનોનો તર્ક: 'અમારો અવાજ દબાવનારાઓને કવરેજ કેમ આપીએ?'**

વિદ્યાર્થીઓનો આરોપ છે કે જ્યારે તેઓ પોતાના ભવિષ્ય, પેપર લીક અને રોજગારી જેવા ગંભીર મુદ્દાઓ પર અવાજ ઉઠાવે છે, ત્યારે આ ચેનલો તેમની વાસ્તવિક માગણીઓ દર્શાવવાને બદલે મુદ્દાને ભટકાવવાનો કે તેમને બદનામ કરવાનો પ્રયાસ કરે છે.

યુવાનોનું કહેવું છે કે જે મીડિયા માત્ર સત્તાનો અવાજ બનીને રહે અને પ્રજાના પ્રશ્નોને નજરઅંદાજ કરે, તેને જંતર-મંતર જેવા લોકશાહીના મંચ પર કવરેજ કરવાનો નૈતિક અધિકાર રહેતો નથી.

**'પાક્કો ગુજરાત' વિશ્લેષણ: લોકશાહીના ચોથા સ્તંભ માટે ખતરાની ઘંટડી**

લોકશાહીમાં મીડિયાને 'ચોથો સ્તંભ' ગણવામાં આવે છે, જેનું મુખ્ય કામ સત્તા સામે સત્ય બોલવાનું અને પ્રજાનો અવાજ બનવાનું છે. પરંતુ જ્યારે આંદોલન કરી રહેલા યુવાનો અને દેશનો નાગરિક જ મીડિયા પરથી વિશ્વાસ ગુમાવી દે, ત્યારે તે આખી પત્રકારત્વ પ્રણાલી માટે અત્યંત ચિંતાજનક બાબત છે.

## NEETનું બહાનું... કે ધર્મેન્દ્ર પ્રધાનને ટાર્ગેટ કરવાની પહેલેથી જ તૈયાર કરેલી સ્ક્રિપ્ટ?

### NTA અને શિક્ષણ મંત્રાલય વચ્ચેનો મોટો તફાવત, રાજીનામાની માંગ પાછળ પેપર લીકનો આક્રોશ છે કે નવી શિક્ષણ નીતિનો બદલો?

નવી દિલ્હી / અમદાવાદ

દેશભરમાં NEET-UG પરીક્ષામાં ગેરરીતિ અને પેપર લીકને લઈને ચારેય તરફ હોબાળો મચેલો છે. વિદ્યાર્થીઓ અને વિપક્ષી નેતાઓ રસ્તા પર ઉતરીને ભારે વિરોધ પ્રદર્શન કરી રહ્યા છે. પરંતુ આ આખા વિવાદમાં એક અત્યંત ચોંકાવનારો રાજકીય સમીકરણ સામે આવી રહ્યો છે, જેણે અનેક ગંભીર પ્રશ્નો ઊભા કર્યા છે.

તકનીકી અને વહીવટી રીતે જોવામાં આવે તો NEETની પરીક્ષા નેશનલ ટેસ્ટિંગ એજન્સી એટલે કે NTA દ્વારા લેવામાં આવે છે, જેના વડા પ્રદીપ કુમાર જોશી છે. પરંતુ વિરોધ કરનારાઓની મુખ્ય તીર અને રાજીનામાની સીધી માંગણી દેશના શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન સામે થઈ રહી છે.

હવે સવાલ એ ઊભો થાય છે કે આખરે કેમ? શું આ લડાઈ માત્ર વિદ્યાર્થીઓના ન્યાય પૂરતી સીમિત છે કે પછી આની પાછળ કોઈ ઊંડો રાજકીય એજન્ડા કામ કરી રહ્યો છે?




#### કારણ માત્ર NEET છે... કે પછી નવી શિક્ષણ નીતિનો અસંતોષ?

રાજકીય વિશ્લેષકોના મતે, આ સમગ્ર વિરોધ પાછળનું કારણ માત્ર પેપર લીક ન હોઈ શકે. શિક્ષણ મંત્રાલય દ્વારા તાજેતરમાં અમલમાં મુકાયેલી 'નવી શિક્ષણ નીતિ' (NEP) અને અભ્યાસક્રમમાં કરાયેલા ઐતિહાસિક ફેરફારોથી એક ચોક્કસ વર્ગ અને વિચારધારામાં ભારે અસંતોષ વ્યાપેલો છે.

જ્યારથી શિક્ષણ ખાતા દ્વારા અભ્યાસક્રમમાં ક્રાંતિકારી ફેરફારો કરવામાં આવ્યા છે:

ભારતીય સંસ્કૃતિ અને હિન્દુ રાજાઓનો વારસો: મુગલોના ઈતિહાસના અતિશયોક્તિભર્યા વર્ણનને બદલે ભારતીય રાજાઓ, મૌર્ય સામ્રાજ્ય, મરાઠા સામ્રાજ્ય અને હિન્દુ શાસકોના સાચા પરાક્રમોને પાઠ્યપુસ્તકોમાં યોગ્ય અને ગૌરવપૂર્ણ સ્થાન આપવામાં આવ્યું.

કટોકટીના કાળા અધ્યાયનું સત્ય: ઈન્દિરા ગાંધી દ્વારા દેશ પર લાદવામાં આવેલી કટોકટી (Emergency) અને તેના લોકશાહી વિરોધી કાળા કૃત્યોનું સત્ય નવી પેઢી સુધી પહોંચાડવાનો નિર્ણય લેવાયો.

ત્યારથી એક ચોક્કસ રાજકીય ધડાને મરચાં લાગ્યાં છે અને તેઓ શિક્ષણ મંત્રાલયને ટાર્ગેટ કરવાની તકની રાહ જોઈ રહ્યા હતા.

#### પેપર લીક વિરુદ્ધ રાજકારણ: પહેલાં ક્યાં હતો આ આક્રોશ?

જો ખરેખર મુદ્દો માત્ર વિદ્યાર્થીઓના હિત અને પેપર લીક પૂરતો જ હોત, તો ભૂતકાળમાં પણ દેશના અનેક રાજ્યોમાં ડઝનબંધ મોટા પેપર લીકના કાંડ સામે આવ્યા હતા. ભૂતકાળમાં પણ લાખો વિદ્યાર્થીઓનું ભવિષ્ય રોળાયું હતું. પરંતુ ત્યારે આટલો દેશવ્યાપી હોબાળો, દિલ્હીમાં મોટા આંદોલનો અને સીધા શિક્ષણ મંત્રીના રાજીનામાની માંગ કેમ જોવા ન મળી?

આજે ઊભો થયેલો અસંતોષ વિદ્યાર્થીઓના ન્યાય માટે ઓછો અને રાજકીય હિસાબકિતાબ ચૂક્તે કરવાનો વધારે દેખાઈ રહ્યો છે.

#### 'પાક્કો ગુજરાત' વિશ્લેષણ: સત્ય અને ન્યાય વચ્ચેની બારીક રેખા

પેપર લીક કરનાર કોઈ પણ હોય, તેને કડકમાં કડક સજા મળવી જ જોઈએ. દેશના મહેનતુ વિદ્યાર્થીઓને ન્યાય મળવો એ પ્રાથમિકતા છે અને તેમાં કોઈ બાંધછોડ હોઈ શકે નહીં.

પરંતુ NEETના બહાને શિક્ષણ ક્ષેત્રે થયેલા રાષ્ટ્રીય અને ક્રાંતિકારી સુધારાને રોકવાનો અથવા તેનો બદલો લેવાનો પ્રયાસ જો રાજકીય પાર્ટીઓ કરી રહી હોય, તો દેશનો જાગૃત નાગરિક આ રમતને બરાબર સમજી રહ્યો છે.

હવે મોટો સવાલ એ જ રહે છે કે... વિરોધ NEETની ગેરરીતિ સામે થઈ રહ્યો છે કે પછી શિક્ષણમાં ઉજાગર થયેલા ઐતિહાસિક સત્ય સામે?

## પેપર લીક મામલે દેશભરમાં ખળભળાટ: આવતીકાલે કેન્દ્રીય કેબિનેટમાં લેવાઈ શકે છે ધમાકેદાર નિર્ણય!

દેશભરમાં છેલ્લા કેટલાક સમયથી વિવિધ ભરતી પરીક્ષાઓમાં પેપર લીક થવાની ઘટનાઓએ લાખો યુવાનોના ભવિષ્ય પર પ્રશ્નાર્થચિહ્ન મૂકી દીધું છે. ગુજરાતથી લઈને દેશના ખૂણે-ખૂણે મહેનતુ વિદ્યાર્થીઓનો આક્રોશ ચરમસીમા પર છે. ત્યારે હવે આ ગંભીર મુદ્દે દેશની સર્વોચ્ચ સત્તા એટલે કે કેન્દ્ર વતી ખુદ પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મોટો અને મક્કમ સંકેત આપી દીધો છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પોતાના સત્તાવાર સોશિયલ મીડિયા હેન્ડલ પર શેર કરેલી એક વિશેષ રીલમાં સ્પષ્ટ ઈશારો કર્યો છે કે દેશમાં પરીક્ષાઓની પારદર્શિતા અને યુવાનોના ભવિષ્યની સુરક્ષા માટે હવે કોઈ પણ પ્રકારની ચલાવી લેવાય તેવી નીતિ રહેશે નહીં. આવતીકાલની કેન્દ્રીય કેબિનેટ બેઠક પર સૌની નજર સૂત્રોના જણાવ્યા અનુસાર, આવતીકાલે યોજાનારી કેન્દ્રીય કેબિનેટની મહત્વપૂર્ણ બેઠકમાં પેપર લીકની ગંગોત્રી સમાન માફિયાઓ અને સંગઠિત ગુનાખોરી સામે ઐતિહાસિક અને અત્યંત કડક નિર્ણય લેવામાં આવી શકે છે. જો કેબિનેટ આ પ્રસ્તાવ પર મંજૂરીની મહોર મારશે, તો દેશભરની તમામ કેન્દ્રીય અને રાજ્ય સ્તરની ભરતી પરીક્ષાઓ માટે એક નવું, સખત અને કાનૂની માળખું અમલમાં આવી જશે.

#### આ નિર્ણયથી શું બદલાશે? (સંભવિત કડક પગલાં):

માફિયાઓ સામે બુલડોઝર જેવી કાર્યવાહી: પેપર લીક કરનાર ગિરોહ, કાળો કારોબાર ચલાવતી એજન્સીઓ અને વચેટિયાઓ સામે જામીન ન મળે તેવા કડક ગુના હેઠળ કેસ નોંધાશે. મિલકતો જપ્તી અને ભારે દંડ: માત્ર જેલની સજા જ નહીં, પરંતુ પેપર લીકના ગુનામાં સંડોવાયેલા દોષિતોની મિલકતો જપ્ત કરવા સુધીની કડક જોગવાઈઓ આવી શકે છે. પરીક્ષા તંત્રનું ડિજિટલ સક્ષમીકરણ: પ્રશ્નપત્રોના પ્રિન્ટિંગથી લઈને પરીક્ષા કેન્દ્રો સુધી પહોંચાડવાની આખી પ્રક્રિયા માટે ફુલ-પ્રૂફ સેન્ટ્રલ પ્રોટોકોલ લાગુ કરાશે. જવાબદારીની નિશ્ચિતતા: જે-તે ભરતી બોર્ડ અને વહીવટી અધિકારીઓની સીધી જવાબદારી નક્કી કરવામાં આવશે. નાની માછલીઓ જ નહીં, પણ મોટા મગરમચ્છો પણ હવે છટકી શકશે નહીં. લાંબા સમયથી દેશનો યુવા વર્ગ રસ્તા પર ઊતરીને 'જવાબદારી' અને 'કડક કાયદા'ની માંગ કરી રહ્યો હતો. રાજકીય વિશ્લેષકોના મતે, વડાપ્રધાન મોદીનો આ સંકેત દર્શાવે છે કે સરકાર હવે આ મુદ્દાને માત્ર વહીવટી નિષ્ફળતા તરીકે નહીં.



### ₹20 હજાર માસિક ભાડાની લાલચ... અને ખેડૂતોના ટ્રેક્ટર ગાયબ!

# ઝાલોદમાં ગરીબ ખેડૂતોને સોલાર પ્લાન્ટમાં ટ્રેક્ટર ભાડે મુકાવવાની લાલચ આપી કથિત છેતરપિંડીનો મોટો આક્ષેપ

- **7 ટ્રેક્ટર અને 1 તુફાન ગાડી મળી કુલ 8 વાહનો પડાવી લીધા હોવાની ફરિયાદ**
- **લોન લઈને ખરીદેલા ટ્રેક્ટરોના હપ્તા ખેડૂતો ભરે... વાહનો કથિત રીતે અન્ય લોકોના કબજામાં!**

ઝાલોદ, પંકજ પંડિત

ઝાલોદ તાલુકામાં ગરીબ ખેડૂતોને તેમના જીવનનિર્વાહના સૌથી મોટા સાધન એવા ટ્રેક્ટર પર મહિને 20 હજાર ભાડું મળવાની લાલચ આપીને કથિત રીતે છેતરવામાં આવ્યા હોવાનો ચોંકાવનારો મામલો સામે આવ્યો છે. ખેડૂતો પાસેથી ટ્રેક્ટર લઈ લીધા બાદ ન તો નિયમિત ભાડું આપવામાં આવ્યું અને ન તો વાહનો પરત કરવામાં આવ્યા હોવાના ગંભીર આક્ષેપો સાથે મુનખોસલા ગામના ખેડૂત નિલેશભાઈ શંકરભાઈ વગેલાએ પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

ફરિયાદ મુજબ, નિલેશભાઈએ વર્ષ 2023માં લોન લઈને આઈસર ટ્રેક્ટર ખરીદ્યું હતું. ટ્રેક્ટર પર હજુ લોન ચાલુ છે અને દર ત્રિમાસિક હપ્તો ભરવો પડે છે. ખેતીકામ અને ભાડેથી ખેતીકામ કરી પરિવારનું ગુજરાન ચલાવતા ખેડૂતને સોલાર પ્લાન્ટમાં ટ્રેક્ટર મુકાવવાથી દર મહિને 20 હજાર ભાડું મળશે તેવી લાલચ આપવામાં આવી હતી.

આ લાલચ બાદ તા. 14 માર્ચ 2026ના રોજ ટ્રેક્ટર અન્ય વ્યક્તિઓને સોંપવામાં આવ્યું હતું. શરૂઆતમાં 20 હજાર એડવાન્સ ભાડું આપવામાં આવ્યું અને થોડા દિવસોમાં લેખિત કરાર કરી દર મહિને ભાડું ચૂકવવાની ખાતરી આપવામાં આવી હતી. પરંતુ ટ્રેક્ટર સોંપ્યા બાદ કથિત રીતે કરાર માટે વારંવાર બહાના કરવામાં આવ્યા અને બાદમાં ફોન બંધ કરી દેવામાં આવ્યા હોવાનો આક્ષેપ છે.

#### ખેડૂત ટ્રેક્ટર શોધે છે, આરોપીઓના ફોન બંધ!

ફરિયાદી અને તેમના પરિવારજનો દ્વારા વારંવાર ટ્રેક્ટર પરત માંગવામાં આવ્યું હતું. પરંતુ કથિત રીતે ક્યારેક રજાનું બહાનું, ક્યારેક બહારગામ હોવાનો જવાબ અને ત્યારબાદ ફોન બંધ–આ રીતે ટ્રેક્ટર પરત ન આપવાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. આ ઘટનાથી ખેડૂત પરિવારમાં ચિંતા અને આર્થિક મુશ્કેલી સર્જાઈ છે. એક તરફ લોનના હપ્તા ભરવાની જવાબદારી યથાવત છે, તો બીજી તરફ ખેતી અને રોજગારીનું મુખ્ય સાધન ગણાતું ટ્રેક્ટર જ પરત મળતું નથી.

#### એક નહીં... 8 વાહનોનો કથિત ખેલ?

ફરિયાદમાં વધુ ચોંકાવનારો આક્ષેપ કરવામાં આવ્યો છે કે આ જ રીતે ઝાલોદ તાલુકાના અન્ય ખેડૂતો પાસેથી પણ ટ્રેક્ટર અને વાહનો ભાડે મુકાવવાની લાલચ આપી લઈ લેવામાં આવ્યા હોવાની ફરિયાદીને જાણ થઈ છે. ફરિયાદ મુજબ, વિવિધ ખેડૂતોના કુલ 7 ટ્રેક્ટર અને 1 તુફાન ગાડી મળી કુલ 8 વાહનો કથિત રીતે ભાડે મુકાવવાની વાત કરી વિશ્વાસમાં લઈ લેવામાં આવ્યા છે અને ત્યારબાદ પરત આપવામાં આવ્યા નથી.

#### ગરીબ ખેડૂતોના પરસેવાની કમાણી પર કથિત નજર?

ખેડૂત વર્ષો સુધી મહેનત કરીને, લોન લઈને અને હપ્તા ભરીને ટ્રેક્ટર ખરીદે છે. આ ટ્રેક્ટર માત્ર વાહન નહીં પરંતુ સમગ્ર પરિવારની રોજગારીનું સાધન હોય છે. આવા ખેડૂતોને માસિક ભાડાની મોટી લાલચ આપી વિશ્વાસમાં લઈ ટ્રેક્ટર લઈ જવામાં આવ્યા હોય તો આ સમગ્ર મામલો અત્યંત ગંભીર બની શકે છે. ખેડૂતોનો આક્ષેપ છે કે તેમના ટ્રેક્ટર પરત ન મળતા તેઓ ભારે આર્થિક સંકટમાં ફસાયા છે. લોનના હપ્તા ભરવા માટે પૈસા નથી અને ખેતી તથા ભાડેથી મળતી આવકનું મુખ્ય સાધન પણ હાથમાં નથી.

#### પોલીસ તપાસમાં કથિત છેતરપિંડીના સમગ્ર નેટવર્કનો પર્દાફાશ થશે?

ફરિયાદમાં ચાર વ્યક્તિઓ સામે ગંભીર આક્ષેપો કરવામાં આવ્યા છે. પોલીસે સમગ્ર મામલાની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરી ખરેખર કેટલા ખેડૂતો પાસેથી વાહનો લેવામાં આવ્યા છે,

વાહનો હાલ ક્યાં છે અને આ સમગ્ર કથિત છેતરપિંડી પાછળ કોઈ મોટું નેટવર્ક છે કે કેમ તે અંગે તપાસ કરવી જરૂરી બની છે. જો ફરિયાદમાં કરાયેલા આક્ષેપો તપાસમાં સાચા સાબિત થાય તો ગરીબ ખેડૂતોને ભાડાની લાલચ આપી તેમના જીવનનિર્વાહના વાહનો પડાવી લેવાનો આ સમગ્ર મામલો ઝાલોદ તાલુકામાં ગંભીર ચિંતાનો વિષય બની શકે છે.

---

### પોશીના માર્ગ ઉપર દાંતીયા પાસે

## હવે નહીં સહીએ અન્યાય, નીટ પેપર લીકના દોષિતોને સજા આપો..! : વિદ્યાર્થીઓની ગુંજ

ડીસા

નીટ પરીક્ષા સંબંધિત પેપર લીકના ગંભીર મુદ્દા તથા નવી દિલ્હીના જંતર-મંતર ખાતે પોતાના ન્યાયસંગત હકો માટે શાંતિપૂર્ણ રીતે વિરોધ કરી રહેલા વિદ્યાર્થીઓ સાથે થયેલી કથિત બર્બરતા અને દુર્વ્યવહારના વિરોધમાં ડીસા શહેરના વિદ્યાર્થીઓ દ્વારા શનિવાર, તા. 25/07/2026ના રોજ સવારે 10:30 કલાકે વિશાળ વિરોધ રેલીનું આયોજન કરવામાં આવ્યું છે.

આ રેલીનો મુખ્ય હેતુ દેશભરના વિદ્યાર્થીઓને પારદર્શક, નિષ્પક્ષ અને વિશ્વસનીય પરીક્ષા વ્યવસ્થા મળે તેમજ વિદ્યાર્થીઓના લોકશાહી અધિકારોનું રક્ષણ થાય તે માટે અવાજ ઉઠાવવાનો છે. વિદ્યાર્થીઓનું માનવું છે કે લાખો યુવાનોના ભવિષ્ય સાથે જોડાયેલી સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં કોઈપણ પ્રકારની ગેરરીતિ દેશના શિક્ષણતંત્ર પર પ્રશ્નાર્થ ઊભો કરે છે. આવા મુદ્દાઓ સામે એકતા દર્શાવવી અને જવાબદાર તંત્ર સુધી વિદ્યાર્થીઓની લાગણી પહોંચાડવી સમયની માંગ છે. રેલી દરમિયાન વિદ્યાર્થીઓ શાંતિપૂર્ણ અને બંધારણીય રીતે પોતાના વિચારો રજૂ કરશે તથા શિક્ષણમાં પારદર્શિતા, જવાબદારી અને ન્યાયની માંગ સાથે આવેદનપત્ર પણ રજૂ કરશે.

ડીસા શહેર અને સમગ્ર ડીસા તાલુકાના તમામ શાળા, કોલેજ, કોચિંગ સંસ્થાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ, સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારી કરતા યુવાનો, વાલીઓ તથા શિક્ષણપ્રેમી નાગરિકોને આ વિશાળ રેલીમાં જોડાઈને વિદ્યાર્થી એકતાનું પ્રતીક બનવા હાર્દિક અપીલ કરવામાં આવે છે.

આ રેલી કોઈ વ્યક્તિગત કે રાજકીય હિત માટે નહીં, પરંતુ વિદ્યાર્થીઓના ભવિષ્ય, શિક્ષણમાં પારદર્શિતા અને ન્યાય માટે આયોજિત કરવામાં આવી રહી છે. વધુમાં વધુ સંખ્યામાં ઉપસ્થિત રહી આ લોકશાહી અભિયાનને સફળ બનાવશો તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવે છે.

આ રેલી તારીખ 25 જુલાઈ, 2026 (શનિવાર) ના રોજ સમય સવારે 10:30 કલાકે ડીસા ખાતે એલ. એચ. કોર્પોરેટ હબ થી શરૂ થશે જે બગીચા સર્કલ થઈ ફુવારા, ગાયત્રી મંદિર, જલારામ મંદિર થઈ પ્રાંત કચેરીએ આવેદન આપી પૂર્ણ થશે.

---

## કમલાબાગ પોલીસની સતર્કતાથી અજાણ્યા મૃતકની ઓળખ થઈ, વાલીવારસ મળ્યા

ગોસા (ઘેડ), વિરમભાઈ કે. આગઠ

પોરબંદરના કમલાબાગ પોલીસ સ્ટેશન વિસ્તાર હેઠળ આવેલા સીતારામનગર ખાતેથી મળી આવેલા એક અજાણ્યા પુરુષના બિનવારસી મૃતદેહની ઓળખ આખરે સ્થાપિત થઈ છે. કમલાબાગ પોલીસની સતર્ક કામગીરી અને પ્રેસ મીડિયામાં પ્રસિદ્ધ થયેલા અહેવાલોના પરિણામે મૃતકના વાલીવારસ મળી આવ્યા હોવાનું જાણવા મળ્યું છે. અગાઉ કમલાબાગ પોલીસ સ્ટેશનમાં અકસ્માતે મોત નં. ૨૬/૨૦૨૬ તથા ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ ૧૯૪ મુજબ કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ભાવસિંહજી હોસ્પિટલના ડો. તાવરી દ્વારા જાહેર કરાયેલી વિગતો મુજબ અજાણ્યા પુરુષનું કુદરતી રીતે મૃત્યુ થયું હોવાનું બહાર આવ્યું હતું. મૃતદેહની ઓળખ અને વાલીવારસની શોધખોળ માટે તેને ભાવસિંહજી હોસ્પિટલના કોલ્ડ રૂમમાં રાખવામાં આવ્યો હતો અને તા.૨૩/૦૭/૨૦૨૬ના રોજ પોસ્ટમોર્ટમ કરવામાં આવ્યું હતું. મૃતકનું વર્ણન આશરે ૪૫ વર્ષની ઉંમર, ૫ ફૂટ ૬ ઇંચ ઊંચાઈ, ઘઉંવર્ણો રંગ, કાળા-ભૂરા વાળ, સફેદ દાઢી તથા પેન્ટ અને ટી-શર્ટ પહેરેલા હોવાનું હતું.

---

### ગ્રામજનોએ રેસ્ક્યૂ કરી જીવ બચાવ્યો

## ઈડરના ચિત્રોડી ગામે કોઝવે પરથી પસાર થતી વખતે બાઈક સાથે યુવક તણાયો..!

ઈડર, જાકીર મેમણ

સાબરકાંઠા જિલ્લાના ઈડર તાલુકામાં આવેલા ચિત્રોડી ગામે એક મોટી દુર્ઘટના ટળી છે. ચિત્રોડી ગામની નદી પર આવેલા કોઝવે પરથી પસાર થઈ રહેલો એક યુવક પાણીના તેજ પ્રવાહમાં પોતાની બાઈક સાથે તણાઈ ગયો હતો. જોકે, સ્થાનિક લોકોની સમયસૂચકતા અને ભારે જહેમતને કારણે યુવકનો આબાદ બચાવ થયો છે.



મળતી માહિતી મુજબ, આજે ઈડર તાલુકાના ચિત્રોડી ગામેથી પસાર થતી નદીના કોઝવે પરથી એક યુવક પોતાની બાઈક લઈને જઈ રહ્યો હતો. આ દરમિયાન અચાનક પાણીનું વહેણ વધી જતાં યુવક બાઈક પરથી સંતુલન ગુમાવી બેઠો હતો અને જોતજોતામાં બાઈક સાથે પાણીના પ્રવાહમાં તણાવવા લાગ્યો હતો.

આ ઘટનાની જાણ થતાં જ આસપાસના ગ્રામજનો તાત્કાલિક નદી કિનારે દોડી આવ્યા હતા. તણાઈ રહેલા યુવકને જોઈને ગ્રામજનોએ ક્ષણનો પણ વિલંબ કર્યા વગર તેને બચાવવાની કામગીરી શરૂ કરી હતી. સ્થાનિકોએ ભારે જહેમત ઉઠાવીને યુવકને પાણીના પ્રવાહમાંથી સલામત રીતે બહાર કાઢી લીધો હતો. યુવકનો જીવ બચી જતાં ઘટનાસ્થળે હાજર સૌ કોઈએ રાહતનો શ્વાસ લીધો હતો.

વરસાદી મોસમમાં નદી-નાળા અને કોઝવે પર પાણીનો પ્રવાહ અચાનક વધી જતો હોવાથી અકસ્માતો સર્જાતા હોય છે. આ ઘટનાને પગલે સ્થાનિક તંત્ર અને ગ્રામજનો દ્વારા તમામ લોકોને અપીલ કરવામાં આવી છે કે ચોમાસા દરમિયાન નદીના કોઝવે કે નીચાણવાળા માર્ગો પરથી પાણી વહી રહ્યું હોય ત્યારે જીવના જોખમે પસાર થવું નહીં.

---

## ઝગડીયાના રાજપારડીમાં સોસાયટીમાં વરસાદી પાણીનો ભરાવો થતા સ્થાનિકો વિફર્યા

### રાજપારડી નગરની રાજ રાજેશ્વરી સોસાયટીના રહીશોએ રસ્તારોકો આંદોલન કરતા તંત્ર દોડતું થયું

રાજપારડી, ઈરફાન ખત્રી

ઝગડિયા તાલુકાના રાજપારડી નગરમાં ગઈકાલ રાતથી ધોધમાર વરસાદ વરસી રહ્યોછે ઝગડિયા તાલુકામાં આજે સવારથી આઠ કલાકમાં ચાર ઈંચથી વધુ વરસાદ ખાબકતા તાલુકાના નીચાણ વારા વિસ્તારો પાણીમાં ગરકાવ થયા હતા આ દરમિયાન બપોરે રાજપારડીથી ઝગડિયા તરફ જતા મુખ્ય ધોરીમાર્ગની નજીક રાજપારડી નગરની રાજ રાજેશ્વરી સોસાયટીમાં એકાએક નજીકના નાળામાંથી વરસાદી પાણી ભરાવવાની શરૂઆત થતા આ વરસાદી પાણી સોસાયટીના રહીશોના મકાનોમાં પાણી ભરાય જતા રહીશોને નુકસાન સહિત ભારે મુશ્કેલીઓનો સામનો કરવો પડ્યો હતો વર્ષોથી આ વિસ્તારમાં વરસાદી પાણી ભરાવવાની સમસ્યા હોઈ રહીશો રોષે ભરાયા હતા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી જોડતા માર્ગ પર બેસી જઈ રસ્તા




રોકો આંદોલન કરતા વાહનોની લાંબી કતારો જામી હતી સોસાયટીના રહીશોએ જણાવ્યું હતું કે આ સોસાયટીમાં વર્ષોથી વરસાદી પાણી ભરાવવાની સમસ્યાછે દરેક ચોમાસાની ઋતુ દરમિયાન મકાનોમાં પાણી ફરી વરેછે અને વાહનોના એન્જીનો પાણીમાં ગરકાવ થતા હોઈ પારાવાર નુકશાન વેઠવાનો વારો આવેછે રાત્રી દરમિયાન નાના બાળકો સાથે પાણી ભરાવવાના ડરથી ઉંઘી પણ શકાતું નથી સ્થાનિક તંત્ર તેમજ તાલુકાના તંત્રને અવારનવાર રજુઆત કરવા છતાં કોઈ નક્કર પરિણામ નહિ મળતા રસ્તા રોકો આંદોલન કરી તંત્રને જગાડવાનો પ્રયાસ કર્યો હતો સોસાયટીના રહીશોએ સ્ટેચ્યુ ઓફ યુનિટી ને જોડતા માર્ગ પર રસ્તા રોકો આંદોલન કરતા તંત્ર દોડતું થયું હતું અને રાજપારડી પોલીસ મથકના પી.આઈ. દેસાઈ તેમના પોલીસ જવાનો સાથે ઘટના સ્થળે દોડી આવી હતા અને રહીશોને માર્ગ પર વાહનોની અવરજવર પુર્વવત કરવા સમજાવ્યા હતા.

---

### દક્ષિણ ગુજરાત અને દાદરા-નગર હવેલીમાં

## પૂર વચ્ચે ફસાયેલા આદિવાસી મજૂર પરિવારોને તાત્કાલિક બચાવવાની માંગ

ઝાલોદ, પંકજ પંડિત

દક્ષિણ ગુજરાત અને દાદરા-નગર હવેલી વિસ્તારમાં ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિને પગલે મુશ્કેલીમાં ફસાયેલા આદિવાસી મજૂર પરિવારોને તાત્કાલિક બચાવી સલામત સ્થળે ખસેડવા માટે ઝાલોદના સામાજિક કાર્યકર નીલમ એમ. વસૈયા દ્વારા સરકાર સમક્ષ માનવતાવાદી અપીલ કરવામાં આવી છે.

નીલમ એમ. વસૈયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહ, ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તેમજ PMO, ગૃહ મંત્રાલય, NDMA અને NDRFને અપીલ કરી જણાવ્યું છે કે રાજસ્થાન, મધ્યપ્રદેશ તેમજ દાહોદ, પંચમહાલ સહિત ગુજરાતના આદિવાસી વિસ્તારોમાંથી હજારો મજૂરો પોતાના પરિવારનું ભરણપોષણ કરવા દક્ષિણ ગુજરાત અને દાદરા-નગર હવેલીમાં રોજગારી માટે ગયા છે. હાલ ભારે વરસાદ અને પૂર જેવી પરિસ્થિતિમાં અનેક મજૂર પરિવારો પાણીમાં ફસાયા હોવાની ચિંતા વ્યક્ત કરવામાં આવી છે.

આ પરિવારોમાં મહિલાઓ, નાના બાળકો, વૃદ્ધો અને સગર્ભા મહિલાઓ પણ સામેલ હોઈ શકે છે ત્યારે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવાની માંગ કરવામાં આવી છે. અસરગ્રસ્ત તમામ આદિવાસી મજૂર પરિવારોને યુદ્ધના ધોરણે સલામત સ્થળે ખસેડવા તેમજ તેમને ખોરાક, શુદ્ધ પીવાનું પાણી, દવાઓ, આરોગ્ય સેવાઓ અને સલામત આશ્રય ઉપલબ્ધ કરાવવા અપીલ કરાઈ છે. આ ઉપરાંત અસરગ્રસ્ત વિસ્તારોમાં NDRF, SDRF અને જિલ્લા વહીવટીતંત્ર દ્વારા વિશેષ રાહત અને બચાવ કામગીરી હાથ ધરવા, મહિલાઓ, બાળકો, સગર્ભા મહિલાઓ અને વૃદ્ધોને પ્રાથમિકતા આપવા તેમજ પરિસ્થિતિ વધુ ગંભીર બને તો મજૂર પરિવારોને તેમના વતન રાજ્યોમાં સુરક્ષિત અને સન્માનપૂર્વક પહોંચાડવા માટે વિશેષ પરિવહન વ્યવસ્થા કરવાની પણ માંગ કરવામાં આવી છે. નીલમ એમ. વસૈયાએ વધુમાં જણાવ્યું છે કે ઓળખપત્ર, પૈસા કે અન્ય સંસાધનોના અભાવે કોઈપણ મજૂર પરિવાર સરકારી સહાયથી વંચિત ન રહે તેની પણ ખાતરી કરવામાં આવે.

"એક પણ આદિવાસી મજૂર પાણીમાં ફસાયેલો ન રહે, એક પણ બાળક ભૂખ્યું ન સૂવે અને એક પણ પરિવાર લાચારીથી મદદની રાહ ન જુએ" – તેવી ભાવનાત્મક અપીલ સાથે તેમણે જણાવ્યું કે આ રાજકારણનો નહીં પરંતુ માનવતાનો સમય છે.

---

## ભાજપના કાર્યકર્તાએ દારૂ પીધેલી હાલતમાં હિટ એન્ડ રન કર્યું હોવાનો આક્ષેપ: લારીવાળો ઘાયલ

વડોદરા

વડોદરા શહેરના મકરપુરા ongc પાસે ઉભી રહેતી લારીમાં ગઈકાલે રાત્રે વાહન ચાલકે ગફલત ભરી રીતે ચલાવી લારી સાથે અકસ્માત કરતા ઈંડાની લારી ચલાવતા ગરીબ વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી તેઓને સારવાર માટે 108ની મદદ લઈ તાત્કાલિક દવાખાને પહોંચાડવામાં આવ્યા હતા. અકસ્માત સર્જનાર ભાજપનો કાર્યકર્તા હોવાનું બહાર આવ્યું છે. વડોદરા શહેરમાં રોજબરોજ હિટ એન્ડ રનની ઘટના સામાન્ય બની ગઈ છે ગઈકાલે રાત્રે એક વાહન ચાલકે ફોરવીલર ગાડી ગફલત ભરી રીતે ચલાવીને મકરપુરા ongcના અને હજીરા વચ્ચે મુખ્ય રસ્તા પર રાત્રિના સમયે લારીઓ ઉભી રહે છે તેમાં અકસ્માત કર્યો હતો. જેને કારણે ઈંડાની લારી ચલાવતા વ્યક્તિને ગંભીર ઈજા પહોંચી હતી ઈજા પામેલા વ્યક્તિની દીકરીએ મકરપુરા પોલીસમાં ફરિયાદ નોંધાવાની કાર્યવાહી કરી છે અને તેમણે આક્ષેપ કર્યો છે.

---

### બોટ, લાઈફ જેકેટ અને રેસ્ક્યુ વાહન સહિતના આધુનિક સાધનો સાથે ફાયર ફાઈટર્સ સુરત જવા રવાના

## સુરતમાં પૂરની પરિસ્થિતિને પગલે છોટાઉદેપુરથી ખાસ રેસ્ક્યુ ટીમ અધતન સાધનો સાથે રવાના થઇ

છોટાઉદેપુર, ઇમરાન મિર્ઝા

સુરત શહેરમાં થઈ રહેલા ભારે વરસાદના કારણે સર્જાયેલી પૂરની પરિસ્થિતિને ધ્યાને રાખીને, ત્યાં રાહત અને બચાવ કામગીરીમાં મદદરૂપ થવાના આશયથી છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ હેડક્વાર્ટર ફાયર સ્ટેશન ખાતેથી એક વિશેષ રેસ્ક્યુ ટીમ તમામ જરૂરી સાધન-સામગ્રી સાથે સુરત ખાતે રવાના કરવામાં આવી છે.

છોટાઉદેપુર સ્ટેશન ફાયર ઓફિસર યુવરાજસિંહ ગોહિલે વિગતો આપતા જણાવ્યુ કે, રીઝનલ ફાયર ઓફિસર (RFO), સ્ટેટ ફાયર પ્રિવેન્શન સર્વિસીસ, વડોદરા તરફથી મળેલી સૂચના અને પરિસ્થિતિની ગંભીરતાને ધ્યાને રાખીને આપાતકાલીન બચાવ કામગીરી માટે ટીમને તાત્કાલિક સુરત ફાળવવામાં આવી છે. વધુમા તેમણે જણાવ્યુ કે, રવાના કરાયેલ ફાયર ટીમમાં મનોજકુમાર ડીંડોર - લીડીંગ ફાયરમેન, રાજુભાઈ રાઠવા - ડ્રાઈવર-કમ-પંપ ઓપરેટર, જયેશકુમાર ખપેડ - ફાયરમેન-કમ-ડ્રાઈવર, હિતેન્દ્રકુમાર લીમચિયા - ફાયરમેન-કમ-ડ્રાઈવર સાથે વાહન અને અદ્યતન બચાવ સાધનોમાં રેસ્ક્યુ વાહન ટ્રોલી સાથેનું વાહન, બોટ OBM મશીન અને પેટ્રોલ ટેન્ક સાથેની ઓરેન્જ ફાઈબર બોટ, લાઈફ જેકેટ ૦૫ નંગ, લાઈફ રિંગ ૦૫ નંગ, નાયલોન રોપ (દોરડાં) ૩૦ મીટરના ૨ નંગ, ટોર્ચ ૦૨ નંગ, બિલાડી એંકર/ગ્રાપલિંગ હૂક ૦૧ નંગ અને હલેસા ૦૨ નંગ સામેલ છે.

---

## હવામાન વિભાગની આગાહીના પગલે પડેલા વરસાદના કારણે હાઈવે પર પાણી ભરતાં યાત્રિકોને હાલાકી

અંબાજી

જે રીતે ગુજરાતમાં હવામાન વિભાગે જે રીતે અલગ અલગ જિલ્લાઓમાં આગાહી કરવામાં આવી હતી ત્યારે યાત્રાધામ અંબાજીમાં પણ લાંબા સમય બાદ વરસાદ મન મૂકીને વર્ષો હતો ત્યારે અંબાજીના પોલીસ સ્ટેશન આગળ અને હાલમાં બનાવેલું હંગામી બસ સ્ટેન્ડ આગળ ના રોડ ઉપર પાણી ભરાતા બસ સ્ટેન્ડ થી આવતા જતા યાત્રિકો અને સ્થાનિક લોકોને અંબાજી થી હિંમતનગર હાઈવે ઉપર પાણી ભરાતાં લોકોને મુશ્કેલીનો સામનો કરવાનો વારો આવ્યો હતો પરંતુ આ રોડ ઉપર કોઈ પહેલી વાર પાણી નથી ભરાયું પરંતુ દર વર્ષે ચોમાસામાં આ રોડ ઉપર પાણી ભરાતું હોય છે અને યાત્રિકો અને સ્થાનિક લોકોને પણ હાલાકીનો સામનો કરવાનો વારો આવતો હોય છે ત્યારે અવારનવાર ચોમાસામાં પાણી ભરાતા તંત્ર દ્વારા પાણી નિકાલ માટે કોઈપણ પ્રકારની કાર્યવાહી કરવામાં આવતી નથી.



'લાંબા સમય બાદ બોલ્યા પણ ન બોલ્યા જેવું': દિયા

# પેપર લીક બાબતે મોદી 47 દિવસ મૌન રહેતા દિયા મિર્ઝાએ આકરા સવાલો કર્યા

મુંબઈ

એક્ટ્રેસ દિયા મિર્ઝાએ NEET પેપર લીક વિવાદ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદીના તાજેતરના નિવેદન અંગે પોતાની નિરાશા વ્યક્ત કરી છે. સોશિયલ મીડિયા પર એક નોંધ શેર કરતા દિયાએ કહ્યું કે પીએમનું નિવેદન સંવેદનહીન હતું.

તેણે સવાલ ઉઠાવ્યો કે અઠવાડિયાથી ઉપવાસ પર બેઠેલા વિદ્યાર્થીઓ, વિરોધ કરી રહેલા યુવાનો અને પોતાના બાળકો ગુમાવનારા પરિવારો માટે એક પણ શબ્દ કેમ કહેવામાં આવ્યો નથી. આ પ્રતિક્રિયા પીએમ મોદીના તે વીડિયો મેસેજ પછી આવી છે, જેમાં તેમણે ફાસ્ટ-ટ્રેક કોર્ટ અને કડક કાયદા બનાવવાની ખાતરી આપી હતી. દિયા મિર્ઝાએ પોતાના ઈન્સ્ટાગ્રામ પર એક ભાવુક નોટ શેર કરતા સરકારના વલણની ટીકા કરી. તેણે લખ્યું, 'તે માતા-પિતા માટે સહાનુભૂતિનો એક શબ્દ પણ નહીં, જેમણે પોતાના બાળકો ગુમાવ્યા. પોતાના અધિકારોની માગ કરી રહેલા વિદ્યાર્થીઓના સંઘર્ષ, સોનમજી અને અઠવાડિયાથી ભૂખ હડતાળ પર બેઠેલા વિદ્યાર્થીઓ માટે કંઈ કહેવામાં આવ્યું નથી. સર, આટલા કઠિન કેવી રીતે હોઈ શકે?'

દિયાએ વડાપ્રધાનના મોડા બોલવા પર સવાલ ઉઠાવતા આગળ લખ્યું, 'તમને કંઈ કહેવામાં 47 દિવસ લાગ્યા. અને હવે જ્યારે તમે કહ્યું છે, તો પણ કંઈ કહ્યું નથી. એવું કંઈ પણ નથી, જે તે લાખો તૂટેલા દિલને રાહત આપી શકે.' પીએમ મોદીએ વીડિયો મેસેજમાં શું કહ્યું?

PM મોદીએ ગુરુવારે મધ્યરાત્રિ 12 વાગ્યે વિદ્યાર્થીઓ માટે વીડિયો સંદેશ જારી કર્યો હતો. તેમણે કહ્યું હતું કે સરકાર પેપર લીક વિરુદ્ધ કડક સજાની જોગવાઈ કરતો કાયદો બનાવશે.

PM મોદીએ X હેન્ડલ પર 2.56 મિનિટનો એક વીડિયો મેસેજ પોસ્ટ કર્યો. કહ્યું- પેપર લીક કોઈ સામાન્ય વિષય નથી. લાખો વિદ્યાર્થીઓ, તેમના માતા-પિતા માટે પીડાદાયક છે. તેથી પેપર લીકથી અત્યાર સુધી, છેલ્લા અઢી મહિનામાં ઘણા પગલાં લેવામાં આવ્યા છે. ગુનેગારોને પકડ્યા છે, તેઓ જેલમાં છે. અમારી જવાબદારી હતી કે વિદ્યાર્થીઓનું વર્ષ બરબાદ ન થાય, તેથી ઓછા સમયમાં 22 લાખ વિદ્યાર્થીઓની પરીક્ષા કરાવી. 19 જુલાઈએ પરિણામ પણ આવી ગયું. જંતર-મંતર પર એક મહિનાથી ચાલુ હતું CJPનું પ્રદર્શન દિલ્હીના જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટી (CJP)ના નેતૃત્વમાં વિદ્યાર્થી સંગઠનો લગભગ એક મહિનાથી સતત પ્રદર્શન કરી રહ્યા છે.

**જંતર-મંતર પર એક મહિનાથી ચાલુ હતું CJPનું પ્રદર્શન**

# ખેસારી લાલ યાદવ પર ભડકી મલાઈકા અરોરા

## ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી વીડિયો રી-શેર કરવા ઉપરાંત મલાઈકાએ શેર કરાયેલા વીડિયો પર પણ બે કમેન્ટ કરી

મુંબઈ

એક્ટ્રેસ મલાઈકા અરોરા તાજેતરમાં ભોજપુરી સ્ટાર ખેસારી લાલ યાદવ પર ભડકી ગઈ છે. એટલું જ નહીં એક્ટ્રેસ તેમને ઓળખી પણ શકી નહીં અને તેમના અસ્તિત્વ પર સવાલ ઉભા કર્યા.

તાજેતરમાં ખેસારી લાલ યાદવ એક ઈવેન્ટનો ભાગ બન્યા હતા. જેમ જ તેઓ પોઝ આપવા માટે કેમેરામેન સામે પહોંચ્યા, તો તેમણે જોયું કે જે જગ્યાએ બેકગ્રાઉન્ડ બેનર લાગેલું છે, બરાબર તે જ જગ્યાએ એક સ્ટ્રીટ ડોગ બેઠું છે. ખેસારી લાલ યાદવે પોતે તો કૂતરાને સ્પર્શ પણ ન કર્યો, પરંતુ ત્યાં હાજર ટીમે તે કૂતરાને નિર્દયતાથી ઘસડીને ત્યાંથી અલગ કરી દીધો. ખેસારી લાલ યાદવ શાંત ઊભા રહીને જોતા રહ્યા અને કૂતરાને હટાવ્યા પછી તેમણે ત્યાં પોઝ આપ્યા. ઈવેન્ટનો વીડિયો સામે આવ્યા પછી મલાઈકા ભડકી ગઈ. મલાઈકાએ પોતાના ઓફિશિયલ સોશિયલ મીડિયા એકાઉન્ટ પરથી ખેસારી લાલ યાદવનો તે વીડિયો શેર કરીને ભડકતા લખ્યું છે, 'આ લોકો કોણ છે અને આ માણસ કોણ છે, જે ઊભો રહીને પોઝ આપી રહ્યો છે. વાહિયાત.'

આટલું જ નહીં. ઓફિશિયલ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પરથી વીડિયો રી-શેર કરવા ઉપરાંત મલાઈકા અરોરાએ શેર કરાયેલા વીડિયો પર પણ બે કમેન્ટ કરી. પહેલી કમેન્ટમાં મલાઈકાએ લખ્યું, 'વાહિયાત'. અને બીજી કમેન્ટમાં તેણે લખ્યું, 'આ બેવકૂફ કોણ છે, શું તેના માટે પોઝ આપવો આટલો જરૂરી હતો.' મલાઈકાની કોમેન્ટ સામે આવ્યા બાદ ઘણા લોકો ખેસારી લાલ યાદવની તરફેણ કરતા તેમની ઓળખ જણાવી રહ્યા છે. જ્યારે કેટલાક ટ્રોલર્સ એવા પણ છે, જે મલાઈકાને જ ટ્રોલ કરી રહ્યા છે.



# મોદી હૈ તો મુમકિન ગીત દબાણ હેઠળ કર્યું હતું : રાજકુમાર રાવ

## અનેક યૂઝર્સે સ્ક્રીન શોટ વાયરલ કરી દેતાં રાજકુમાર રાવ નવા વિવાદમાં


મુંબઈ

રાજુકુમાર રાવ ભૂતકાળમાં પોતે 'મોદી હૈ તો મુમકિન હૈ' સોંગ દબાણમાં આવીને કર્યું હોવાનો સ્વીકાર કરતાં ભારે વિવાદ થયો છે. જોકે, બાદમાં રાજકુમારે પોતાની આ પોસ્ટ ડિલીટ કરી દીધી હતી.

સોશિયલ મીડિયા પર રાજકુમાર રાવે હાલનાં વિદ્યાર્થી આંદોલનને સપોર્ટ કરતી એક પોસ્ટ મૂકી હતી. તેના જવાબમાં એક ચાહકે તેને અગાઉ મોદી હૈ તો મુમકિન હૈ સોંગ શા માટે કર્યું હતું તેવો સવાલ પૂછ્યો હતો. આ ગીત પછી તારા માટે માન ઉતરી ગયું છે તેમ આ ચાહકે જણાવ્યું હતું. આ સવાલના જવાબમાં રાજકુમાર રાવે લખ્યું હતું કે કેવાં કેવાં દબાણો હોય છે તેની તમને લોકોને ક્યારેય ખબર હોતી નથી. એક ગીત હું કોણ છું કે મારી શું વિચારધારા છે તે દર્શાવી શકે નહીં. હું જે સાચું હોય છે જે આપણને માનવ તરીકે એક રાખે તેને સમર્થન આપતો હોઉં છું.

મને આશા છે કે થોડા સમયમાં હું ફરી તમારું માન મેળવવાને લાયક બનીશ.

જોકે, થોડા સમયમાં જ રાજકુમાર રાવે આ કોમેન્ટ ડિલીટ કરી દીધી હતી. પરંતુ તેના સ્ક્રીન શોટ થોડીવારમાં જ વાયરલ થઈ ગયા હતા. ઉલ્લેખનીય છે કે આ ગીતમાં રાજકુમાર રાવની સાથે અન્ય સંખ્યાબંધ ફિલ્મ કલાકારો પણ હતા. મુંબઈમાં અભિનેતા રાજકુમાર રાવે વિદ્યાર્થી આંદોલનને ટેકો આપતી પોસ્ટ પર ચાહકના સવાલનો જવાબ આપ્યો હતો. તેણે 'મોદી હૈ તો મુમકિન હૈ' ગીત દબાણ હેઠળ કર્યું હોવાનું કબૂલી, 'કેવાં દબાણો હોય છે તેની તમને ખબર નથી' તેમ જણાવ્યું. જોકે, બાદમાં રાજકુમારે આ કોમેન્ટ ડિલીટ કરી દીધી હતી, પરંતુ તેના સ્ક્રીનશોટ વાયરલ થતાં તે નવા વિવાદમાં સપડાયો છે. નોંધનીય છે કે રાજકુમાર રાવ NEET પેપર લીકના સંદર્ભમાં જંતર મંતર પર વિદ્યાર્થીઓના વિરોધ પ્રદર્શનમાં જોડાયેલા બૉલિવૂડ સ્ટાર્સના સમૂહગીતમાં જોડાયા. તેમણે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરી, જેમાં લખ્યું કે દરેક અવાજને આદર સાથે સાંભળવો જોઈએ.





# PMના સંદેશ બાદ સલમાનની વિદ્યાર્થીઓને અપીલ

## સલમાન ખાને લખ્યું હતું કે, "અભ્યાસ અને સુરક્ષા, બંને બાબતોમાં દેશના વિદ્યાર્થીઓ આપણી પ્રાથમિકતા છે. તેથી વિદ્યાર્થીઓએ કે તેમના માતા-પિતાએ ચિંતા કરવાની જરૂર નથી."

મુંબઈ

બોલિવૂડ સુપરસ્ટાર સલમાન ખાને CJP વિરોધ પ્રદર્શન (CJP Protest) ને લઈને ફરી એકવાર પોતાની પ્રતિક્રિયા આપી છે. 24 કલાકની અંદર પોતાની બીજી સોશિયલ મીડિયા પોસ્ટમાં 'ભાઈજાને' આંદોલન કરી રહેલા વિદ્યાર્થીઓને પ્રદર્શન સમાપ્ત કરીને પોતાના ઘરે પરત ફરવા માટે વિનંતી કરી છે. પોતાની પોસ્ટમાં સલમાન ખાને લખ્યું હતું કે, "અભ્યાસ અને સુરક્ષા, બંને બાબતોમાં દેશના વિદ્યાર્થીઓ આપણી પ્રાથમિકતા છે. તેથી વિદ્યાર્થીઓએ કે તેમના માતા-પિતાએ ચિંતા કરવાની જરૂર નથી." વડાપ્રધાન નરેન્દ્ર મોદીની જાહેરાતનો ઉલ્લેખ કરતા સલમાન ખાને આગળ લખ્યું કે, "આદરણીય વડાપ્રધાને ટ્વીટ કર્યું છે અને મને પૂરો વિશ્વાસ છે કે તેઓ આ પેપર લીક માટે જવાબદાર લોકો સામે કડકમાં કડક કાર્યવાહી કરશે. તેથી તમામ વિદ્યાર્થીઓને વિનંતી છે કે કૃપા કરીને તમારા માતા-પિતા પાસે અને ઘરે પાછા ફરી જાઓ." "જો ચાહો તો ઘરેથી જમવાનું મોકલી આપું" આ સાથે જ સલમાન ખાને આંદોલન પર બેઠેલા પર્યાવરણવિદ અને સામાજિક કાર્યકર સોનમ વાંગચુકને પણ પોતાનું અનશન ખતમ કરવા વિનંતી કરી હતી. તેમણે સોનમ વાંગચુકને સંબોધીને લખ્યું કે, "સોનમ, હવે બસ થઈ ગયું. આને વધુ આગળ ન ખેંચો. જો જરૂર પડે તો આ જઝબાને કોઈ અન્ય દિવસ માટે બચાવીને રાખો અને અત્યારે કંઈક ખાવા-પીવાનું શરૂ કરી દો. જો તમે ચાહો તો હું મારા ઘરેથી તમારા માટે જમવાનું મોકલી આપું." અગાઉ બુધવારે કરેલી પોતાની પોસ્ટમાં સુપરસ્ટાર સલમાન ખાને આંદોલન હિંસક બનવા પર ઊંડા દુઃખની લાગણી વ્યક્ત કરી હતી. તેમણે લખ્યું હતું કે, "આ આંદોલન ખૂબ જ શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યું હતું. પરંતુ તે ખૂબ જ દુઃખની વાત છે કે આ આંદોલને અચાનક હિંસક રૂપ ધારણ કરી લીધું. આ દરમિયાન જે પણ વિદ્યાર્થીઓ અને તેમના પરિજનો ઈજાગ્રસ્ત થયા છે, તેમના પ્રત્યે મારી પૂરી સંવેદના છે."


# ફિલ્મ દુલ્હનિયા લે આયેગી!:સંબંધો પર નહીં, સમાજની વિચારસરણી પર નિશાન સાધે છે

મુંબઈ

શું 30 વર્ષની ઉંમર વટાવ્યા પછી છોકરીના લગ્ન કરાવી દેવા સૌથી મોટી પ્રાથમિકતા હોવી જોઈએ? આ જ સવાલ ઉઠાવે છે નિર્દેશક આકાશા દિત્ય લામાની ફિલ્મ 'દુલ્હનિયા લે આયેગી'. કોમેડી, ઈમોશન અને પારિવારિક સંબંધોના તાણાવાણામાં ગૂંથાયેલી આ ફિલ્મ મનોરંજનની સાથે એક જરૂરી સામાજિક સંદેશ પણ આપે છે કે લગ્નની કોઈ એક્સપાયરી ડેટ હોતી નથી. જોકે વાર્તા ઘણી જગ્યાએ અનુમાનિત લાગે છે, પરંતુ તેનો ઉદ્દેશ્ય અને ક્લાઈમેક્સ ફિલ્મને એકવાર જોવા લાયક બનાવી દે છે. આ ફિલ્મની લંબાઈ 2 કલાક 8 મિનિટ છે. ફિલ્મની વાર્તા 32 વર્ષીય નવ્યા (ખુશાલી કુમાર)ની આસપાસ ફરે છે. વધતી ઉંમરને લઈને તેના પિતા (મહેશ માંજરેકર) સતત તેના લગ્નની ચિંતા કરતા રહે છે. ઉતાવળમાં તેના લગ્ન એક એવા છોકરા સાથે નક્કી કરી દેવામાં આવે છે, જેના પહેલાથી ઘણી છોકરીઓ સાથે અફેર રહી ચૂક્યા હોય છે.

નવ્યાને આ સત્યની જાણ થઈ જાય છે, પરંતુ તે પોતાના પિતાનું દિલ તોડવા માંગતી નથી. તે આ વાત તેમનાથી છુપાવી લે છે અને નક્કી કરે છે કે લગ્ન તો તે જ દિવસે થશે, પરંતુ સાચા વર સાથે. આ પછી તેના માટે સાચા જીવનસાથીની શોધ શરૂ થાય છે, જેમાં ઘણી મજેદાર અને ભાવુક ઘટનાઓ સામે આવે છે. આ સફરમાં ઓમકાર કપૂરનું પાત્ર પણ વાર્તામાં મહત્વનો વળાંક લઈને આવે છે.

ફિલ્મનો સૌથી મજબૂત પક્ષ તેનો ક્લાઈમેક્સ છે. અંતે નિર્દેશક આ સંદેશ આપે છે કે સરકારે ભલે છોકરીઓના લગ્નની ન્યૂનતમ ઉંમર નક્કી કરી દીધી હોય, પરંતુ લગ્નની કોઈ એક્સપાયરી ડેટ હોતી નથી. છોકરીએ ત્યારે જ લગ્ન કરવા જોઈએ, જ્યારે તેને સાચો જીવનસાથી મળે. જોકે પહેલા હાફમાં વાર્તા થોડી ધીમી ગતિએ આગળ વધે છે અને ઘણી ઘટનાઓ પહેલેથી જ અનુમાનિત લાગે છે. જો સ્ક્રીનપ્લે પર થોડું વધુ કામ કરવામાં આવ્યું હોત તો ફિલ્મ વધુ પ્રભાવશાળી બની શકી હોત.



## કોમનવેલ્થ ગેમ્સનો બીજો દિવસ, પેરા પાવરલિફ્ટિંગમાં ઉતરશે 7 ખેલાડીઓ

# સ્વિમિંગમાં શ્રીહરિ સેમિફાઈનલમાં, પેરા સ્વિમિંગમાં કાર્તિક-અલી ફાઈનલમાં પહોંચ્યા

મુંબઈ

ગ્લાસગો કોમનવેલ્થ ગેમ્સના બીજા દિવસે ભારત માટે સારી શરૂઆત રહી. સ્વિમર શ્રીહરિ નટરાજ મેન્સ 50 મીટર બેકસ્ટ્રોકના સેમિફાઈનલમાં પહોંચી ગયો છે. જ્યારે પેરા સ્વિમિંગના મેન્સ 100 મીટર ફ્રીસ્ટાઈલ S13 વર્ગમાં કાર્તિક (આરવીવીબીકે) બુડિગિના અને અલી ઈમામે ફાઈનલ માટે ક્વોલિફાય કરી લીધું છે. દિવસભરમાં 14 ગોલ્ડ મેડલ ઈવેન્ટ્સ યોજાશે, જ્યારે ભારતીય ખેલાડીઓ આર્ટિસ્ટિક જિમ્નાસ્ટિક્સ, પેરા પાવરલિફ્ટિંગ, સ્વિમિંગ, લૉન બોલ્સ અને બોક્સિંગમાં પડકાર રજૂ કરશે. પેરા પાવરલિફ્ટિંગમાં 4 ગોલ્ડ ઈવેન્ટ ભારતીય દળની સૌથી વધુ આશાઓ પેરા પાવરલિફ્ટિંગમાંથી છે. આમાં 7 ભારતીય ખેલાડીઓ 6 મેડલ ઈવેન્ટ્સમાં ઉતરશે. સાંજે 5:40 વાગ્યે અશોક કુમાર મલિક અને પરમજીત કુમાર મેન્સ લાઈટવેઈટ




કેટેગરીમાં રમશે. આ પછી મહિલા લાઈટવેઈટમાં જસપ્રીત કૌર અને સુમન દેવી પડકાર રજૂ કરશે. મોડી રાત્રે કસ્તૂરી રાજામણિ મહિલા હેવીવેઈટ અને ઝંડુ કુમાર તથા સુધીર મેન્સ હેવીવેઈટ ફાઈનલમાં ઉતરશે. સ્વિમિંગમાં શ્રીહરિ નટરાજે 50 મીટર બેકસ્ટ્રોક હીટમાં 25.52 સેકન્ડનો સમય કાઢ્યો. તે પોતાની હીટમાં પાંચમા અને ઓવરઓલ 14મા સ્થાને રહ્યો, જેનાથી તેણે સેમિફાઈનલમાં જગ્યા બનાવી લીધી. તેનો સેમિફાઈનલ મોડી રાત્રે લગભગ 12:30 વાગ્યે થશે. પેરા સ્વિમિંગમાં 18 વર્ષના કાર્તિક બુડિગિનાએ પુરુષ 100 મીટર ફ્રીસ્ટાઈલ S13 હીટમાં 57.10 સેકન્ડના સમય સાથે ત્રીજું સ્થાન હાંસલ કર્યું. જ્યારે અલી ઈમામ 1:05.32 મિનિટ સાથે આઠમા સ્થાને રહ્યો. આ સ્પર્ધામાં કુલ આઠ તરવૈયા હોવાને કારણે બંને ભારતીય ફાઈનલમાં પહોંચી ગયા છે, જેનું આયોજન રાત્રે 12 વાગ્યે થશે. જિમ્નાસ્ટિક્સમાં તપેશ્વરનાથ દાસ, સ્વાથિશ કેપી, તપન મોહંતી અને યોગેશ્વર સિંહ મેન્સ ટીમ અને વ્યક્તિગત ક્વોલિફિકેશનમાં ઉતરશે. રાત્રે 10 વાગ્યે મેન્સ ટીમ ફાઈનલ રમાશે. જ્યારે લૉન બૉલ્સમાં મહિલા પેયર્સમાં રૂપા રાણી તિર્કી અને પિંકીની જોડી દક્ષિણ આફ્રિકા સામે સેક્શનલ રાઉન્ડ-2 મુકાબલો રમશે.

## અફઘાનિસ્તાન સાથેની ટી20 સીરિઝનું શેડ્યૂલ જાહેર

મુંબઈ

ભારતીય ક્રિકેટ કંટ્રોલ બોર્ડ અને અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ દ્વારા ભારત અને અફઘાનિસ્તાન વચ્ચેની આગામી T20 આંતરરાષ્ટ્રીય શ્રેણીના સત્તાવાર સમયપત્રકની જાહેરાત કરી દેવામાં આવી છે. આ શ્રેણીમાં અફઘાનિસ્તાન ક્રિકેટ બોર્ડ સત્તાવાર યજમાનની ભૂમિકા ભજવશે. અફઘાનિસ્તાનની આંતરિક સુરક્ષા સ્થિતિને ધ્યાનમાં રાખીને, આ સમગ્ર શ્રેણી ભારતમાં દિલ્હીના ઐતિહાસિક અરુણ જેટલી સ્ટેડિયમ ખાતે યોજાશે.

તાજેતરમાં આયરલેન્ડ અને ઈંગ્લેન્ડના પ્રવાસ પર ટીમ ઈન્ડિયાને વ્હાઈટ-બોલ ક્રિકેટમાં ભારે પરાજયનો સામનો કરવો પડ્યો હતો, જેથી અફઘાનિસ્તાન સામેની આ હોમ સીરિઝ ભારતીય ટીમ માટે કમબેક કરવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ સાબિત થશે. આગામી શ્રેણી પૂર્વે ભારતીય ટીમનું તાજેતરનું પ્રદર્શન ચિંતાજનક રહ્યું છે. ટીમ ઈન્ડિયા વિદેશી ધરતી પર એક પણ વ્હાઈટ-બોલ મુકાબલો જીતવામાં સફળ રહી નહોતી:

આયરલેન્ડ પ્રવાસ: આયરલેન્ડ સામે રમાયેલી 2 મેચોની T20 શ્રેણીમાં યજમાન ટીમે ભારતને 2-0થી ક્લીન સ્વીપ કરીને મોટો આંચકો આપ્યો હતો.


ઈંગ્લેન્ડ પ્રવાસ: ત્યારબાદ ઈંગ્લેન્ડ સામે રમાયેલી 5 મેચોની T20 શ્રેણીમાં પણ ભારતીય ટીમનું પ્રદર્શન કથળેલું રહ્યું હતું અને ઈંગ્લેન્ડે ભારતને 4-0થી સજ્જડ શિકસ્ત આપી હતી. આ સતત પરાજયના દબાણ બાદ, ભારતીય પસંદગીકારો અફઘાનિસ્તાન સામેની શ્રેણીમાં ટીમમાં મોટા ફેરફારો કરીને યુવા અને ફોર્મમાં રહેલા ખેલાડીઓને તક આપી શકે છે.

### કૈફે કહ્યું- વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જ ખોટો

## પેપર લીક પર નારાજગી વ્યાજબી: સચિન ગિલે વિરોધ પ્રદર્શનને સમર્થન આપ્યું

નવી દિલ્હી

પેપર લીક અને દેશભરમાં થઈ રહેલા વિદ્યાર્થી આંદોલન પર ઘણા ખેલાડીઓએ પ્રતિક્રિયા આપી છે. સચિન તેંડુલકર, શુભમન ગિલ, ઈરફાન પઠાણ, મોહમ્મદ કૈફ, શિખર ધવન અને અભિનવ બિન્દ્રાએ શિક્ષણમાં મેરિટ, ઈમાનદારી અને વિદ્યાર્થીઓના ભવિષ્ય પર ભાર મૂક્યો. સચિને વિદ્યાર્થીઓની નારાજગીને વ્યાજબી ગણાવી છે. ભારતીય કેપ્ટન ગિલે કહ્યું કે આપણે વિદ્યાર્થીઓના હિતને ધ્યાનમાં રાખીને આગળ વધવું જોઈએ. જ્યારે કૈફે કહ્યું છે કે વિદ્યાર્થીઓ



પર લાઠીચાર્જ ન થવો જોઈએ. સચિને કહ્યું- મહેનતનું સન્માન થાય, મેરિટ જીતે સચિન તેંડુલકરે કહ્યું કે તેમના પિતાએ બાળપણમાં શીખવ્યું હતું, 'નિષ્ફળ થવું ઠીક છે, પણ છેતરપિંડી નહીં.' તેમણે કહ્યું કે 'જો વિદ્યાર્થીઓને લાગે કે તેમની મહેનતનું ફળ નથી મળ્યું, તો તેમનું નિરાશ થવું સ્વાભાવિક છે. સમાજે એવી વ્યવસ્થા બનાવવી જોઈએ, જ્યાં મહેનતનું સન્માન થાય, ઈમાનદારીને પ્રોત્સાહન મળે અને મેરિટની જીત થાય.' પૂર્વ બેટર મોહમ્મદ કૈફે પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર લાઠીચાર્જને લઈને ચિંતા વ્યક્ત કરી. તેમણે કહ્યું કે શિક્ષણ વ્યવસ્થાની ખામીઓ વિરુદ્ધ અવાજ ઉઠાવી રહેલા વિદ્યાર્થીઓને રસ્તાઓ પર માર મારવો દુઃખદ છે. તેમણે જલ્દી સમાધાન શોધવાની અપીલ કરી. ઈરફાન પઠાણે કહ્યું કે દરેક વિદ્યાર્થી અને તેનો પરિવાર સારા ભવિષ્ય માટે વર્ષો સુધી મહેનત કરે છે.

# ઓસ્ટ્રેલિયા-ઈંગ્લેન્ડ ટેસ્ટ મેચ ભારતમાં યોજવા પર વિચારણા

## ઓસ્ટ્રેલિયાના CEOએ કહ્યું- ભારત મોટું બજાર છે, સંભાવનાઓ માટે દરવાજા ખુલ્લા

મુંબઈ

ક્રિકેટ ઓસ્ટ્રેલિયા (CA)ના CEO ટોડ ગ્રીનબર્ગે કહ્યું છે કે ભવિષ્યમાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે ભારતમાં ટેસ્ટ મેચ કરાવવા પર વિચાર કરી શકાય છે. તેમણે કહ્યું કે ભારતીય બજારમાં ક્રિકેટ માટે મોટી તકો છે, જોકે હાલમાં આવી કોઈ યોજના નથી. ભારતમાં નવા ક્રિકેટ કન્ટેન્ટની સંભાવના BBCના 'સ્ટમ્પ્ડ' પોડકાસ્ટમાં ગ્રીનબર્ગે કહ્યું, 'આપણે બધા વિકલ્પો પર વિચાર કરવો જોઈએ. ECB અને BCCI બંને સાથે અમારા સારા સંબંધો છે. ભારતમાં ક્રિકેટનું નવું કન્ટેન્ટ લઈ જવાની તકો છે. હાલમાં આવી કોઈ યોજના નથી, પરંતુ ભવિષ્યમાં તેના પર વિચાર કરી શકાય છે.'



તેમણે કહ્યું કે ઓસ્ટ્રેલિયા, ઈંગ્લેન્ડ અને ભારત વચ્ચે ટેસ્ટ ક્રિકેટ મજબૂત સ્થિતિમાં છે અને તેને આગળ વધારવું જરૂરી છે. જોકે, ઈન્ટરનેશનલ ક્રિકેટનું વ્યસ્ત કેલેન્ડર સૌથી મોટો પડકાર બની રહ્યું છે. ગ્રીનબર્ગે કહ્યું, 'વર્ષમાં ફક્ત 365 દિવસ હોય છે. જેટલું ક્રિકેટ અને કન્ટેન્ટ અમે આપવા માંગીએ છીએ, તેના માટે કદાચ એક-બે મહિના વધુ જોઈએ.' ક્રિકેટ ઓસ્ટ્રેલિયા આ વર્ષે ડિસેમ્બરમાં પહેલીવાર બિગ બેશ લીગ (BBL) ની ઓપનિંગ મેચ ભારતમાં કરાવશે.

ચેન્નઈના એમએ ચિદમ્બરમ સ્ટેડિયમમાં મેલબોર્ન રેનેગેડ્સ અને પર્થ સ્કોર્ચર્સ વચ્ચે મુકાબલો રમાશે. આ જ રીતે ભવિષ્યમાં ભારતમાં ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે પ્રદર્શન ટેસ્ટ કરાવવાની સંભાવના પણ જોવાઈ રહી છે. ભારત સામેની સિરીઝમાંથી ECBને સૌથી વધુ કમાણી ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ECB)ના તાજેતરના નાણાકીય અહેવાલ મુજબ, ભારત સામેની સિરીઝ બોર્ડ માટે સૌથી વધુ કમાણી કરનારી સિરીઝમાંની એક છે. અહેવાલમાં જણાવાયું છે કે ECBની આવક મોટાભાગે ભારત જેવી મોટી બ્રોડકાસ્ટ સિરીઝ પર નિર્ભર કરે છે. અહેવાલ મુજબ, 2027માં મેન્સ અને વુમન્સ એશિઝની યજમાની કરવા છતાં બોર્ડને નુકસાન થવાની આશંકા છે. 2027માં MCG પર વિશેષ ટેસ્ટ યોજાશે ઓસ્ટ્રેલિયા અને ઈંગ્લેન્ડ વચ્ચે આગામી એશિઝ સિરીઝ 2027માં ઈંગ્લેન્ડમાં રમાશે. તે પહેલા માર્ચ 2027માં મેલબોર્ન ક્રિકેટ ગ્રાઉન્ડ (MCG) પર બંને ટીમના પ્રથમ ટેસ્ટની 150મી વર્ષગાંઠ પર ડે-નાઈટ (પિંક બોલ) ટેસ્ટ રમાશે. આ મેચ એશિઝ સિરીઝનો ભાગ નહીં હોય.



## પ્રથમ ક્વાર્ટરમાં નફો 12.2% વધીને ₹7,769 કરોડ થયો

# આશિષ કુમાર દશ બનશે ઈન્ફોસિસના નવા CEO


મુંબઈ

દેશની બીજી સૌથી મોટી IT સર્વિસિસ કંપની ઈન્ફોસિસે આશિષ કુમાર દશને તેના નવા CEO તરીકે નિયુક્ત કર્યા છે. 23 જુલાઈ 2026ના રોજ પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામો સાથે કંપનીએ આ નેતૃત્વ પરિવર્તનની જાહેરાત કરી. તેઓ વર્તમાન CEO અને MD સલિલ પારેખનું સ્થાન લેશે.

તેઓ 1 એપ્રિલ 2027થી ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર અને મેનેજિંગ ડિરેક્ટર તરીકેનો કાર્યભાર સંભાળશે. તેમનો કાર્યકાળ 5 વર્ષનો રહેશે, જે 31 માર્ચ 2032 સુધી ચાલશે.

કંપનીનો નફો 12.2% વધીને 7,769 કરોડ રૂપિયા રહ્યો

જૂન ક્વાર્ટરમાં કંપનીનો




કન્સોલિડેટેડ નેટ પ્રોફિટ વાર્ષિક ધોરણે 12.2% વધીને 7,769 કરોડ રૂપિયા રહ્યો, જે અગાઉના નાણાકીય વર્ષના સમાન ક્વાર્ટરમાં 6,921 કરોડ રૂપિયા હતો. અગાઉના ક્વાર્ટરના 8,501 કરોડ રૂપિયાની સરખામણીમાં કંપનીના નેટ પ્રોફિટમાં 8.6%નો ઘટાડો થયો છે. ઈન્ફોસિસની આવક વાર્ષિક ધોરણે 14% વધીને 48,211 કરોડ રૂપિયા થઈ ગઈ છે. એક વર્ષ પહેલાંના સમાન સમયગાળામાં કંપનીએ 42,279 કરોડ રૂપિયાની આવક મેળવી હતી.

ત્રિમાસિક ધોરણે (QoQ) જોઈએ તો કંપનીની આવકમાં 4% નો વધારો નોંધાયો છે. ગયા નાણાકીય વર્ષના ચોથા ત્રિમાસિક ગાળામાં (માર્ચ ત્રિમાસિક) કંપનીની આવક 46,402 કરોડ રૂપિયા રહી હતી. સલિલ પારેખ બોલ્યા- 8 વર્ષમાં કંપનીની કમાણી બમણી થઈ પોતાનું પદ છોડી રહેલા MD અને CEO સલિલ પારેખે કહ્યું કે છેલ્લા આઠ વર્ષમાં ઈન્ફોસિસનું નેતૃત્વ કરવું તેમના માટે ખૂબ જ સન્માનની વાત રહી છે.

### ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા કેશ સેગમેન્ટ સ્ટોક્સ પર ક્લોઝિંગ ઓક્શન સેશન લાગુ થશે

## આગામી 3 ઓગસ્ટથી શેરબજારની ક્લોઝિંગ સિસ્ટમ બદલાઈ જશે

મુંબઈ

નવી ક્લોઝિંગ ઓક્શન સિસ્ટમ લાગુ થવામાં લગભગ ૧૦ દિવસ બાકી છે. એક્સચેન્જો આ ફેરફાર માટે તૈયારી કરી રહ્યા છે. આ માટે, તેઓએ ગયા સપ્તાહના અંતે મોક ટ્રેડિંગ (વર્ચ્યુઅલ મની સાથે વર્ચ્યુઅલ ટ્રેડિંગ) હાથ ધર્યું હતું. આગામી અઠવાડિયામાં આવા વધુ ટ્રેડિંગનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં બ્રોકર્સ પરીક્ષણ માટે ભાગ લેશે. ક્લોઝિંગ ભાવને વધુ પારદર્શક બનાવવા માટે, નવી સિસ્ટમ ૩ ઓગસ્ટથી લાગુ કરવામાં આવી રહી છે. ક્લોઝિંગ ઓક્શન સેશન ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા કેશ સેગમેન્ટ સ્ટોક્સ પર લાગુ થશે. આવા સ્ટોક્સની ક્લોઝિંગ




કિંમત ક્લોઝિંગ ઓક્શન સેશનના આધારે નક્કી કરવામાં આવશે. હાલમાં, ડેરિવેટિવ કોન્ટ્રેક્ટ ધરાવતા આશરે ૨૧૦ સ્ટોક્સ ઉપલબ્ધ છે. આ અન્ય સિક્યોરિટીઝ માટે તબક્કાવાર રીતે લાગુ કરી શકાય છે. રોકડ સેગમેન્ટમાં બાકી રહેલી સિક્યોરિટીઝ માટે બંધ ભાવ રોકડ સેગમેન્ટમાં સતત ટ્રેડિંગ સત્રના છેલ્લા ૩૦ મિનિટમાં પૂર્ણ થયેલા ટ્રેડ્સના વોલ્યુમ-વેઈટેડ એવરેજ પ્રાઈસના આધારે નક્કી કરવામાં આવશે. બ્રોકરેજ ઉદ્યોગના સુત્રોએ જણાવ્યું હતું કે રિટેલ રોકાણકારો શરૂઆતમાં થોડી મૂંઝવણ અનુભવી શકે છે કારણ કે કેટલાક શેર અન્ય કરતા વહેલા બંધ થશે, પરંતુ જેમ જેમ રોકાણકારોને તેની આદત પાડશે, તેમ તેમ વસ્તુઓ સ્પષ્ટ થશે. બજાર નિયમનકાર ભંડોળ માટેના મુદ્દાને ઉકેલવા માટે કામ કરી રહ્યું છે, જેના માટે બંધ ભાવ વધુ અધિકૃત છે. શરૂઆતના દિવસોમાં સિસ્ટમ થોડી બોજારૂપ લાગી શકે છે અને રિટેલ રોકાણકારો ઓર્ડર મેચિંગ અંગે થોડી મૂંઝવણ અનુભવી શકે છે.

### હાલમાં ખાંડના ભાવમાં જોવાયેલા નોંધપાત્ર ઉછાળાની સરકાર દ્વારા લેવાયેલી નોંધ

# તહેવારો સમયે સંગ્રહખોરી ડામવા ખાંડમાં સ્ટોક લિમિટ લાવવા વિચારણા

**ખાંડના ભાવમાં તાજેતરમાં આવેલા ઉછાળા પાછળ કોઈ સજ્જડ કારણ નહીં હોવાનું અને દેશમાં જરૂરિયાતને પૂરી કરી શકાય તેટલો ખાંડનો પૂરતો સ્ટોકસ છે, એમ ખાંડ ઉદ્યોગ દ્વારા તાજેતરમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી**

મુંબઈ

દેશમાં ખાંડના ભાવમાં તાજેતરમાં આવેલા ઉછાળાને ધ્યાનમાં રાખી આગામી તહેવારો દરમિયાન ખાંડની સંગ્રહખોરી અટકાવવાના ભાગરૂપ સ્ટોક લિમિટ દાખલ કરવા સરકાર વિચારી રહી હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું. ખાંડના ભાવ છેલ્લા એક મહિનામાં ક્વિન્ટલ દીઠ રૂપિયા ૩૦૦ જેટલા વધી હાલમાં રૂપિયા ૪૫૦૦ આસપાસ બોલાઈ રહ્યા છે. દેશના મુંબઈ, દિલ્હી જેવા મોટા શહેરોમાં ખાંડના રિટેલ ભાવ પ્રતિ કિલો રૂપિયા ૪૫થી ૫૦ પહોંચી ગયા છે. જો કે ખાંડના ભાવમાં તાજેતરમાં આવેલા ઉછાળા પાછળ કોઈ સજ્જડ કારણ નહીં હોવાનું અને દેશમાં જરૂરિયાતને પૂરી કરી શકાય તેટલો ખાંડનો પૂરતો સ્ટોકસ છે, એમ ખાંડ ઉદ્યોગ દ્વારા તાજેતરમાં સ્પષ્ટતા કરવામાં આવી હતી. ઈન્ડિયન સુગર એન્ડ બાયો-એનર્જિ મેન્યુફેક્ચરર્સ એસોસિએશન (ઈસ્મા) તથા નેશનલ ફેડરેશન ઓફ કોઓપરેટિવ સુગર ફેક્ટરીસ લિ. દ્વારા સંયુક્ત રીતે જારી કરાયેલા



નિવેદનમાં જણાવાયું હતું કે, કેન્દ્ર સાથેની ચર્ચા વિચારણામાં દેશમાં ખાંડનો પૂરવઠો સાનુકૂળ સ્થિતિમાં હોવાની ખાતરી થઈ હતી. ઘરઆંગણેની માગને પહોંચી વળવા પૂરતો સ્ટોકસ ઉપલબ્ધ છે. નબળા ચોમાસાને કારણે ઓક્ટોબરથી શરૂ થતી ખાંડ મોસમના ઉત્પાદન પર અસર પડવાની ધારણાંએ ખાંડના ભાવમાં હાલમાં ઉછાળો જોવાયો છે. જૂનમાં વરસાદની ૩૭ ટકા જેટલી ખાધ રહી હતી અને શેરડીના બે મોટા ઉત્પાદક રાજ્યો મહારાષ્ટ્ર તથા ઉત્તર પ્રદેશમાં પણ વરસાદ ઓછો રહ્યો છે. જુલાઈમાં ચોમાસુ સક્રિય થયું છે તેમછતાં હજુપણ ખાધ જોવાઈ રહી છે. ટ્રેડરો દ્વારા ગભરાટભરી ખરીદીની સ્થિતિમાં તહેવારો ટાણે ખાંડની અછત સર્જાવાનો પણ ભય રહેલો છે. દેશમાં ખાંડના ભાવમાં તાજેતરમાં આવેલા ઉછાળાને ધ્યાનમાં રાખી આગામી તહેવારો દરમિયાન ખાંડની સંગ્રહખોરી અટકાવવાના ભાગરૂપ સ્ટોક લિમિટ દાખલ કરવા સરકાર વિચારી રહી હોવાનું બજારના સુત્રોએ જણાવ્યું હતું. ખાંડના ભાવ છેલ્લા એક મહિનામાં ક્વિન્ટલ દીઠ રૂપિયા ૩૦૦ જેટલા વધી હાલમાં રૂપિયા ૪૫૦૦ આસપાસ બોલાઈ રહ્યા છે. દેશના મુંબઈ, દિલ્હી જેવા મોટા શહેરોમાં ખાંડના રિટેલ ભાવ પ્રતિ કિલો રૂપિયા ૪૫થી ૫૦ પહોંચી ગયા છે. જો કે ખાંડના ભાવમાં તાજેતરમાં આવેલા ઉછાળા પાછળ કોઈ સજ્જડ કારણ નહીં હોવાનું અને દેશમાં જરૂરિયાતને પૂરી કરી શકાય તેટલો ખાંડનો પૂરતો સ્ટોકસ છે.

# ચાંદીની આયાતમાં નોંધાયેલો ધરખમ ઘટાડો

- **વાર્ષિક આંકના એક ટકા કરતા પણ ઓછી સત્તાવાર આયાત થયાનો દાવો, નવી લાયસન્સિંગ પદ્ધતિને પરિણામે જૂનમાં જોવા મળેલી અસર**

મુંબઈ

નવી લાયસન્સિંગ પદ્ધતિને પરિણામે જૂનમાં ભારતની ચાંદીની આયાતમાં ધરખમ ઘટાડો જોવા મળ્યો છે. વર્તમાન વર્ષના જાન્યુઆરીમાં ૭૪૭ ટનની સરખામણીએ જૂનની આયાત જોરદાર ઘટી માત્ર ૨૯ ટન રહ્યાનું એક રિસર્ચ પેઢીએ અનુમાન મૂક્યું છે. મોટાભાગની બેન્કોએ ચાંદીની આયાત માટે આવશ્યક લાયસન્સ મેળવવાના હજુ બાકી છે. વિશ્વમાં ભારત ચાંદીનો મોટો વપરાશકાર દેશ છે અને દેશમાં ચાંદીના વાસણો, જ્વેલરી, ઓદ્યોગિક ઉપયોગ તથા ગિફ આઈટેમ્સ બનાવવામાં ચાંદીનો મોટેપાયે વપરાશ થાય છે. ૨૦૨૫માં દેશની ચાંદીની આયાત અંદાજે ૭૧૬૦ ટન રહી હતી. ઘરઆંગણે સામાન્ય ઉત્પાદન થતું હોવાથી ચાંદી માટે મોટેભાગે આયાત પર નિર્ભર રહેવું પડે છે. આ આયાત કરવા બેન્કો તથા રજિસ્ટર્ડ એજન્સીઓ મારફત થાય છે.

રૂપિયા પર તાજેતરમાં આવી ગયેલા દબાણને ધ્યાનમાં રાખી સરકારે ફોરેક્સ રિઝર્વની જાળવણી કરવા લાયસન્સ નીતિ સખત બનાવી ચાંદીની આયાતમાં ઘટાડો કરવાના પગલાં હાથ ધર્યા છે.

જૂનની આયાત ગયા સંપૂર્ણ વર્ષની આયાતના એક ટકા કરતા પણ નોંધપાત્ર ઓછી છે. આયાતમાં ઘટાડાને કારણે ચાંદીના બેન્ચમાર્ક ભાવ પર દેશની બજારોમાં પ્રીમિયમ બોલાઈ રહ્યા છે.

# અમદાવાદમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત : બોપલમાં આર્મીએ બોટ ઉતારી, બાવળામાં 900 નું રેસ્ક્યૂ

## એક જ વરસાદમાં 'સ્માર્ટ સિટી' અમદાવાદ સ્વિમિંગ પૂલ: 850 કરોડ પાણીમાં ગરકાવ, કોર્પોરેટરો માલામાલ અને પ્રજા હાલબેહાલ!



**અમદાવાદ**

અમદાવાદમાં ભારે વરસાદથી જનજીવન અસ્તવ્યસ્ત થયું છે. સ્ટેડિયમ પાસે ભૂવામાં 4 વાહનો ફસાયા, સદનસીબે જાનહાનિ ટળી. એરપોર્ટ ટર્મિનલ અને સમરસ ગર્લ્સ હોસ્ટેલમાં પાણી ભરાતા મુસાફરો-વિધાર્થિની મુશ્કેલીમાં મુકાયા. મકરબામાં 1000થી વધુ ઘરોમાં ગટરના પાણી ઘૂસતા રહીશોને શાળામાં આશરો લેવો પડ્યો. વિકાસના દાવાઓ વચ્ચે પ્રજા ત્રાહિમામ પોકારી રહી છે. અમદાવાદમાં અનરાધાર વરસાદથી શહેર જળમગ્ન બન્યું છે. અનેક વિસ્તારોમાં પાણી ભરાતા રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. અમુક સ્થળે ભૂવા પડ્યા હોવાના દ્રશ્યો સામે આવ્યા છે. અમદાવાદના સ્ટેડિયમ પાસે કોટેશ્વર મહાદેવ નજીક ભૂવા પડતા 4 વાહનો ફસાયા હતા. ફાયર વિભાગને ઘટનાની જાણ થતા વાહનો બહાર કાઢવાની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. સદનસીબે આ ઘટનામાં કોઈ જાનહાનિ થયાના સમાચાર નથી. અમદાવાદમાં પડેલા ધોધમાર વરસાદે પગલે સરદાર વલ્લભભાઈ પટેલ એરપોર્ટના ટર્મિનલમાં પણ પાણી ઘૂસી ગયા છે.

ડોમેસ્ટિક એરપોર્ટ ખાતે પાણી ભરાયાના દ્રશ્યો સામે આવ્યા છે. અહીં ટર્મિનલ 1ના ચેક ઈન એરિયામાં અનેક જગ્યાએ છતમાંથી પાણી ટપકી રહ્યા છે, જેથી નીચે પ્લાસ્ટિક ટબ મૂકવા પડ્યા છે. જો કે, ડોમેસ્ટિક એરપોર્ટના ટર્મિનલની બહાર ઘૂંટણસમા પાણી ભરાતા મુસાફરોએ ભારે હાલાકીનો સામનો કરવો પડ્યો હતો. મુસાફરોએ રોષ વ્યક્ત કરતા કહ્યું હતું કે, 'કરોડોના ખર્ચે રિ-ડેવલપ કરેલા ડોમેસ્ટિક એરપોર્ટના ટર્મિનલની બહાર હવે પાણી ભરાય છે.

### 850 કરોડનો મોટો ખર્ચ: આખરે આ નાણાં ક્યાં ગયા?

મહાનગરપાલિકા દ્વારા પાણીના નિકાલ અને સ્માર્ટ ડ્રેનેજ સિસ્ટમ માટે ૮૫૦ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ કાગળ પર બતાવવામાં આવ્યો છે. તો પછી પ્રશ્ન એ થાય છે કે: જો ૮૫૦ કરોડ રૂપિયા ખરેખર પાણીના નિકાલ માટે વપરાયા હોય, તો થોડા જ કલાકના વરસાદમાં શહેર કેમ ડૂબી ગયું? શું આ કરોડો રૂપિયા પ્રજાના પાણીના નિકાલ માટે વપરાયા કે સત્તાધીશો અને કોન્ટ્રાક્ટરોના ખિસ્સા ભરવામાં ગરકાવ થઈ ગયા?

### 12થી 18 હજારનો પગાર અને કરોડોની સંપત્તિ: આ ચમત્કાર કેમ?

સૌથી મોટો અને ગંભીર સવાલ એ છે કે ચૂંટાઈને આવતા કોર્પોરેટરોની આર્થિક સ્થિતિમાં ૫ વર્ષમાં આવો કલ્પના બહારનો ઉછાળો કેવી રીતે આવે છે? ગણિત સમજવા જેવું છે: જેને કોર્પોરેટર બનતા પહેલા મહિને ૧૨ થી ૧૮ હજાર રૂપિયાનો માનદ વેતન/પગાર મળતો હોય, તે વ્યક્તિ સત્તા પર આવ્યાના માંડ ૫ વર્ષમાં કરોડો રૂપિયાની આસામી કેવી રીતે બની જાય છે? એમની પાસે મોંઘી ગાડીઓ, આલીશાન બંગલા અને બેનામી મિલકતો ક્યાંથી આવે છે? શું આ નેતાઓ ૫ વર્ષ માટે લોકોની સેવા કરવા આવ્યા છે કે પોતાની પેઢીઓ સુધારી લેવા માટે કરોડો રૂપિયાની કમાણી કરવા આવ્યા છે? લોકસેવાનો નકાબ પહેરીને ફરતા આ ચહેરાઓ ખરેખર 'દેશભક્તિ'ના નામે માત્ર ને માત્ર 'પૈસાની ભક્તિ' કરી રહ્યા છે.

### 'દેશભક્તિ'ની આડમાં પ્રજાની લૂંટ બંધ કરો!

જ્યારે પણ પ્રજા પોતાના હક અને સુવિધાઓ માટે સવાલ પૂછે છે, ત્યારે મોટા મોટા ભાષણો અને દેશભક્તિના નારા આપીને મુદ્દાને ભટકાવી દેવામાં આવે છે. પરંતુ હવે જનતા મૂર્ખ નથી. દેશભક્તિનો અર્થ પ્રજાના નાણાંની લૂંટ ચલાવવી કે રસ્તાઓને સ્વિમિંગ પૂલ બનાવી દેવા નથી થતો. જો એક જ વરસાદમાં અમદાવાદ જેવા મેગા સિટીની આ દશા થતી હોય, તો શાસકોએ કાન પકડીને જનતાની માફી માંગવી જોઈએ. જૂનાગઢ હોય કે અમદાવાદ, સમગ્ર ગુજરાતની મનપામાં એક જ પેટર્ન ચાલી રહી છે– અધિકારીઓ અને નેતાઓની સાઠગાંઠ, કરોડોના કૌભાંડો અને અંતે હેરાન થતી નિર્દોષ જનતા. હવે સમય આવી ગયો છે કે અમદાવાદની જનતા પણ આ ભ્રષ્ટ સિસ્ટમ સામે અવાજ ઉઠાવે અને પોતાના હકના નાણાંનો હિસાબ માંગે.

## અહંકારનો અંત નિશ્ચિત છે: AMCના પાપે અમદાવાદ 'જળમગ્ન', સત્તાધીશોની બેદરકારીની સજા આખું શહેર ભોગવે છે!

"અહંકારનો અંત નિશ્ચિત છે." મદ્ ભગવદ્ ગીતા પણ આપણને એ જ શીખવે છે કે અહંકાર માણસના પતનનું સૌથી મોટું કારણ બને છે. સત્તા હોય કે જવાબદારી, જ્યારે અહંકાર અને મિથ્યાભિમાન ફરજ પર ભારે પડી જાય, ત્યારે એની ભારે કિંમત અને સજા કોઈ એક વ્યક્તિએ નહીં પણ આખા શહેરના નિર્દોષ નાગરિકોએ ભોગવવી પડે છે. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન (AMC)ના કિસ્સામાં પણ આજે આ જ સત્ય સાબિત થઈ રહ્યું છે.

મેઘરાજાએ માંડ થોડોક વરસાદ વરસાવ્યો, ત્યાં જ અમદાવાદીઓને અરીસો દેખાઈ ગયો.

સ્માર્ટ સિટીના બોર્ડ મારતા સત્તાધીશોના તમામ દાવાઓ ક્ષણભરમાં ધોવાઈ ગયા. શહેરના મુખ્ય માર્ગો હોય કે સોસાયટીના નાકા–ચારેય તરફ ઘૂંટણસમા પાણી ભરાઈ જતાં રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા છે.

પરંતુ અહીં પ્રશ્ન માત્ર કુદરતી વરસાદનો નથી, પ્રશ્ન એ જવાબદારીનો છે જેને AMCના શાસકો અને અધિકારીઓ ભૂલી બેઠા છે.

પ્રિ-મોન્સૂન કામગીરીના નામે કરોડો રૂપિયાના અંધાધૂંધ ખર્ચા બતાવાયા, પરંતુ વાસ્તવિકતામાં ગટરો ઉભરાઈ રહી છે અને ટ્રાફિક જામમાં સામાન્ય નાગરિકો કલાકો સુધી પીસાઈ રહ્યા છે.

## CM ભુપેન્દ્ર પટેલ જાતે પાણીમાં ઉતરીને નિરીક્ષણ કરવા પહોંચ્યા!

### પરિસ્થિતિની ગંભીરતા જોઈ સ્થાનિકો વચ્ચે પહોંચ્યા મુખ્યમંત્રી, અસરગ્રસ્તો સાથે સંવાદ સાધી ત્વરિત રાહત-બચાવ કામગીરી માટે અધિકારીઓને આપ્યા કડક આદેશ!



**અમદાવાદ**

મેઘરાજાએ સમગ્ર રાજ્ય સહિત અમદાવાદ શહેરમાં પણ તોફાની બેટિંગ કરી છે. સતત વરસી રહેલા ભારે વરસાદને કારણે અમદાવાદનો બોપલ વિસ્તાર જળમગ્ન બન્યો છે અને ચારેય તરફ જળબંબાકારની સ્થિતિ સર્જાઈ છે. સોસાયટીઓ અને મુખ્ય રસ્તાઓ પાણીમાં ગરકાવ થઈ જતાં સ્થાનિક રહીશો મુશ્કેલીમાં મુકાયા છે. આવી વિકટ અને ગંભીર સ્થિતિની ગંભીરતા સમજીને રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ પોતે ગ્રાઉન્ડ ઝીરો પર ઉતરી આવ્યા હતા. મુખ્યમંત્રીએ કોઈપણ જાતની પરવા કર્યા વિના જાતે ઘૂંટણસમા પાણીમાં ઉતરીને બોપલ વિસ્તારની પરિસ્થિતિનું તીક્ષ્ણ નિરીક્ષણ કર્યું હતું. પાણીમાં અટવાયેલા અને હાલાકી ભોગવી રહેલા નાગરિકો વચ્ચે પહોંચીને મુખ્યમંત્રીએ તેમની સમસ્યાઓ સાંભળી હતી અને તેમને સરકાર તરફથી પૂરેપૂરી મદદની ખાતરી આપી હતી. મુખ્યમંત્રીએ સ્થાનિક અધિકારીઓ સાથે પાણીના નિકાલની વ્યવસ્થા અને રાહત કાર્યો અંગે સ્થળ પર જ વિગતવાર ચર્ચા કરી હતી. માનવબળ અને સાધનોની તાત્કાલિક ફાળવણી: પૂર અને પાણી ભરાવાની સમસ્યામાંથી લોકોને ઝડપથી ઉગારવા માટે જરૂરી વધારાનું માનવબળ, પમ્પિંગ મશીનરી અને બચાવ સાધનો તાત્કાલિક ધોરણે ઉપલબ્ધ કરાવવા અધિકારીઓને સૂચનાઓ આપી હતી. અસરગ્રસ્ત વિસ્તારોમાંથી પાણીનો ઝડપી નિકાલ થાય અને જરૂરિયાતમંદો સુધી પ્રાથમિક સુવિધાઓ પહોંચે તે માટે તંત્રને એક્શન મોડમાં કામ કરવા કડક તાકીદ કરવામાં આવી છે.

## ટ્રાફિક પોલીસની પહેલ: એક કલાકમાં 25થી વધુ નંબર પ્લેટ મેળવી વાહન માલિકને પરત આપી

**અમદાવાદ**




શહેરમાં ભારે વરસાદના કારણે અનેક જગ્યાએ ભારે પાણી ભરાય છે.ભારે વરસાદના કારણે અનેક વાહનો ટ્રાફીકમાં ફસાયા હતા અને બંધ થઈ ગયા હતા. આજે વરસાદ ઓછો થતા ટ્રાફિક પોલીસ દ્વારા એક પહેલ શરૂ કરવામાં આવી છે.ટ્રાફિક પોલીસે વરસાદમાં રસ્તામાં પડેલી વાહનની નંબર પ્લેટ મળે તો તે જમા કરવાનું શરૂ કર્યું છે.નંબર પ્લેટ મેળવી પોલીસ દ્વારા નંબરના આધારે વાહન માલિકનો સંપર્ક કરી પરત આપવામાં આવી રહી છે. બી ડિવિઝન ટ્રાફિક પોલીસ સ્ટેશનના પીઆઈ આર.એસ પટેલે જણાવ્યું કે વરસાદના પાણીના કારણે જે લોકોની નંબર પ્લેટ પડી ગઈ હોય તે નંબર પ્લેટ કોઈને મળે તો નજીકના ચોકી કે પોલીસ સ્ટેશન પહોંચાડવા અપીલ કરી હતી.જેમાં શરૂઆતના એક કલાકમાં જ 20થી 25 જેટલી નંબર પ્લેટ મળી આવી હતી.અમારી ટીમે તમામ નંબર પ્લેટ એકઠી કરી નંબરના આધારે વાહન માલિકનો સંપર્ક કરવાનું શરૂ કર્યું છે. વાહન માલિકનો સંપર્ક કરી નંબર પ્લેટ વહન માલિકને આપવામાં આવી રહી છે.સાંજ સુધી તમામ નંબર પ્લેટ પરત આપી દેવામાં આવશે. વાહનની નંબર પ્લેટ ખોવાઈ જાય અને નવી નંબર પ્લેટ RTO ની પ્રક્રિયા કરીને મેળવવાની થાય તો તે લાંબી પ્રક્રિયા છે જેમાં સમય લાગે છે જેથી પોલીસની આ પહેલ લોકોને મદદરૂપ થશે.

**ખાખીનો માનવતાવાદી અને પ્રેરણાદાયી ચહેરો!**

## અમદાવાદના આંબાવાડીમાં રસ્તો ઘસી પડ્યો ને સિગ્નલ ખાડામાં ગયું

**અમદાવાદ**

અમદાવાદ શહેરના પોશ વિસ્તાર ગણાતા આંબાવાડીના સહજાનંદ ચાર રસ્તા પાસે સામે આવેલી ઘટનાએ સ્માર્ટ સિટી અમદાવાદ અને શાસકોના મોટા-મોટા દાવાઓના ધજાગરા ઉડાડી દીધા છે. એક જ ભારે વરસાદમાં સહજાનંદ ચાર રસ્તા નજીકનો આખો રસ્તો ધસી પડ્યો હતો અને ટ્રાફિક સિગ્નલ પણ ઊંડા ખાડામાં ખાબક્યું હતું. રસ્તા પર પડેલા આ ભયાનક ભૂવા અને ખાડામાં ગરકાવ થયેલા સિગ્નલના દ્રશ્યો જોઈને દરેક નાગરિકના મોંમાંથી એક જ શબ્દ સરી પડે છે કે– 'અહીં વિકાસ ગાંડો થયો છે કે ભ્રષ્ટાચાર?' જે વિસ્તારમાંથી રોજના હજારો વાહનચાલકો પસાર થાય છે, ત્યાં અચાનક આખો રોડ બેસી જવો એ કોઈ સામાન્ય બાબત નથી. સ્માર્ટ સિટીના નામે કરોડો રૂપિયાના ટેન્ડરો બહાર પાડવામાં આવે છે, પરંતુ વાસ્તવિકતા એ છે કે પ્રથમ વરસાદમાં જ રોડ-રસ્તાઓ પત્તાના



મહેલની જેમ ધસી પડે છે. આંબાવાડી જેવા ધમધમતા વિસ્તારમાં જો ચાલુ ટ્રાફિકે આખો રસ્તો ધસી પડે અને સિગ્નલ જમીનમાં ગરકાવ થઈ જાય, તો એ બતાવે છે કે નિર્માણ કાર્યમાં કેવા લેવલનો લોટ-પાણી-ને-લાકડા જેવો ભ્રષ્ટાચાર થયો છે. સ્થાનિક રહીશો અને વાહનચાલકોમાં આ ઘટનાને લઈને ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો હવે ખુલ્લેઆમ સવાલો ઉઠાવી રહ્યા છે કે: કરોડો રૂપિયાના ટેન્ડરો અને પ્રજાના ટેક્સના પૈસા આખરે કોના ખિસ્સામાં સરકી રહ્યા છે? શું સત્તાપક્ષ અને કોન્ટ્રાક્ટરોની મિલીભગતથી પ્રજાના જીવ સાથે આમને આમ રમત રમાતી રહેશે? જો આ ભૂવામાં કોઈ બાઈક ચાલક કે રાહદારી ખાબક્યો હોત અને હોનારત સર્જાઈ હોત, તો એની જવાબદારી કોણ લેત? શહેરમાં વિકાસ કાગળ પર અને સત્તાધીશોની તિજોરીઓમાં જ દેખાઈ રહ્યો છે, જ્યારે રસ્તા પર સામાન્ય નાગરિકોને માત્ર જીવનું જોખમ જ મળી રહ્યું છે.

## અમદાવાદ–વિરમગામ રેલવે ટ્રેક પર પાણી ભરાતા અનેક ટ્રેનો રદ, રૂટ બદલાયો, દુરંતોના સમયપત્રકમાં પણ ફેરફાર

**અમદાવાદ**

અમદાવાદ ડિવિઝનના અમદાવાદ-વિરમગામ રેલટ્રેક પર છારોડી અને વીરમગામ સ્ટેશનો વચ્ચે ભારે વરસાદને કારણે થયેલા જળભરાવના પગલે અનેક ટ્રેનોના સંચાલન પર અસર પહોંચી છે. પશ્ચિમ રેલવે દ્વારા કેટલીક ટ્રેનો સંપૂર્ણ રદ કરવામાં આવી છે, કેટલીક ટ્રેનોને આંશિક રીતે રદ કરવામાં આવી છે, જ્યારે કેટલીક ટ્રેનોનો માર્ગ બદલવામાં આવ્યો છે. ઉપરાંત અમદાવાદ-પૂણે દુરંતો એક્સપ્રેસના પ્રસ્થાન સમયમાં પણ ફેરફાર કરવામાં આવ્યો છે. કઈ કઈ ટ્રેન સેવાને અસર : રેલવે દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી મુજબ, 24 જુલાઈ, 2026 ના રોજ ટ્રેન નં. 69186/69185 વિરમગામ-અમદાવાદ-વિરમગામ MEMU તેમજ ટ્રેન નં. 59512/59511 વિરમગામ-મહેસાણા-વિરમગામ પેસેન્જર સંપૂર્ણપણે રદ રહેશે. આ ઉપરાંત, ટ્રેન નં. 19120 વેરાવળ-ગાંધીનગર કેપિટલ ઈન્ટરસિટી એક્સપ્રેસ 24 જુલાઈના રોજ સુરેન્દ્રનગરથી ગાંધીનગર કેપિટલ વચ્ચે આંશિક રીતે રદ રહેશે. જ્યારે ટ્રેન નં. 19119 ગાંધીનગર કેપિટલ-વેરાવળ ઈન્ટરસિટી એક્સપ્રેસ 25 જુલાઈના રોજ ગાંધીનગર કેપિટલથી સુરેન્દ્રનગર વચ્ચે રદ રહેશે. જળભરાવને કારણે ટ્રેન નં. 16335 ગાંધીધામ-નાગરકોઈલ એક્સપ્રેસ, 94802 ધ્રાંગધ્રા-અમદાવાદ નમો ભારત રેપિડ રેલ અને 11463 વેરાવળ-જબલપુર એક્સપ્રેસનું સંચાલન 24 જુલાઈના રોજ વિરમગામ-કટોસણ રોડ-કલોલ-અમદાવાદ માર્ગ પરથી ડાયવર્ટ કરીને કરવામાં આવશે.

## સત્તાધીશોની જુની સ્કીમ: સરખેજ વોર્ડના નગરજનોને દર ચોમાસે બનાવાય છે 'ઉલ્લુ'!

**અમદાવાદ**

અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન અને સરખેજ વોર્ડના સત્તાધીશો દર વર્ષે ચોમાસું આવે તે પહેલાં એક જ જૂની 'સ્કીમ' ચલાવીને પ્રજાને ઉલ્લુ બનાવી રહ્યા હોય તેવું સ્પષ્ટ દેખાઈ રહ્યું છે. જ્યારે પણ સરખેજ વોર્ડના નંદનગર, મકરબા હેડક્વાર્ટર અને આસપાસના વિસ્તારોમાં ચોમાસા દરમિયાન ઘૂંટણસમા પાણી ભરાય, ત્યારે સત્તાધીશો અને અધિકારીઓ એક જ રેકોર્ડ વગાડે છે– 'આગામી વર્ષે પાણી નહીં ભરાય!'

ઉનાળો આવતાં જ મોટા-મોટા નિવેદનોનો વરસાદ શરૂ થઈ જાય છે: 'મોટી ટ્રંક લાઈન મંજૂર કરી દીધી છે... કામગીરી પ્રગતિમાં છે... આટલા કરોડો રૂપિયાનું ફંડ એલોકેટ કરી દેવાયું છે...' પરંતુ જેવો ચોમાસાનો પહેલો વરસાદ પડે અને ઈન્દ્રદેવ અરીસો બતાવે,

**■ આનંદનગર અને મકરબા હેડક્વાર્ટર વિસ્તારમાં દર વર્ષે પાણીના જળબંબાકારની એ જ કહાણી: વાયદાઓ, ફંડ અને લાઈનોના પોકળ દાવાઓ વચ્ચે ઈન્દ્રદેવ ખોલે છે તંત્રની પોલ!**

એટલે તંત્રના તમામ દાવાઓની પોલ ખુલ્લી પડી જાય છે!

દર વર્ષની જેમ આ વર્ષે પણ પાણી ઓસરવાનું તો દૂર રહ્યું, પરંતુ સરખેજ વોર્ડમાં પાણી ભરાવવાના નવા-નવા વિસ્તારોનો ઉમેરો થઈ ગયો છે. તંત્રનો કાગળ પરનો 'માસ્ટર પ્લાન' જમીન પર સાવ ફ્લોપ સાબિત થયો છે. સ્થાનિક રહીશો ટેક્સ ભરી ભરીને થાક્યા છે, પરંતુ બદલામાં તેમને મળે છે માત્ર ગંદુ પાણી, ટ્રાફિક જામ અને ઘરોમાં કે દુકાનોમાં પાણી ઘૂસી જવાની હોનારત.

ઈચ્છાશક્તિ ભલે હોય, પણ વર્ષોથી અડ્ડો જમાવી બેઠેલા અધિકારીઓને ક્યારે હટાવશો?

શાસકો ભલે ગમે તેટલી સારી ઈચ્છાશક્તિ ધરાવતા હોય, પરંતુ વોર્ડમાં વર્ષોથી અડ્ડો જમાવીને બેઠેલા અમુક કઠોર અને બિનકાર્યક્ષમ અધિકારીઓના કારણે કોઈ કામ યોગ્ય રીતે પૂરું થતું નથી. પ્રજા ફરિયાદ કરે ત્યારે નેતાઓ બહાના બતાવે છે કે 'અધિકારીઓ અમારું સાંભળતા નથી.'

પરંતુ સવાલ એ ઊભો થાય છે કે:

જો અધિકારીઓ સાંભળતા ન હોય તો વર્ષોથી એક જ વિસ્તારમાં પડી રહેલા આ અધિકારીઓને હટાવવાની હિંમત કેમ નથી દાખવવામાં આવતી?

## પ્રહલાદનગરથી બોપલ સુધીનો રસ્તો 'રામભરોસે' : પોશ વિસ્તારમાં પણ જળબંબાકાર!

### 'પાક્કો ગુજરાત'ના રિપોર્ટરે ટુ-વ્હીલર પર નીકળીને ઉઘાડી પાડી AMCની પોલ: રસ્તાઓ પર ઘૂંટણસમા પાણી, વાહનો બંધ પડ્યા, પ્રજા પરેશાન!

**અમદાવાદ**



અમદાવાદના સૌથી 'પોશ' ગણાતા વિસ્તારોની અસલી સત્યતા આજે ઉઘાડી પડી ગઈ છે. 'પાક્કો ગુજરાત ન્યૂઝ' ના રિપોર્ટરે પોતે ટુ-વ્હીલર પર સવાર થઈને પ્રહલાદનગરથી લઈને બોપલ સુધીના રસ્તાઓ પર રિયાલિટી ચેક કર્યું ત્યારે ચોંકાવનારા દ્રશ્યો સામે આવ્યા હતા. જેને શહેરનો સૌથી મોંઘો અને હાઈટેક વિસ્તાર ગણવામાં આવે છે, તે આખો રસ્તો આજે તંત્રની નાકામીના કારણે સાવ 'રામભરોસે' જોવા મળ્યો હતો. અમારા રિપોર્ટરે ગ્રાઉન્ડ ઝીરો પરથી બતાવેલા દ્રશ્યો અનુસાર, પ્રહલાદનગરથી બોપલ તરફ જતાં મુખ્ય માર્ગો પર ઘૂંટણસમા પાણી ભરાઈ ગયા છે. રસ્તા પર ગટર અને તળાવના પાણી એક થઈ જતાં ક્યાં ખાડો છે અને ક્યાં રોડ, તે ઓળખવું અશક્ય બની ગયું છે. પાણી ભરાવાના કારણે ડઝનબંધ ટુ-વ્હીલરો વચ્ચે રસ્તે જ બંધ પડી ગયા હતા.

**આપના વિસ્તારની સમસ્યાઓ, ગેરકાયદે પ્રવૃતિઓ, ભ્રષ્ટાચાર અંગેની માહિતી, આપના વિસ્તારના સમાચાર, ફોટા, સામાજિક, ધાર્મિક પ્રવૃતિઓના અહેવાલ માટે સંપર્ક કરો : 9662420070**

Published and Owned by MAKAN PAVANBHAI SHRAVANBHAI and Printed by ILEVAN HASMUKHRAI THAKAR Printed at Jay Graphics & Printers, C/15, Vikram Chambers, Ashram Road, Ahmedabad – 380 009 and published from F/1, FIRST FLOOR, RAJAS APPARTMENT, NEAR OLD RAILWAY CORSSING, MANINAGAR EAST MANINAGAR, AHMEDABAD-380 008. Editor - MAKAN PAVNBHAI SHRAVANBHAI